
# …તાધ્વનિ

…ધ. મશરૂવાળા

23/203
3…



નવજીવન

# ગીતાધ્વનિ

પુન/૨૦૦૭/૧૦૦૦૧/૨૬+૧૨૦/પાકી/૯૨

# ગીતાધ્વનિ

(ભગવદ્ગીતાનો સમશ્લોકી અનુવાદ

**કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા**

ફાર્બસ ગુજરાતી સભા
૩૦૨૩૩૪
૨૩/૧૦/૨૦૨૧
મુંબઈ ૪૦૦ ૦૦૪

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ—૩૮૦ ૦૧૪

દશ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૩૪

નવી સંશોધિત આવૃત્તિ, ૧૯૪૬
પુનર્મુદ્રણ, પ્રત : ૭,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૨
કુલ પ્રત : ૨,૧૦,૦૦૦

આ પુસ્તક નવજીવન ટ્રસ્ટ તરફથી
રાહત દરે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ISBN 81-7229-119-1

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

ગીતાધ્વનિની નવી આવૃત્તિની ઘણા વખતથી માગણી હતી, પણ અનુવાદને ફરીથી તપાસી જવાની મારી ઈચ્છા હોવાથી એનું પુનર્મુદ્રણ મેં રોકી રાખ્યું હતું. બીજી આવૃત્તિમાં તથા આમાં ઘણા ફેરફારો જોવામાં આવશે, એટલે આને પણ એટલે અંશે નવો અનુવાદ જ કહી શકાય.

આ અનુવાદ વખતે શ્રી ડાહ્યાલાલ હરગોવિંદ જાનીનો **ગીતામાધુરી** નામનો અનુવાદ પણ મારી આગળ હતો, તેમાંથી મને કેટલાક સારા શબ્દો અને ચરણો મળ્યાં છે. બંનેનો મળી એક જ અનુવાદ થઈ શકે એ વિચારથી એમની જોડે થોડો પત્રવ્યવહાર પણ થયો હતો અને એમણે સંમતિ પણ આપેલી, પણ પાછળથી જણાયું કે બંનેની અનુવાદની દષ્ટિમાં કાંઈક ફેર છે, તેથી દરેક પોતપોતાની રીતે જ પ્રજા આગળ મૂકે અને પ્રજા પોતાની મેળે જ ચૂંટી લે એ જ વ્યવહાર્ય લાગ્યું. શ્રી જાનીના સદ્ભાવ માટે આભારી છું. એ ઉપરાંત શ્રી વિનોબાના **ગીતાઈ**નો તો છું જ અને છેલ્લાં છેલ્લાં શ્રી હરિભાઉ ઉપાધ્યાયની **હિંદી ગીતા** નો પણ કયાંક લાભ મળ્યો છે, તેનોય આભારી છું. કવિશ્રી નાનાલાલભાઈના ભાષાંતરનો તો સૌથી પ્રથમ

જાણી છું જ. વર્ષો સુધી એમના ભાષાંતરનો ઉપયોગ કર્યા પછી જ મને આ અનુવાદની બુદ્ધિ પેદા થઈ.

અનુવાદમાં મેં જે નિયમો જાળવવા પ્રયત્ન કર્યો છે, તે ટૂંકમાં કહી જાઉં છું.

૧. અનુવાદ મૂળની જગ્યાએ ચાલે એવો થાય. ઈરાદાપૂર્વક વપરાયેલો કોઈ શબ્દ છૂટી ન જાય અથવા એના ભાવસૂચનમાં ઓછુંવત્તું ન થાય. (સંબોધનોને મેં ઈરાદાપૂર્વક વાપરેલાં માન્યાં નથી અને તેથી મોટે ભાગે છોડી દીધાં છે.)

૨. અર્થભેદને અવકાશ હોય અને જુદા જુદા ભાષ્યકારોએ જુદાજુદા અર્થ ઘટાવ્યા હોય ત્યાં બંને અર્થો નીકળી શકે તેવી રચના કરવી. (એમાં મારી પસંદગી મેં પાછળ ટિપ્પણીઓમાં બતાવી છે.)

૩. કવિતામાં જોડણીની તથા હસ્વ-દીર્ઘની છૂટ લેવાની તેમજ માત્ર કવિતા માટે જ મરડેલા શબ્દો વાપરવાની રૂઢિનો ઉપયોગ મેં બનતાં સુધી ટાળ્યો છે. એમાં નીચેના અપવાદો છે :

(૧) તદ્ભવ શબ્દોમાં આવતા ઇ, ઉ કે ઈ, ઊનો જરૂર પ્રમાણે હસ્વ-દીર્ઘ ઉચ્ચાર કર્યો છે. એને માટે

લઘુ–ગુરુદર્શક ચિહ્નો પણ હંમેશાં વાપર્યાં નથી. (૨) હકાર શ્રુતિવાળા શબ્દોમાં ક્યારેક હને જોડ્યો છે : જેમ કે, રહે–રૂહે, કહે–ક્હે; પહોંચ્યો–પોં'ચ્યો; પહેલાં–પ્હેલાં ઈ. (૩) એકબે તત્સમ શબ્દોમાં હ્રસ્વનો દીર્ઘ કરવો પડ્યો છે. કોઈક ઠેકાણે લૈ, થૈ, ક્હે, રૂહે, એવી જોડણી રાખવી પડી છે તથા મને (= મનમાં) અને મને (= મુજને)નો ગોટાળો ન થાય એ માટે બીજા અર્થમાં હોય ત્યાં 'મ'ને' જોડણી કરી છે.(') આ ચિહ્ન હકારશ્રુતિ અથવા હકાર–લોપ દર્શાવવા બીજે પણ એકબે જગ્યાએ વાપર્યું છે.

૪. માત્ર પાદપૂર્તિ માટે - જ, ય, તો, જેવા શબ્દો ન વાપરવા. આમાં હું તદ્દન સફળ થયો નથી.

૫. અન્વય બરાબર સધાવો જોઈએ.

૬. સહેલા શબ્દથી રચના કરી શકાય તો પાંડિત્યના તેમજ સ્થાનિક (અમુક જિલ્લામાં જ વપરાતા) શબ્દો ટાળવા.

મેં પોતા પર નાખેલી આ મર્યાદાઓને લીધે કેટલાકને આ અનુવાદ કર્ણમધુર નથી લાગતો એ હું જાણું છું.

પણ, ''સર્વ કર્મે રહે દોષ, ધુમાડો જેમ અગ્નિએ,''

તેથી મેં મારી મર્યાદા ''નીમેલું'' કર્મ કરવામાં માની છે.

પાછલી આવૃત્તિમાં નીચે જ કેટલીક ટીપો મૂકી હતી. તેને બદલે એ હવે ત્રણ ભાગમાં પાછળ મૂકી છે, તેનો જરૂર મુજબ ઉપયોગ કરવા વાચકને વિનંતી છે.

જે શ્લોકો પર ખાસ ટિપ્પણી આપેલી છે, તે શ્લોકોના આંકડા આગળ આવું (૦) ચિહ્ન મૂક્યું છે.

કેટલાક મિત્રોની એવી સૂચના છે કે અનુવાદ સાથે સંસ્કૃત પાઠ પણ છાપવો. આ બાબતમાં મારી દૃષ્ટિ એવી છે કે જેમને સંસ્કૃત સમજાય છે, તેમને સંસ્કૃતમાં ઘણા પ્રકારની આવૃત્તિઓ સસ્તામાં મળી શકે એમ છે, એને આ સાથે રાખી શકે. જેમને સમજાતું નથી, તેમને માટે સંસ્કૃત પાઠ નકામો છે અથવા એવો વહેમ પોષનારો થાય છે કે અશુદ્ધ રીતે પણ સંસ્કૃત પાઠ કરવાનો કાંઈક વિશેષ મહિમા છે. સંસ્કૃત પાઠ આપી પુસ્તક બેવડું મોટું અને મોંઘું કરવું અને સાથે અયોગ્ય વહેમ પોષવો એ મને ઇષ્ટ લાગતું નથી, તેથી લોકોપયોગી સસ્તી આવૃત્તિ તો કેવળ ગુજરાતીમાં જ હોય એમ મેં નવજીવન કાર્યાલયને આગ્રહ કર્યો, પણ અભ્યાસાર્થે સંસ્કૃત શ્લોક સાથે કોઈને વધારે કિંમતની અને સજાવટની આવૃત્તિ છાપવા ઇચ્છા જ હોય, તો એ નવજીવન કાર્યાલય સાથે વિચાર કરી લે.

આમા શરૂઆતના ધ્યાનના શ્લોકો બાબત અપવાદ થયેલો વાચકના જોવામાં આવશે. ઘણાં વર્ષો પર મારા પોતાના ઉપયોગાર્થે ગીતાના કેટલાક સંસ્કૃત શ્લોકોમાં 'હું' નો 'તું' કરી મેં એક સ્તોત્ર બનાવેલું. તે જ આ વખતે 'ધ્યાન'રૂપે આપી દેવા ઠરાવ્યું. એ શ્લોકો, અર્થાત્ બીજે ક્યાંય ન મળી શકે એમ હોવાથી, એ સંસ્કૃતમાં પણ આપ્યા છે અને એનો અનુવાદ પણ આપ્યો છે.

આ અનુવાદમાં હવે હું મોટા ફેરફારો કરું એવો સંભવ જોતો નથી, એટલે મારા તરફથી આ છેલ્લો પ્રયત્ન સ૰ ૪વાને હરકત નથી અને તેથી શુદ્ધિપત્રક મુજબ પાઠો બરાબર સુધારી લેવા વાચકને વિનંતી છે.

સેવાગ્રામ — કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

૩૦મી સપ્ટેમ્બર, ૧૯૪૬

# પ્રકાશકનું નિવેદન

'ગીતાધ્વનિ'નું આ પુનર્મુદ્રણ ફોટો ટાઈપ સેટિંગ કરી ઑફસેટ પ્રોસેસથી છાપ્યું છે. એટલે હવે તેમાં ટાઈપ તૂટવાની કે તે કારણે થતી ભૂલ રહી જવાનો સંભવ નથી. વળી, તેનાં પ્રૂફ શ્રી કે. કા. શાસ્ત્રીએ કાળજીથી જોઈ આપ્યાં છે. પ્રૂફ જોતાં તેમણે ક્યાંક છંદ અને પ્રાસની દૃષ્ટિએ સુધારા કરવા જેવા લાગે તે કરી દીધા છે. તેમની આ કામગીરી માટે અમે તેમના ઋણી છીએ. તેમ છતાં કોઈ જિજ્ઞાસુને 'ગીતાધ્વનિ'ના આ પુનર્મુદ્રણમાં ભૂલ જેવું લાગે તો તે અમારું ધ્યાન દોરે એવી અમારી વિનંતી છે, જેથી તે ભૂલ નવી આવૃત્તિમાં સુધારી લેવાય.

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ૯

ધ્યાન ૧૨

ગીતાધ્વનિ ૧૮ અધ્યાય ૧

પુરવણી

૧. ટિપ્પણીઓ ૯૫

૨. કેટલીક સામાન્ય સૂચનાઓ ૧૦૮

૩. કઠણ શબ્દોના અર્થો ૧૧૦

# ध्यानम्

सर्वधर्मान् परित्यज्य त्वामेकं शरणं गतः ।
त्वमेव सर्वपापेभ्यो मोक्षयस्व हि मां प्रभो ॥ १ ॥

ईश्वरः सर्वभूतानां त्वमेव हृदये स्थितः ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारुढानि मायया ॥ २ ॥

त्वामेव शरणं यामि सर्वभावेन केशव।
त्वत्प्रसादादवाप्स्येऽहं शाश्वतं पदमव्ययम् ॥ ३ ॥

अनन्याश्चिन्तयन्तस्त्वां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमवहोऽसि वै ॥ ४ ॥

पत्रं पुष्पं फलं तोयं यस्ते भक्त्या प्रयच्छति।
तस्य त्वं भक्त्युपहृतमश्नासि प्रयतात्मनः ॥ ५ ॥

यत्करोमि यदश्नामि यज्जुहोमि ददामि यत्।
यत्तपस्यामि हे देव तत्करोमि त्वदर्पणम् ॥ ६ ॥

समस्त्वं सर्वभूतेषु न ते द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु त्वां भक्त्या त्वयि ते त्वं च तेष्वसि ॥ ७ ॥

अपि चेत्सुदुराचारो भजते त्वामनन्यभाक्।
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ॥ ८ ॥



# ધ્યાન

છોડીને સઘળા ધર્મો, તારું જ શરણું ધર્યું;
તું જ સકળ પાપોથી છોડાવ મુજને, પ્રભુ! ૧

વસીને સર્વ ભૂતોનાં હૃદયે, પરમેશ્વર!
માયાથી ફેરવે સૌને, જાણે યંત્ર પરે ધર્યાં. ૨

તારે જ શરણે આવું સર્વભાવથી, કેશવ!
તારા અનુગ્રહે લેશ શાંતિ ને શાશ્વત પદ. ૩

અનન્ય ચિત્તથી જેઓ કરે તારી ઉપાસના,
તે નિત્યયુક્ત ભક્તોનો યોગક્ષેમ ચલાવતો. ૪

પત્રં પુષ્પં ફલં તોયં જે આપે ભક્તિથી તને,
ભક્તિએ તે અપાયેલું આરોગે યત્નવાનનું. ૫

જે કરું, ભોગવું વા જે, જે હોમું, દાન જે કરું;
આચરું તપને વા જે, કરું અર્પણ તે તને. ૬

સમ તું સર્વભૂતોમાં, વા'લા–વેરી તને નથી;
પણ જે ભક્તિથી સેવે, તેમાં તું, તુજમાંહ્ય તે. ૭

મોટોયે કો દુરાચારી એકચિત્તે ભજે તને,
શીઘ્ર તે થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને. ૮

त्वां हि देव व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ९ ॥

वीतरागभयक्रोधास्त्वन्मयास्त्वामुपाश्रिताः।
बहवो ज्ञानतपसा पूतास्त्वद्भावमागताः ॥ १० ॥

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतिं स्वामधिष्ठाय संभवस्यात्ममायया ॥ ११ ॥

त्वयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्।
हेतुनानेन देवेश जगद्विपरिवर्तते ॥ १२ ॥

त्वया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना।
त्वत्स्थानि सर्वभूतानि न च त्वं तेष्ववस्थितः ॥ १३ ॥

न च त्वत्स्थानि भूतानि हन्त ते योगमैश्वरम्।
भूतभृन्न च भूतस्थस्त्वदात्मा भूतभावनः ॥ १४ ॥

यथाऽऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान्।
तथा सर्वाणि भूतानि त्वत्स्थानीत्युपधारये ॥ १५ ॥

त्वमेवात्मा हृषीकेश सर्वभूताशयस्थितः।
त्वमेवादिश्च मध्यं च भूतानामन्त एव च ॥ १६ ॥

यच्चापि सर्वभूतानां बीजं तत्त्वमसि प्रभो।
न तदस्ति विना यत्स्यात् त्वया भूतं चराचरम् ॥ १७ ॥





સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો, જીવો પાપીય યોનિના,
જો તારો આશરો લે તો, તેયે પામે પરંગતિ. ૯

વીત-રાગ-ભય-ક્રોધ, તને આશ્રિત, તું-મય,
જ્ઞાને તપે થઈ શુદ્ધ, પામ્યા ત્વદ્ભાવને ઘણા. ૧૦

અજન્મા, અવ્યયાત્મા ને ભૂતોનો ઈશ્વરે છતાં,
ઊપજે આત્મમાયાથી તારી પ્રકૃતિ-પેં ચડી. ૧૧

પ્રકૃતિ પ્રસવે સૃષ્ટિ તારી અધ્યક્ષતા વડે;
એના કારણથી થાય જગનાં પરિવર્તનો. ૧૨

અવ્યક્તરૂપ તું-થી જ ફેલાયું સર્વ આ જગત;
તું-માં રહ્યાં બધાં ભૂતો, તું તે માંહીં રહ્યો નથી. ૧૩

નથીયે કો તું-માં ભૂતો, શો તારો યોગ ઈશ્વરી!
ભૂતાધાર, ન ભૂતોમાં ભૂત-સર્જક રૂપ તું! ૧૪

સર્વગામી મહાવાયુ નિત્ય આકાશમાં રહે,
તેમ સૌ ભૂત તારામાં રહ્યાં છે એમ જાણું હું. ૧૫

તું જ આત્મા, હૃષીકેશ, ભૂતોનાં હૃદયો વિશે;
આદિ, મધ્ય તથા અંત તું જ છે ભૂતમાત્રનાં. ૧૬

બીજ જે સર્વ ભૂતોનું જાણું હું તેય તું જ છે;
તું વિનાનું નથી લોકે કોઈ ભૂત ચરાચર. ૧૭

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा।
तत्तदेवावगच्छामि तव तेजोंऽशसंभवम् ॥ १८ ॥

भगवन् बहुनैतेन किं ज्ञातेन मया प्रभो।
विष्टभ्य त्वमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ १९ ॥

त्वत्तः परतरं नाऽन्यत् किंचिदस्ति जनार्दन।
त्वयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ २० ॥

भूतभावन भूतेश देवदेव जगत्पते।
योगेश्वर नतोऽस्मि त्वां त्वच्चित्तं सततं कुरु ॥ २१ ॥

पिता त्वमस्य जगतो माता धाता पितामहः।
वेद्यं पवित्रमोङ्कार ऋक् साम यजुरेव च ॥ २२ ॥

गतिभर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृद्।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥ २३ ॥

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहे त्वं पुरुषः परः ॥ २४ ॥

अनादित्वान्निर्गुणत्वात्परमात्मा त्वमव्ययः।
शरीरस्थोऽपि देवेश न करोषि न लिप्यसे ॥ २५ ॥

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते।
सर्वत्रावस्थितो देहे तथा त्वं नोपलिप्यसे ॥ २६ ॥





જે કોઈ સત્ત્વમાં કાંઈ લક્ષ્મી, વીર્ય, વિભૂતિ વા,
જાણું તે સઘળું તારા તેજના અંશથી થયું. ૧૮

ભગવન્! લાભ શો મારે જાણી વિસ્તારથી ઘણા;
તારા એક જ અંશેથી આખું વિશ્વ ધરી રહ્યો. ૧૯

બીજું કોઈ નથી તત્ત્વ તારાથી પર જે ગણું;
તું-માં આ સૌ પરોવાયું, દોરામાં મણકા સમું. ૨૦

ભૂતેશ, ભૂતકર્તા હે, દેવદેવ, જગત્પતે!
યોગેશ્વર! નમી માગું અખંડ તુજ યોગને.

તું જ આ જગનો ધાતા, પિતા, માતા, પિતામહ,
જ્ઞેયે, પવિત્ર ઓંકાર, ઋગ્, યજુર્, સામવેદ તું. ૨૨

પ્રભુ, ભર્તા, સુહૃદ્, સાક્ષી, નિવાસ, શરણું, ગતિ,
ઉત્પત્તિ, પ્રલય, સ્થાન, નિધાન, બીજ, અવ્યય. ૨૩

સાક્ષીમાત્ર, અનુજ્ઞાતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર,
કહેવાય પરમાત્માયે, દેહે પુરુષ તું પર. ૨૪

અવ્યયી પરમાત્મા તું, વિના-આદિ, વિના-ગુણો;
તેથી દેહે રહે તોયે, તું અકર્તા, અલિપ્ત રહે. ૨૫

સૂક્ષ્મતા કારણે વ્યોમ સર્વવ્યાપી અલિપ્ત રહે,
આત્મા તું તેમ સર્વત્ર વસી દેહે અલિપ્ત રહે. ૨૬

यस्मात्क्षरमतीतस्त्वमक्षरादपि चोत्तमः ।
अतोऽसि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ २७ ॥

त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥ २८ ॥

त्वमादिदेवः पुरुषः पुराण–
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनन्तरूप ॥ २९ ॥

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
तत्त्वमेवासि देवेश परं ब्रह्म सनातनम् ॥ ३० ॥

सर्वस्य च त्वं हृदि सन्निविष्ट–
स्त्वत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरसि वेद्यमेकं
वेदान्तकृद्वेदविदेव च त्वम् ॥ ३१ ॥

यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
ओंकारवाच्यं यदमव्ययं यत् ॥ ३२ ॥



કાં જે તું ક્ષરથી પાર, અક્ષરેથીય ઉત્તમ,
તેથી તું લોક ને વેદે વર્ણાય પુરુષોત્તમ. ૨૭

તમે પરં અક્ષર, જ્ઞેય તત્ત્વ,
તમે મહા આશ્રય વિશ્વના આ;
અનાશ છો, શાશ્વતધર્મપાળ,
જાણું તમે સત્ય અનાદિ દેવ.

ગુજરાતી સભા
302334
23/10/2022

પુરાણ છો, પુરુષ, આદિદેવ,
તમે જ આ વિશ્વનું અંત્યધામ;
જ્ઞાતા તમે જ્ઞેય, પરં પદે છો, ૨૯
તમે ભર્યું વિશ્વ, અનંતરૂપ!

જેથી પ્રવર્તતાં ભૂતો, જેણે વિસ્તાર્યું આ બધું;
તું જ તે સર્વ, દેવેશ, પરંબ્રહ્મ સનાતન. ૩૦

નિવાસ સૌના હૃદયે કરે તું,
તું–થી સ્મૃતિ જ્ઞાન તથા વિવેક;
વેદો બધાનું તું જ એક વેદ્ય, ૩૧
વેદાન્તકર્તા તું જ વેદવેત્તા.

જેને કહે 'અક્ષર' વેદવેત્તા,
જેમાં વિરાગી યતિઓ પ્રવેશે,
જે કાજ રાખે વ્રત બ્રહ્મચર્ય, ૩૨
ઓંકાર શબ્દે પદ વર્ણવે જે,

न यद् भासयते सूर्यो न शशांको न पावकः ।
यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं तव ॥ ३३ ॥

परं ब्रह्म परं धामं पवित्रं परमं भवान् ।
पुरुष शाश्वतो दिव्य आदिदेवो ह्यजो विभुः ॥ ३४ ॥

न हि ते भगवन् व्यक्तिं विदुर्देवा न दानवाः ।
स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम ॥ ३५ ॥

अवजानन्ति त्वां मूढा मानुषीः तनुमाश्रितम् ।
परं भावमजानन्तस्तव भूतमहेश्वरम् ॥ ३६ ॥

जन्म कर्म च ते दिव्यं जनो यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति त्वामेत्यसंशयम् ॥ ३७ ॥

महात्मानो हि त्वां नाथ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ ३८ ॥

सततं कीर्तयन्तस्त्वां यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च त्वां भक्त्या नित्ययुक्ता उपासते ॥ ३९ ॥

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तस्त्वामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥ ४० ॥

अनन्यचेताः सततं यस्त्वां स्मरति नित्यशः ।
तस्य त्वं सुलभो देव नित्ययुक्तस्य योगिनः ॥ ४१ ॥



સૂર્ય જેને પ્રકાશે ના, ચંદ્ર ના અગ્નિયે નહીં;
જ્યાં પોં'ચી ન ફરે પાછા, તારું તે ધામ ઉત્તમ. ૩૩

પરંબ્રહ્મ, પરંધામ, છો પવિત્ર તમે પરં,
આત્મા, શાશ્વત ને દિવ્ય, અજન્મા, આદિ ને વિભુ. ૩૪

તમારું રૂપ જાણે ના દેવો કે દાનવો, પ્રભુ!
તમે જ આપને આપે જાણતા, પુરુષોત્તમ. ! ૩૫

અવજાણે તને મૂઢો માનવી દેહને વિશે,
ન જાણતા પરંભાવ તારો ભૂતમહેશ્વરી. ૩૬

તારાં જન્મ તથાં કર્મ દિવ્ય જે આમ તત્ત્વથી
જાણે, તે ન ફરી જન્મે, મર્યે પામે તને જ એ. ૩૭

મહાત્માઓ તને જાણી ભૂતોનો આદિ અવ્યય,
અનન્ય મનથી સેવે દૈવી પ્રકૃતિ આશર્યા. ૩૮

કીર્તિ તારી સદા ગાતા, યત્નવાન, વ્રતે દૃઢ,
ભક્તિથી તુજને વંદી ઉપાસે નિત્યયોગથી. ૩૯

જ્ઞાનયજ્ઞેય કો ભક્તો સર્વવ્યાપી તને ભજે,
એકભાવે, પૃથગ્‌ભાવે, બહુ રીતે ઉપાસતા. ૪૦

સતત એક ચિત્તે જે સદા સંભારતો તને.
તે નિત્યયુક્ત યોગીને સે'જે તું પ્રાપ્ત થાય છે. ૪૧

त्वामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां मताः ॥ ४२ ॥

मम ह्येवानुकम्पार्थं बुद्धेरज्ञानजं तमः ।
नाशयस्वात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ ४३ ॥

मह्यं सततयुक्ताय भजते प्रीतिपूर्वकम् ।
प्रयच्छ बुद्धियोगं तं येन त्वामुपयाम्यहम् ॥ ४४ ॥

त्वन्मना अस्मि ते भक्तस्त्वां यजे त्वां नमाम्यहम् ।
त्वामेवैष्यामि विश्वात्मन्सर्वथा त्वत्परायणः ॥ ४५ ॥



તને પોં'ચી મહાત્માઓ પામેલા શ્રેષ્ઠ સિદ્ધિને,
વિનાશી, દુઃખનું ધામ, પુનર્જન્મ ધરે નહીં. ૪૨

રહેલો આત્મભાવે તું, તેજસ્વી જ્ઞાનદીપથી
કરુણાભાવથી મારા અજ્ઞાન – તમને હણ. ૪૩

મ'ને અખંડ યોગીને ભજતાં પ્રીતિથી તને,
આપ તે બુદ્ધિનો યોગ, જેથી આવી મળું તને. ૪૪

મન–ભક્તિ તને અર્પું, તને પૂજું, તને નમું;
નિશ્ચે તને જ પામીશ, તું–પરાયણ,ઈશ્વર! ૪૫

અધ્યાય ૧ લો

# અર્જુનનો ખેદ

ધૃતરાષ્ટ્ર બોલ્યા-

ધર્મભૂમિ કુરુક્ષેત્રે યુદ્ધાર્થે એકઠા થઈ,
મારા ને પાંડુના પુત્રો વર્ત્યા શી રીત, સંજય? ૧

સંજય બોલ્યા-

દેખી પાંડવની સેના ઊભેલી વ્યૂહને રચી,
દ્રોણાચાર્ય કને પોં'ચી રાજા દુર્યોધને કહ્યું: ૨

દુર્યોધન બોલ્યા-

જુઓ, આચાર્ય! આ મોટી સેનાઓ પાંડવો તણી,
તમારા બુદ્ધિમાન્ શિષ્ય દ્રૌપદે વ્યૂહમાં રચી. ૩

અહીં શૂરા ધનુર્ધારી ભીમ-અર્જુન શા રણે;
યુયુધાન, વિરાટેય, દ્રુપદેય મહારથી; ૪

કાશી ને શિબિના શૂરા નરેન્દ્રો, ધૃષ્ટકેતુયે,
ચેકિતાન તથા રાજા પુરુજિત્ કુંતિભોજનો[૧]; ૫

---

૧. એ નામના કુળનો.

પરાક્રમી યુધામન્યુ, ઉત્તમૌજા પ્રતાપવાન્,
સૌભદ્ર, દ્રૌપદીપુત્રો, બધાયે જે મહારથી. ૬

આપણા પક્ષના મુખ્ય, તેય, આચાર્ય ઓળખો;
જાણવા યોગ્ય જે મારા સેનાના નાયકો કહું: ૭

આપ, ભીષ્મ તથા કર્ણ, સંગ્રામવિજયી કૃપ,
અશ્વત્થામા, વિકર્ણેય, સોમદત્ત તણો સુત. ૮

બીજાયે બહુ છે શૂરા, હું-કાજે જીવ જે ત્યજે;
સર્વે યુદ્ધકળાપૂર્ણ, અસ્ત્રશસ્ત્રો વડે સજ્યા. ૯

અગણ્ય આપણી સેના, જેના રક્ષક ભીષ્મ છે;
ગણ્ય છે એમની સેના, જેનો રક્ષક ભીમ છે. ૧૦

જેને જે ભાગમાં રાખ્યા, તે તે સૌ મોરચે રહી,
ભીષ્મની સર્વ બાજુથી રક્ષા સૌ કરજો ભલી. ૧૧

સંજય બોલ્યા-

એનો વધારવા હર્ષ, કરીને સિંહનાદ ત્યાં
પ્રતાપી વૃદ્ધ દાદાએ બજાવ્યો શંખ જોરથી. ૧૨

પછી તો શંખ, ભેરી ને નગારાં, રણશીંગડાં
વાગ્યાં સૌ સામટાં એનો પ્રચંડ ધ્વનિ ઊપજ્યો. ૧૩

એ પછી શ્વેત અશ્વોથી જોડાયેલા મહારથે
બેઠેલા માધવે-પાર્થે વગાડ્યા દિવ્ય શંખ બે. ૧૪

પાંચજન્ય હૃષીકેશે, દેવદત્ત ધનંજયે,
વાયો પૌંડ્ર મહાશંખ ભીમકર્મા વૃકોદરે ; ૧૫

અનંતજયને રાજા કુંતીપુત્ર યુધિષ્ઠિરે,
નકુલે–સહદેવેયે, સુઘોષ–મણિપુષ્પક ; ૧૬

કાશીરાજા મહાધન્વા ને શિખંડી મહારથી,
ધૃષ્ટદ્યુમ્ન, વિરાટેય, અપરાજિત સાત્યકિ; ૧૭

દ્રુપદ, દ્રૌપદીપુત્રો, અભિમન્યુ મહાભુજ,
સહુએ સર્વ બાજુથી શંખો ફૂંક્યા જુદા જુદા. ૧૮

એ ઘોષે કૌરવો કેરી છાતીના કટકા કર્યા,
અને આકાશ ને પૃથ્વી ભર્યાં ગર્જી ભયંકર. ૧૯

ત્યાં શસ્ત્ર ચાલવા ટાણે કૌરવોને કપિધ્વજે
વ્યવસ્થાથી ખડા ભાળી ઉઠાવ્યું સ્વધનુષ્યને, ૨૦
ને હૃષીકેશને આવું કહ્યું વેણ, મહીપતે!

અર્જુન બોલ્યા-

બન્ને આ સૈન્યને મધ્યે લો મારો રથ, અચ્યુત!

જ્યાં સુધી નીરખું કોણ ઊભા આ યુદ્ધ ઇચ્છતા,
ને કોણ મુજ સાથે આ રણસંગ્રામ ખેલશે. ૨૨

અહીં ટોળે વળેલા આ યોદ્ધાઓ જોઉં તો જરા,
પ્રિય જે ઇચ્છતા યુદ્ધે દુર્યોધન કુબુદ્ધિનું. ૨૩

સંજય બોલ્યા-

ગુડાકેશ તણા આવા વેણને માધવે સુણી
બે સૈન્ય વચમાં ઊભો કીધો ઉત્તમ એ રથ; ૨૪

ભીષ્મ ને દ્રોણની સામે, ને સૌ રાજા ભણી ફરી,
બોલ્યા માધવ, "જો, પાર્થ! કૌરવોના સમૂહ આ. ૨૫

ત્યાં દીઠા અર્જુને ઊભા બન્નેયે સૈન્યને વિશે-
ગુરુઓ, બાપ, ને દાદા, મામાઓ, ભાઈઓ, સખા, ૨૬

સસરા, દીકરા, પોતા, સુહૃદો, સ્વજનો ઘણા :
આવા સર્વે સગાવ્હાલા ઊભેલા જોઈ, અર્જુન ૨૭

અત્યંત રાંક ભાવે શું, બોલ્યો ગળગળો થઈ :

અર્જુન બોલ્યા-

દેખી આ સ્વજનો સામે ઊભેલા યુદ્ધ ઇચ્છતા, ૨૮
ગાત્રો ઢીલાં પડે મારાં, મોઢામાં શોષ ઊપજે;
કંપારી દેહમાં ઊઠે, રુવાડાં થાય છે ખડાં; ૨૯
ગાંડીવ હાથથી છૂટે, વ્યાપે દાહ ત્વચા વિશે;
રહેવાય નહીં ઊભા, જાણે મારું ભમે મન. ૩૦
ચિહ્નોયે અવળાં સર્વે, મ'ને દેખાય, કેશવ;
જોઉં નહીં કંઈ શ્રેય હણીને સ્વજનો રણે. ૩૧

નથી હું ઇચ્છતો જીત, નહીં રાજ્ય, નહીં સુખો;
રાજ કે ભોગ કે જીવ્યું, અમારે કામનું કશું ? ૩૨

ઇચ્છીએ જેમને કાજે રાજ્ય કે ભોગ કે સુખો,
તે આ ઊભા રણે આવી ત્યજીને પ્રાણ–વૈભવો. ૩૩

ગુરુઓ, બાપ ને બેટા, દાદા–પોતા વળી ઘણા,
મામાઓ, સસરા, સાળા, સંબંધી, સ્વજનો બધા. ૩૪

ન ઇચ્છું હણવા આ સૌ, ભલે જાતે હણાઉં હું;
ત્રિલોક–રાજ્ય કાજેયે, પૃથ્વી કારણ કેમ તો ? ૩૫

હણીને કૌરવો સર્વે અમારું પ્રિય શું થશે ?
અમને આતતાયીને હણ્યાનું પાપ કેવળ ! ૩૬

માટે ન હણવા યોગ્ય કૌરવો, અમ બંધુઓ;
સ્વજનોને હણી કેમ પામીએ સુખને અમે ? ૩૭

લોભથી વણસી બુદ્ધિ તેથી એ પેખતા નથી,
કુળક્ષયે થતો દોષ મિત્રદ્રોહેય પાપ જે. ૩૮

વળવા પાપથી આવા અમે કાં ન વિચારવું,–
કુળક્ષયે થતો દોષ દેખતા સ્પષ્ટ જો અમે ? ૩૯

કુળક્ષયે થતો નાશ કુળધર્મો સનાતન;
ધર્મનાશે કુળે આખે વર્તે આણ અધર્મની. ૪૦

અધર્મ વ્યાપતાં લાજ લૂંટાય કુળનારની.,
કુળસ્ત્રીઓ થયે ભ્રષ્ટ વર્ણસંકર નીપજે. ૪૧

નરકે જ પડે તેથી કુળ ને કુળઘાતકો;
પિતરોયે પડે હેઠા ન મળ્યે પિંડતર્પણ. ૪૨

કુળઘાતકના આવા દોષે સંકરકારક
ઊખડે જાતિધર્મો ને કુળધર્મો સનાતન. ૪૩

ઊખડે જે મનુષ્યોના કુળના ધર્મ, તેમનો
સદાયે નરકે વાસ.–એવું છે સાંભળ્યું અમે. ૪૪

અહો કેવું મહાપાપ માંડચું આદરવા અમે
કે રાજ્યસુખના લોભે નીકળ્યા હણવા સગા! ૪૫

ન કરતાં પ્રતીકાર મ'ને નિઃશસ્ત્રને હણે
રણમાં કૌરવો શસ્ત્રે, એમાં ક્ષેમ મ'ને વધુ. ૪૬

સંજય બોલ્યા–

આમ બોલી રણે પાર્થ ગયો બેસી રથાસને,
ધનુષ્યબાણને છોડી, શોકઉદ્વેગથી ભર્યો. ૪૭

અધ્યાય ૨જો

# જ્ઞાન અને યોગનું તત્ત્વ

સંજય બોલ્યા—

આમ એ રાંક ભાવે ને આંસુએ વ્યગ્ર દૃષ્ટિથી
શોચતા પાર્થને આવાં વચનો માધવે કહ્યાં: ૧

શ્રી ભગવાન બોલ્યા—

ક્યાંથી મોહ તને આવો ઊપજ્યો વસમી પળે,
નહીં જે આર્યને શોભે, સ્વર્ગના યશ જે હરે? ૨

મા તું કાયર થા, પાર્થ! તને આ ઘટતું નથી;
હૈયાના દૂબળા ભાવ છોડી ઊઠ, પરંતપ!

અર્જુન બોલ્યા—

મારે જે પૂજવા યોગ્ય ભીષ્મ ને દ્રોણ, તે પ્રતિ
કેમ હું રણસંગ્રામે બાણોથી યુદ્ધ આદરું? ૪

વિના હણીને ગુરુઓ મહાત્મા
ભિક્ષા વડે જીવવું એય સારું;
હણી અમે તો ગુરુ અર્થવાંછુ
લોહીભર્યા માણશું ભોગ લોકે! ૫

થાયે અમારો જય એમનો વા–
શામાં અમારું હિત એ ન સૂઝે;
જેને હણી જીવવુંયે ગમે ના,
સામા ખડા તે ધૃતરાષ્ટ્ર–પુત્રો. ૬

સ્વભાવ મેટ્યો મુજ રાંકભાવે,
ન ધર્મ સૂઝે, તમને હું પૂછું;
બોધો મ'ને નિશ્ચિત શ્રેય જેમાં,
હું શિષ્ય, આવ્યો શરણે તમારે. ૭

સમૃદ્ધ ને શત્રુ વિનાનું રાજ્ય
મળે જગે કે સુરલોકમાંયે
તોયે ન દેખું કંઈ શોક ટાળે
મારી બધી ઈન્દ્રિય તાવનારો. ૮

**સંજય બોલ્યા–**

પરંતપ! ગુડાકેશે આમ ગોવિંદને કહી,
''હું તો નહીં લડું'' એવું બોલી મૌન ધર્યું પછી. ૯
આમ બે સૈન્યની વચ્ચે ખેદે વ્યાપેલ પાર્થને
હસતા-શું હૃષીકેશે આવાં ત્યાં વચનો કહ્યાં: ૧૦

**શ્રી ભગવાન બોલ્યા–**

ન ઘટે ત્યાં કરે શોક ને વાતો જ્ઞાનની વદે!
પ્રાણો ગયા–રહ્યા એનો જ્ઞાનીઓ શોક ના કરે. ૧૧

હું તું કે આ મહીપાળો, પૂર્વે ક્યારે હતા નહીં,
ન હઈશું ભવિષ્યેયે એમ તું જાણતો રખે. ૧૨

દેહીને દેહમાં આવે બાલ્ય, જોબન ને જરા,
તેમ આવે નવો દેહ, એમાં મૂંઝાય ધીર ના. ૧૩

સ્પર્શાદિ વિષયો જાણ શીતોષ્ણ–સુખદુ:ખદા,
અનિત્ય, જાય ને આવે, તેને, અર્જુન, લે સહી. ૧૪

એ પીડી ન શકે જેને, સમ જે સુખદુ:ખમાં,
તે ધીર માનવી થાય પામવા યોગ્ય મોક્ષને. ૧૫

અસત્યને ન અસ્તિત્વ, નથી નાશેય સત્યનો;
નિહાળ્યો તત્ત્વદર્શીએ આવો સિદ્ધાંત બેઉનો. ૧૬

જાણજે અવિનાશી તે, જેથી વિસ્તર્યું આ બધું;
એ અવ્યય તણો નાશ કોઈયે ના કરી શકે. ૧૭

અવિનાશી, પ્રમાતીત, નિત્ય દેહી તણાં કહ્યાં
શરીરો અંતવાળાં આ તેથી તું ઝૂઝ, અર્જુન! ૧૮

જે માને કે હણે છે એ, જે માને એ હણાય છે,
બંનેય તત્ત્વ જાણે ના, હણે ના, એ હણાય ના. ૧૯

ન જન્મ પામે, ન કદાપિ મૃત્યુ,
ન્હોતો ન એ કે ન હશે ન પાછો;
અજન્મ, એ નિત્ય, સદા, પુરાણ,
હણ્યે શરીરે ન હણાય એ તો. ૨૦

જે એને જાણતો નિત્ય અવિનાશી, અજ, અવ્યય,
નર તે કેમ ને કોને હણાય અથવા હણે ? ૨૧

ત્યજી દઈ જીર્ણ થયેલ વસ્ત્રો,
લે છે નવાં જેમ મનુષ્ય બીજાં;
ત્યજી દઈ જીર્ણ શરીર તેમ,
પામે નવાં અન્ય શરીર દેહી. ૨૨

ન એને છેદતાં શસ્ત્રો, ન એને અગ્નિ બાળતો,
ન એને ભીંજવે પાણી, ન એને વાયુ સૂકવે. ૨૩

છેદાય ના, બળે ના એ, ન ભીંજાય, સુકાય ના;
સર્વવ્યાપક એ નિત્ય, સ્થિર, નિશ્ચળ, શાશ્વત. ૨૪

એને અચિંત્ય, અવ્યક્ત, નિર્વિકાર કહે વળી,
તેથી એવો પિછાણી એ, તને શોક ઘટે નહીં. ૨૫

ને જો માને તું આત્માનાં જન્મ-મૃત્યુ ક્ષણે ક્ષણે,
તોયે તારે, મહાબાહુ, આવો શોક ઘટે નહીં. ૨૬

જન્મ્યાનું નિશ્ચયે મૃત્યુ, મૂઆનો જન્મ નિશ્ચયે,
આટે જે ન ટળે તેમાં તને શોક ઘટે નહીં. ૨૭

અવ્યક્ત આદિ ભૂતોનું, મધ્યમાં વ્યક્ત ભાસતું,
વળી, અવ્યક્ત છે અંત, એમાં ઉદ્વેગ જોગ શું ? ૨૮

આશ્ચર્ય-શું કોઈ નિહાળતું એ,
આશ્ચર્ય-શું એમ વદે, વળી, કો,

આશ્ચર્ય-શું અન્ય સુણેય કોઈ,
સુણ્યા છતાં કો સમજે ન તેને. ૨૯

સદા અવધ્ય એ દેહી સઘળાના શરીરમાં;
કોઈયે ભૂતનો તેથી તને શોક ઘટે નહીં. ૩૦

વળી, સ્વધર્મ જોતાંયે ન તારે ડરવું ઘટે;
ધર્મયુદ્ધ થકી બીજું શ્રેય ક્ષત્રિયને નથી. ૩૧

અનાયાસે ઉઘાડું જ સ્વર્ગનું દ્વાર સાંપડ્યું;
ક્ષત્રિયો ભાગ્યશાળી જે, તે પામે યુદ્ધ આ સમું. ૩૨

માટે આ ધર્મસંગ્રામ આવો જો ન કરીશ તું,
તો તું સ્વધર્મ ને કીર્તિ છાંડી પામીશ પાપને. ૩૩

અખંડ કરશે વાતો લોકો તારી અકીર્તિની;
માની પુરુષને કાજે અકીર્તિ મૃત્યુથી વધુ. ૩૪

ડરીને રણ તેં ટાળ્યું માનશે સૌ મહારથી;
રહ્યો સંમાન્ય જેઓમાં તુચ્છ તેને જ તું થશે. ૩૫

ન બોલ્યાના ઘણા બોલ બોલશે તુજ શત્રુઓ;
નિંદશે તુજ સામર્થ્ય, એથી દુ:ખ કયું વધુ? ૩૬

હણાયે પામશે સ્વર્ગ, જીત્યે ભોગવશે મહી,
માટે, પાર્થ! ખડો થા તું, યુદ્ધાર્થે દૃઢનિશ્ચયે. ૩૭

લાભ-હાનિ, સુખો-દુ:ખો, હાર-જીત કરી સમ,
પછી યુદ્ધાર્થ થા સજ્જ, તો ના પાપ થશે તને. ૩૮

કહી આ સાંખ્યની બુદ્ધિ, હવે સાંભળ યોગની;
જે બુદ્ધિથી થયે યુક્ત તોડાશે કર્મબંધન. ૩૯

આદર્યું વણસે ના ને વિઘ્ન ના ઊપજે અહીં;
સ્વલ્પે આ ધર્મનો અંશ ઉગારે ભયથી વડા. ૪૦

એમાં મનુષ્યની બુદ્ધિ એક નિશ્ચયમાં રહે;
અનંત, બહુશાખાળી બુદ્ધિ નિશ્ચયહીનની. ૪૧

અલ્પબુદ્ધિ જનો, પાર્થ કામ – સ્વર્ગ – પરાયણ,
વેદવાદ વિશે મગ્ન, આવી જે કર્મકાંડની ૪૨

જન્મ-કર્મ-ફળો દેતી, ભોગ-ઐશ્વર્ય સાધતી
વાણીને ખીલવી બોલે: ''આથી અન્ય કશું નથી.'' ૪૩

ભોગ-ઐશ્વર્યમાં ચોંટ્યા, હરાઈ બુદ્ધિ એ વડે, -
એમની બુદ્ધિની નિષ્ઠા ઠરે નહિ સમાધિમાં. ૪૪

ત્રિગુણાત્મક વેદાર્થો, થા ગુણાતીત, આત્મવાન્.
નિશ્ચિંત યોગ ને ક્ષેમે, નિર્દ્વંદ્વ, નિત્ય-સત્ત્વવાન્. ૪૫

નીરે-ભરેલ સર્વત્ર તળાવે કામ જેટલું;
તેટલું સર્વ વેદોમાં વિજ્ઞાની બ્રહ્મનિષ્ઠને. ૪૬

કર્મે જ અધિકારી તું, ક્યારેય ફળનો નહીં,
મા હો કર્મફળે દૃષ્ટિ, મા હો રાગ અકર્મમાં. ૪૭

કર યોગે રહી કર્મ, એમાં આસક્તિને ત્યજી;
યશાયશ સમા માની,—સમતા તે જ યોગ છે. ૪૮

અત્યંત હીન તો કર્મ બુદ્ધિયોગ થકી ખરે;
શરણું બુદ્ધિમાં શોધ, રંક જે ફળ વાંછતાં. ૪૯

બુદ્ધિયોગી અહીં છોડે પાપ ને પુણ્ય બેઉયે,
માટે આ યોગમાં જુટ, કર્મે કૌશલ્ય યોગ છે. ૫૦

બુદ્ધિયોગી વિવેકી એ, ત્યાગીને કર્મનાં ફળો,
જન્મબંધનથી છૂટી પોંચે નિર્દોષ ધામને. ૫૧

મોહનાં કાદવો જ્યારે તારી બુદ્ધિ તરી જશે,
સુણ્યું ને સુણવું બાકી બેયે નિર્વેદ આવશે. ૫૨

સુણી બહુ મુંઝાયેલી તારી બુદ્ધિ થશે સ્થિર,
અચંચળ, સમાધિસ્થ, ત્યારે તું યોગ પામશે. ૫૩

અર્જુન બોલ્યા—

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ, કેશવ?
બોલે, રહે, ફરે કેમ, મુનિ જે સ્થિરબુદ્ધિનો? ૫૪

શ્રી ભગવાન બોલ્યા—

મનની કામના સર્વે છોડીને, આત્મમાં જ જે
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો. ૫૫

દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ– ભય– ક્રોધ, મુનિ તે સ્થિરબુદ્ધિનો. ૫૬

આસક્ત નહિ જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૫૭

કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૫૮

નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રહી રસ જતો એમાં, એ ટળે પેખતા પરં. ૫૯

પ્રયત્નમાં રહે તોયે શાણાયે નરના હરે
મનને ઈન્દ્રિયો મસ્ત વેગથી વિષયો ભણી. ૬૦

યોગથી એ વશે રાખી રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૬૧

વિષયોનું રહે ધ્યાન એમાં આસક્તિ ઊપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે, ૬૨

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે. ૬૩

રાગ ને દ્વેષ છૂટેલી ઈન્દ્રિયે વિષયો ગ્રહે
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા. ૬૪

પામ્યે પ્રસન્નતા એનાં દુઃખો સૌ નાશ પામતાં;
પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર. ૬૫

અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, ક્યાંથી સુખ અશાંતને? ૬૬

ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની એ હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે. ૬૭

તેથી જેણે બધી રીતે રક્ષેલી વિષયો થકી
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૬૮

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી;
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા. ૬૯

સદા ભરાતા અચલપ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી. ૭૦

છોડીને કામના સર્વ ફરે જે નર નિ:સ્પૃહ,
અહંતા-મમતા મૂકી, તે પામે શાંતિ!, ભારત! ૭૧
આ છે બ્રાહ્મદશા, એને પામ્યે ના મોહમાં પડે;
અંતકાળેય એ રાખી બ્રહ્મનિર્વાણ મેળવે. ૭૨

અધ્યાય ૩જો

# કર્મસિદ્ધાન્ત

અર્જુન બોલ્યા–

જો તમે માનતા એમ, કર્મથી બુદ્ધિ તો વડી,
તો પછી ઘોર કર્મોમાં જોડો કેમ તમે મને ? ૧

મિશ્ર–શાં વાક્યથી, જાણે, મૂંઝવો મુજ બુદ્ધિને;
તે જ એક કહો નિશ્ચે, જે વડે શ્રેય પામું હું. ૨

શ્રી ભગવાન બોલ્યા–

બે જાતની કહી નિષ્ઠા આ લોકે પૂર્વથી જ મેં:
સાંખ્યની જ્ઞાનયોગે ને યોગીની કર્મયોગથી. ૩

ન કર્મ આદરે તેથી નિષ્કર્મી થાય ના જન;
ન તો કેવળ સંન્યાસે મેળવે પૂર્ણ સિદ્ધિને. ૪

રહે ક્ષણેય ના કોઈ ક્યેય કર્મ કર્યા વિના;
પ્રકૃતિના ગુણે સર્વે અવશે કર્મ આચરે. ૫

રોકી કર્મેન્દ્રિયો રાખે, ચિત્તમાં સ્મરતો રહે
વિષયોને મહામૂઢ–, મિથ્યાચાર ગણાય તે. ૬

મનથી ઈન્દ્રિયો નીમી આસક્તિવિણ આચરે,
કર્મેન્દ્રિયે કર્મયોગ, તે મનુષ્ય વિશેષ છે. ૭°

નીમેલાં કર કર્મો તું, ચડે કર્મ અકર્મથી;
ન તારી દેહયાત્રાયે સિદ્ધ થાયે અકર્મથી. ૮°

વિના યજ્ઞાર્થ કર્મોથી આ લોકે કર્મબંધન,
માટે આસક્તિને છોડી યજ્ઞાર્થે કર્મ આચર. ૯°

યજ્ઞ સાથ પ્રજા સર્જી બ્રહ્મા પૂર્વે વદ્યા હતા:-
''વધજો આ થકી, થાજો તમારી કામધેનુ આ. ૧૦

દેવોને રીઝવો આથી, રીઝવો તમનેય તે;
અન્યોન્ય રીઝવી એમ પરમ શ્રેય મેળવો. ૧૧

રીઝેલા યજ્ઞથી દેવો આપશે ઈષ્ટ ભોગને;
એઓ દે, એમને ના દે , એવો ખાનાર ચોર છે.''૧૨

યજ્ઞશેષ જમી સંતો છૂટે છે સર્વ પાપથી;
પોતા માટે જ જે રાંધે, તે પાપી પાપ ખાય છે. ૧૩°

અન્નથી ઊપજે જીવો; વૃષ્ટિથી અન્ન નીપજે;
યજ્ઞથી થાય છે વૃષ્ટિ; કર્મથી યજ્ઞ ઉદ્ભવે; ૧૪

બ્રહ્મથી ઊપજ્યું કર્મ; બ્રહ્મ અક્ષરથી થયું;
સર્વવ્યાપક એ બ્રહ્મ આમ યજ્ઞે સદા રહ્યું. ૧૫°

લોકે આવું પ્રવર્તેલું ચક્ર જે ચલવે નહીં,
ઈન્દ્રિયારામ તે પાપી વ્યર્થ જીવન ગાળતો. ૧૬

આત્મામાં જ રમે જેઓ, આત્માથી તૃપ્ત જે રહે,
આત્મા માંહે જ સંતુષ્ટ, તેને કો કાર્ય ના રહ્યું. ૧૭

કરે કે ન કરે તેથી એને કો હેતુ ના જગે;
કોઈયે ભૂતમાં એને કશો સ્વાર્થ રહ્યો નહીં. ૧૮

તેથી થઈ અનાસક્ત કર્મે તું કાર્ય કર્મને,
અસંગે આચરી કર્મ શ્રેયને પામતો નર. ૧૯°

કરીને કર્મ સંસિદ્ધિ મેળવી જનકાદિએ;
લોકસંગ્રહ પેખીયે તને એ કરવાં ઘટે. ૨૦

શ્રેષ્ઠ લોકો કરે જે જે, તે જ અન્ય જનો કરે;
એ જેને માન્યતા આપે, તે રીતે લોક વર્તતા. ૨૧

ત્રણે લોકે મ'ને કાંઈ બાકી કાર્ય રહ્યું નથી
અપ્રાપ્યું પામવા જેવું, તોયે હું વર્તું કર્મમાં. ૨૨

કદાચે જો પ્રવર્તું ના કર્મે આળસને ત્યજી,
મનુષ્યોયે અનુસરે સર્વથા મુજ માર્ગને. ૨૩

પામે વિનાશ આ સૃષ્ટિ, જો હું કર્મ ન આચરું;
થાઉં સંકરનો કર્તા, મેટનારો પ્રજા તણો. ૨૪°

જેમ આસક્તિથી કર્મ અજ્ઞાની પુરુષો કરે,
તેમ જ્ઞાની અનાસક્ત લોકસંગ્રહ ઈચ્છતો. ૨૫

કર્મે આસક્ત અજ્ઞોનો કરવો બુદ્ધિભેદ ના;
જ્ઞાનીએ આચરી યોગે શોભવાં સર્વ કર્મને. ૨૬

પ્રકૃતિના ગુણોથી જ સર્વ કર્મો સદા થતાં;
અહંકારે બની મૂઢ માને છે નર 'હું કરું'. ૨૭

ગુણકર્મવિભાગોના તત્ત્વને જાણનાર તો
'ગુણો વર્તે ગુણોમાંહીં'– જાણી આસક્ત થાય ના. ૨૮

પ્રકૃતિના ગુણે મૂઢ ચોંટે છે ગુણ કર્મમાં;
એવા અલ્પજ્ઞ મંદોને જ્ઞાનીએ ન ચળાવવા. ૨૯

મારામાં સર્વ કર્મોને અર્પી અધ્યાત્મબુદ્ધિથી
આશા ને મમતા છોડી, નિર્વિકાર થઈ લડ. ૩૦

મારા આ મતને માની વર્તે જે માનવો સદા,
શ્રદ્ધાળુ, મન નિષ્પાપ, છૂટે તેઓય કર્મથી. ૩૧

મનમાં પાપ રાખી જે મતે મારા ન વર્તતા,
સકલજ્ઞાનહીણા તે અબુધો નાશ પામતા. ૩૨

જેવી પ્રકૃતિ પોતાની જ્ઞાનીયે તેમ વર્તતો;
સ્વભાવે જાય છે પ્રાણી, નિગ્રહે કેટલું વળે ? ૩૩

ઇન્દ્રિયોને સ્વઅર્થોમાં રાગ ને દ્વેષ જે રહે,
તેમને વશ થાવું ના, દેહીના વાટશત્રુ એ. ૩૪

રૂડો સ્વધર્મ ઊણોયે સુસેવ્યા પરધર્મથી;
સ્વધર્મે મૃત્યુયે શ્રેય, પરધર્મ ભયે ભર્યો. ૩૫

અર્જુન બોલ્યા–

તો પછી નર કોનાથી પ્રેરાઈ પાપ આચરે,–
ન ઈચ્છતાંય, જાણે કે હોય જોડાયેલો બળે ? ૩૬

શ્રી ભગવાન બોલ્યા–

એ તો કામ ત્થા ક્રોધ, જન્મ જેનો રજોગુણે;
મહાભક્ષી મહાપાપી, વેરી એ જાણજે જગે. ૩૭

ધુમાડે અગ્નિ ઢંકાય, રજે ઢંકાય દર્પણ,
ઓરથી ગર્ભ ઢંકાય, તેમ જ જ્ઞાન કામથી. ૩૮

કામરૂપી મહાઅગ્નિ તૃપ્ત થાય નહીં કદી,
એનાથી જ્ઞાન ઢંકાયું, જ્ઞાનીનો નિત્યશત્રુ એ. ૩૯

ઈન્દ્રિયો મન ને બુદ્ધિ કામનાં સ્થાન સૌ કહ્યાં;
એ વડે જ્ઞાન ઢાંકી એ પમાડે મોહ જીવને. ૪૦

એ માટે નિયમે પે'લાં લાવીને ઈન્દ્રિયો બધી,
જ્ઞાનવિજ્ઞાનઘાતી એ પાપીને કર દૂર તું. ૪૧

ઈન્દ્રિયોને કહી સૂક્ષ્મ, સૂક્ષ્મ ઈન્દ્રિયોથી મન,
મનથી સૂક્ષ્મ છે બુદ્ધિ, બુદ્ધિથી સૂક્ષ્મ એ રહ્યો. ૪૨

એમ બુદ્ધિપરો જાણી, આપથી આપ નિગ્રહી,
દુર્જયી કામરૂપી આ વેરીનો કર નાશ તું. ૪૩

અધ્યાય ૪થો

# જ્ઞાન દ્વારા કર્મનો સંન્યાસ

શ્રી ભગવાન બોલ્યા—

પૂર્વે આ અવ્યયી યોગ મેં વિવસ્વાનને કહ્યો,
એણે એ મનુને ભાખ્યો, એણે ઈક્ષ્વાકુને કહ્યો. ૧

એમ પરંપરાથી એ જાણ્યો રાજર્ષિએ ઘણા,
લાંબે કાળે પછી લોકે લોપ એ યોગનો થયો. ૨

એ જ મેં આ તને આજે કહ્યો યોગ પુરાતન,
ભક્ત મારો છે ઉત્તમ રહસ્ય આ સખાયે તું, ૩

અર્જુન બોલ્યા—

પૂર્વે જન્મ્યા વિવસ્વાન, તમારો જન્મ હાલનો,
તો કેમ માનું કે એને આદિમાં જ તમે કહ્યો ? ૪

શ્રી ભગવાન બોલ્યા—

વીત્યા જન્મો ઘણા મારા, તારાયે તેમ, અર્જુન;
હું જાણું છું બધા એને, તું એને જાણતો નથી. ૫

અજન્મા, અવ્યયાત્મા ને ભૂતોનો ઈશ્વરે છતાં,
ઊપજું આત્મ માયાથી મારી પ્રકૃતિ પેં ચડી. ૬

જ્યારે જ્યારે જગે થાય ધર્મની ગ્લાનિ, ભારત,
અધર્મ ઊભરે ત્યારે પોતાને સરજાવું હું. ૭

સંતોના રક્ષણાર્થે ને પાપીના નાશ કારણે,
ધર્મની સ્થાપના કાજે સંભવું છું યુગે યુગે. ૮

મારાં જન્મ તથા કર્મ દિવ્ય જે આમ તત્ત્વથી
જાણે, તે ન ફરી જન્મે, મર્યે પામે મ'ને જ એ. ૯

વીત– રાગ– ભય– ક્રોધ, મ'ને આશ્રિત હું-મય,
જ્ઞાને તપે થઈ શુદ્ધ પામ્યા મદ્ભાવને ઘણા. ૧૦

જે મ'ને આશરે જેમ, તેને તેમ જ હું ભજું;
અનુસરે મનુષ્યો સૌ સર્વથા મુજ માર્ગને. ૧૧

ઈચ્છતા કર્મની સિદ્ધિ દેવોને પૂજતા જનો;
જલદી કર્મની સિદ્ધિ થાય માનવલોકમાં. ૧૨

ગુણ ને કર્મના ભેદે સર્જ્યા મેં ચાર વર્ણને;
હું અવ્યય અકર્તા એ, જાણ, કર્તાય એમનો. ૧૩

ન મ'ને લેપતાં કર્મો, ન મ'ને ફળમાં સ્પૃહા;
જે મ'ને ઓળખે એમ, તે ન બંધાય કર્મથી. ૧૪

આવા જ્ઞાને કર્યું કર્મ પૂર્વેનાયે મુમુક્ષુએ,
કર કર્મ જ તેથી તું, પૂર્વજો જે કરી ગયા. ૧૫

પંડિતોયે મૂંઝાતા કે કર્મ શું ને અકર્મ શું,
તેથી કહું કર્મ, જેને જાણ્યે છૂટીશ પાપથી. ૧૬

કર્મનો જાણવો મર્મ, જાણવોયે વિકર્મનો,
જાણવો જે અકર્મેયે, ગૂઢ છે કર્મની ગતિ. ૧૭°

અકર્મ કર્મમાં દેખે, કર્મ દેખે અકર્મમાં,
બુદ્ધિમાન્ તે મનુષ્યોમાં, યોગી એ પૂર્ણ કર્મવાન્. ૧૮

એના સર્વે સમારંભો કામ-સંકલ્પ-હીન છે,
એ જ્ઞાનીનાં બળ્યાં કર્મો જ્ઞાનાગ્નિથી, બુધો કહે. ૧૯°

છોડી કર્મફલાસક્તિ સદા તૃપ્ત, નિરાશ્રયી,
પ્રવર્તે કર્મમાં તોયે કશું એ કરતો નથી. ૨૦

મનબુદ્ધિ વશે રાખી, તૃષ્ણાહીન, અસંગ્રહી,
માત્ર દેહ થકી કર્મ કર્યે પાપ ન પામતો. ૨૧

સંતુષ્ટ જે મળે તેથી, ના દ્વંદ્વ, નહિ મત્સર,
સિદ્ધિ-અસિદ્ધિમાં તુલ્ય, તે ન બંધાય કર્મથી. ૨૨

છૂટ્યો સંગ, થયો મુક્ત, જ્ઞાનમાં સ્થિર ચિત્તનો,
યજ્ઞાર્થે જે કરે કર્મ, તે સર્વે લય પામતું. ૨૩

બ્રહ્માર્પ્યું બ્રહ્મનિષ્ઠે જે બ્રહ્માજ્ય બ્રહ્મ-અગ્નિમાં,
બ્રહ્મકર્મની નિષ્ઠાથી બ્રહ્મરૂપ જ થાય તે. ૨૪°

કોઈ યોગી કરે માત્ર દેવ-યજ્ઞ ઉપાસના,
કોઈ બ્રહ્માગ્નિમાં યજ્ઞ યજ્ઞથી ત્યમ હોમતા, ૨૫°

શ્રોત્રાદિ ઈન્દ્રિયો કોઈ હોમતા સંયમાગ્નિમાં,
શબ્દાદિ વિષયો કોઈ હોમતા ઈન્દ્રિયાગ્નિમાં, ૨૬°

કોઈ સૌ ઈન્દ્રિયોનાં ને પ્રાણોનાં કર્મ હોમતાં
જ્ઞાનથી અગ્નિ ચેતાવી આત્મસંયમયોગનો. ૨૭°

દ્રવ્યે, તપે તથા યોગે, સ્વાધ્યાયે, જ્ઞાન સાધને,
જુદા જુદા કરે યજ્ઞો, વ્રતસજ્જ, પ્રયત્નવાન્, ૨૮

અપાને પ્રાણને હોમે તથા પ્રાણે અપાનને,
અપાન-પ્રાણને રોકી પ્રાણાયામ-ઉપાસકો, ૨૯

આહાર નિયમે આણી કો હોમે પ્રાણ પ્રાણમાં,
યજ્ઞથી પાપ ટાળેલા યજ્ઞવેત્તા બધાય આ. ૩૦

યજ્ઞશેષસુધાભોગી પામે બ્રહ્મ સનાતન;
આ લોકે ના વિનાયજ્ઞ, તો પછી પરલોક ક્યાં ? ૩૧°

બહુ પ્રકારના આવા વેદમાં યજ્ઞ વર્ણવ્યા;
સૌ એ કર્મે થતાં જાણ, એ જાણ્યે મોક્ષ પામશે. ૩૨

દ્રવ્યયજ્ઞો થકી રૂડો જાણવો જ્ઞાનયજ્ઞને;
જ્ઞાનમાં સઘળાં કર્મ પૂરેપૂરાં સમાય છે, ૩૩

નમીને, પ્રશ્ન પૂછીને, સેવીને જ્ઞાન પામ તું;
જ્ઞાનીઓ તત્ત્વના દ્રષ્ટા તને તે ઉપદેશશે. ૩૪

જે જાણ્યેથી ફરી આવો તને મોહ થશે નહીં;
જેથી પેખીશ આત્મામાં-મુજમાં ભૂતમાત્ર તું. ૩૫

હશે તું સર્વપાપીમાં મહાપાપીય જો કદી,
તોયે તરીશ સૌ પાપ જ્ઞાનનૌકા વડે જ તું. ૩૬

જેમ પ્રજ્વલતો અગ્નિ કરે છે ભસ્મ કાષ્ઠ સૌ,
તેમ ચેતેલ જ્ઞાનાગ્નિ કરે છે ભસ્મ કર્મ સૌ. ૩૭

નથી જ જ્ઞાનના જેવું પવિત્ર જગમાં કંઈ;
સિદ્ધયોગી, યથાકાળે, જાણે એ આત્મમાં સ્વયં. ૩૮

મેળવે જ્ઞાન શ્રદ્ધાળુ, જે જિતેન્દ્રિય તત્પર;
મેળવી જ્ઞાનને પામે શીઘ્ર પરમ શાંતિને. ૩૯

અજ્ઞાની ને અશ્રદ્ધાળુ, સંશયીનો વિનાશ છે;
આ લોકે, પરલોકે ના, સુખે ના સંશયી લહે. ૪૦

યોગથી કર્મને છોડયાં, જ્ઞાનથી સંશયો હણ્યા,
એવા આત્મવશીને તો કર્મો બાંધી શકે નહીં. ૪૧

માટે અજ્ઞાનથી ઊઠયો આ જે હૃદય-સંશય,
જ્ઞાનખડ્ગે હણી તેને યોગે થા સ્થિર, ઊઠ તું. ૪૨

# અધ્યાય ૫મો

# જ્ઞાનદશા

અર્જુન બોલ્યા—

કહો સંન્યાસ કર્મોનો, યોગનોયે કહો તમે;
બેમાંથી એક જે રૂડો, તે જ નિશ્ચયથી કહો. ૧

શ્રી ભગવાન બોલ્યા—

કર્મસંન્યાસ ને યોગ બંનેયે શ્રેયકારક;
બેમાંહીં કર્મનો યોગ કર્મસંન્યાસથી ચડે. ૨

જાણો તે નિત્ય-સંન્યાસી રાગ-દ્વેષ ન જે વિશે;
દ્વંદ્વમુક્ત થયેલો એ છૂટે બંધનથી સુખે. ૩

સાંખ્ય ને યોગ છે ભિન્ન, બાળ કહે, પંડિતો નહીં;
બેમાં એકેયને પૂરો પામતાં ફળ મેળવે. ૪

જે સ્થાન મેળવે સાંખ્યો, યોગીયે તે જ પામતા;
તેનો તે સાંખ્ય ને યોગ દેખે જે, તે જ દેખતા. ૫

પણ દુઃખે જ સંન્યાસ પામવો યોગના વિના;
મુનિ જે યોગમાં યુક્ત, શીઘ્ર તે બ્રહ્મ મેળવે. ૬

યોગયુક્ત, વિશુદ્ધાત્મા, જીતેલો મન-ઈન્દ્રિયો,
સર્વ ભૂત તણો આત્મા, તે ન લેપાય કર્મથી. ૭

જુએ, સુણે, અડે, સૂંઘે, જમે, ઊંઘે, વહે, કરે,
શ્વાસ લે, પકડે, છોડે, ખોલે-મીંચેય આંખને. ૮

ઇન્દ્રિયો નિજ કર્મોમાં વર્તે છે એમ જાણતો,
માને તત્ત્વજ્ઞ યોગી કે ''હું કશું કરતો નથી.'' ૯

બ્રહ્માર્પણ કરી કર્મ છોડી આસક્તિને કરે,
પાપથી તે ન લેપાય, પાણીથી પદ્મ પાન-શો. ૧૦

શરીરે, મન-બુદ્ધિએ, માત્ર વા ઇન્દ્રિયે કરે,
આત્માની શુદ્ધિને કાજે યોગી નિ:સંગ કર્મને. ૧૧

યોગી કર્મફળો છોડી નિષ્ઠાની શાંતિ મેળવે;
અયોગી ફળનો લોભી બંધાતો વાસના વડે. ૧૨

સૌ કર્મો મનથી છોડી, સુખે આત્મવશી રહે
નવદ્વારપુરે દેહી, ના કરે કારવે કંઈ. ૧૩°

ન કર્તાપણું, ના કર્મો સર્જતો લોકનાં પ્રભુ;
ન કર્મફળયોગેય, સ્વભાવ જ પ્રવર્તતો. ૧૪

લે નહીં કોઈનું પાપ, ન તો પુણ્યેય એ વિભુ;
અજ્ઞાને જ્ઞાન ઢંકાયું, તેથી સૌ મોહમાં પડે. ૧૫

જેમનું આત્મ-અજ્ઞાન જ્ઞાનથી નાશ પામિયું,
તેમનું સૂર્ય-શું જ્ઞાન પ્રકાશે પરમાત્મને. ૧૬

જેની આત્મા વિશે બુદ્ધિ, નિષ્ઠા, તત્પરતા, મન,
ધોવાયાં જ્ઞાનથી પાપો, તેને જન્મ નહીં ફરી. ૧૭

વિદ્વાન વિનયી વિપ્રે, તેમ ચાંડાળને વિશે,
ગાયે, ગજેય, શ્વાનેયે જ્ઞાનીને સમદૃષ્ટિ છે. ૧૮

અહીં જ ભવ તે જીત્યા, સ્થિર જે સમબુદ્ધિમાં;
નિર્દોષ સમ છે બ્રહ્મ, તેથી એ બ્રહ્મમાં ઠર્યા. ૧૯°

ન રાચે એ પ્રિય મળ્યે, નહી મૂઝાય અપ્રિયે,
અમૂઢ, સ્થિરબુદ્ધિ એ બ્રહ્મજ્ઞ, બ્રહ્મમાં ઠર્યો. ૨૦

વિષયોમાં અનાસક્ત જાણે જે આત્મમાં સુખ,
તે બ્રહ્મયોગમાં યુક્ત અક્ષયી સુખ ભોગવે. ૨૧°

કાં જે ઈન્દ્રિયના ભોગો દુઃખકારણ માત્ર તે,
ઊપજે ને વળી નાશે, જ્ઞાની રાચે ન એ વિશે. ૨૨°

કામ ને ક્રોધના વેગો છૂટચા પે'લાં જ દેહથી,
અહીં જ જે સહી જાણે, તે યોગી, તે સુખી નર. ૨૩

પ્રકાશ, સુખ ને શાંતિ જેને અંતરમાં મળ્યાં,
થયેલો બ્રહ્મ તે યોગી બ્રહ્મનિર્વાણ પામતો. ૨૪

પામતા બ્રહ્મનિર્વાણ ઋષિઓ ક્ષીણપાપ જે,
અસંશયી, જિતાત્મા ને સર્વભૂતહિતે મચ્યા. ૨૫

કામ ને ક્રોધથી મુક્ત યતિ જે આત્મનિગ્રહી,
રહે તે આત્મજ્ઞાનીને બ્રહ્મનિર્વાણ પાસમાં. ૨૬

વિષયોને કર્યા દૂર, દૃષ્ટિ ભ્રૂ-મધ્યમાં ધરી,
નાકથી આવતા જાતા પ્રાણાપાન કર્યા સમ, ૨૭

વશેન્દ્રિય-મનોબુદ્ધિ મુનિ મોક્ષપરાયણ,
ટાળ્યાં ઇચ્છા-ભય-ક્રોધ, તે મુનિ મુક્ત તો સદા. ૨૮

મ'ને સૌ ભૂતનો મિત્ર, સર્વ-લોક-મહેશ્વર,
યજ્ઞ ને તપનો ભોક્તા જાણી એ શાંતિ પામતો. ૨૯

# અધ્યાય ૬ઠ્ઠો
# ચિત્તનિરોધ

શ્રી ભગવાન બોલ્યા–

ફળનો આશરો છોડી કરે કર્તવ્ય કર્મ જે,
તે સંન્યાસી તથા યોગી, ન જે નિર્યજ્ઞ, નિષ્ક્રિય. ૧

સંન્યાસ જે કહે લોકે, તેને તું યોગ જાણજે;
વિના સંકલ્પને છોડયે યોગી થાય ન કોઈયે. ૨

યોગમાં ચડવા કાજે કર્મ કારણ તો કહ્યું;
યોગે સિદ્ધ થયેલાને શાંતિ કારણ તો કહ્યું. ૩°

જ્યારે વિષયભોગે કે કર્મે આસક્ત થાય ના,
સર્વસંકલ્પસંન્યાસી યોગસિદ્ધ થયો ગણો. ૪

આપને તારવો આપે, આપને ન ડુબાડવો;
આપ જ આપનો બંધુ, શત્રુ આપ જ આપનો. ૫

જીતે જે આપને આપ, તે આત્મા આત્મનો સખા;
જો અજીતેલ આત્મા તો વર્તે આત્મા જ શત્રુ–શો. ૬

શાંતચિત્ત જિતાત્માનો પરમાત્મા સમાધિમાં
ટાઢે–તાપે, સુખે–દુઃખે, રહે માનાપમાનમાં. ૭°

જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત, બ્રહ્મનિષ્ઠ, જિતેન્દ્રિય,
યુક્ત તેથી કહ્યો યોગી, સમલોષ્ટાશ્મકાઞ્ચન. ૮°

વા'લા, વેરી, સખા, મધ્ય, ઉદાસી, દ્વેષી ને સગા,
સાધુ–અસાધુમાં જેને સમબુદ્ધિ, વિશેષ તે. ૯

આશા–પરિગ્રહો છોડી, મનબુદ્ધિ કરી વશ,
યોગીએ યોજવો આત્મા, એકાંતે, નિત્ય, એકલાં. ૧૦

શુદ્ધ સ્થળે ક્રમે નાખી દર્ભ, ચર્મ અને પટ,
ન બહુ ઊંચું કે નીચું સ્થિર આંસન વાળવું. ૧૧

કરીને મન એકાગ્ર, રોકી ચિત્તેન્દ્રિયક્રિયા,
બેસીને આસને યોગ યોજવો આત્મશુદ્ધિનો. ૧૨°

કાયા, મસ્તક ને ડોક સીધાં, નિશ્ચળ ને સ્થિર,
રાખવી દૃષ્ટિ નાસાગ્રે, આસપાસ ન ભાળવું. ૧૩

શાંતવૃત્તિ, ભયે મુક્ત, વ્રતસ્થી, મત્પરાયણ,
મનને સંયમે રાખી મુજમાં ચિત્ત જોડવું. ૧૪

આપને યોજતો યોગી નિત્ય આમ મનોજયી
પામે છે મોક્ષ દેનારી શાંતિ, જે મુજમાં રહી. ૧૫

નહીં અત્યંત આહારે, ન તો કેવળ લાંઘણે,
ઊંઘ્યે, જાગ્યેય ના ઝાઝે, યોગની સાધના થતી. ૧૬

યોગ્ય વિહાર-આહાર, યોગ્ય પ્રવૃત્તિ કર્મમાં,
યોગ્ય જાગૃતિ ને નિદ્રા તો સીધે યોગ દુઃખહા. ૧૭

નિયમે પૂર્ણ રાખેલું ચિત્ત આત્મા વિશે ઠરે,
નિઃસ્પૃહી કામનાથી સૌ, ત્યારે એ યુક્ત જાણવો. ૧૮

વાયુહીન સ્થળે જેમ હાલે ના જ્યોત દીપની,
સંયમી આત્મયોગીના ચિત્તની ઉપમા કહી. ૧૯

યોગાભ્યાસે નિરોધેલું જ્યાં લે ચિત્ત વિરામને,
જ્યાં પેખી આત્મથી આત્મા પામે સંતોષ આત્મમાં; ૨૦
જ્યાં રહ્યું સુખ અત્યંત, બુદ્ધિગ્રાહ્ય, અતીન્દ્રિય,
એ જાણે, ને રહી એમાં તત્ત્વથી તે ચળે નહીં; ૨૧

જે મળ્યે અન્ય કો લાભ ન માને તે થકી વધુ,
જેમાં રહી ચળે ના તે મોટાંયે દુઃખથી કદી. ૨૨

દુઃખના યોગથી મુક્ત એવો એ યોગ જાણવો,
પ્રસન્ન ચિત્તથી એવો યોગ નિશ્ચય યોજવો. ૨૩

સંકલ્પે ઊઠતા કામો સંપૂર્ણ સઘળા ત્યજી,
મનથી ઈન્દ્રિયોને સૌ બધેથી નિયમે કરી, ૨૪

ધીરે ધીરે થવું શાંત ધૃતિને વશ બુદ્ધિથી,
આત્મામાં મનને રાખી, ન ચિંતવવું કાંઈયે. ૨૫

જ્યાંથી જ્યાંથી ચળી જાય મન ચંચળ અસ્થિર,
ત્યાં ત્યાંથી નિયમે લાવી આત્મામાં કરવું વશ. ૨૬

પ્રશાંત-મન, નિષ્પાપ, બ્રહ્મરૂપ થયેલ આ
શાંત-વિકાર યોગીને મળે છે સુખ ઉત્તમ. ૨૭

આમ નિષ્પાપ એ યોગી આત્માને યોજતો સદા,
સુખેથી બ્રહ્મ સંબંધી અત્યંત સુખ ભોગવે. ૨૮

યોગે થયેલ યુક્તાત્મા સર્વત્ર સમદષ્ટિનો
દેખે સૌ ભૂતમાં આત્મા ને સૌ ભૂતોય આત્મમાં. ૨૯

જે સર્વત્ર મ'ને દેખે, સર્વને મુજમાં વળી,
તેને વિયોગ ના મારો, મ'ને તેનોય ના થતો. ૩૦

જે ભજે એકનિષ્ઠાથી સર્વ ભૂતે રહ્યા મ'ને,
વર્તતાં સર્વ રીતેયે તે યોગી મુજમાં રહ્યો. ૩૧

આત્મ-સમાન સર્વત્ર જે દેખે સમબુદ્ધિથી
જે આવે સુખ કે દુઃખ, તે યોગી શ્રેષ્ઠ માનવો. ૩૨

અર્જુન બોલ્યા—

સમત્વબુદ્ધિનો યોગ તમે જે આ કહ્યો મ'ને,
તેની ન સ્થિરતા દેખું, કાં જે ચંચળ તો મન. ૩૩

મન ચંચળ, મસ્તાની, અતિશે બળવાન એ,
એનો નિગ્રહ તો માનું વાયુ-શો કપરો ઘણો. ૩૪

**શ્રી ભગવાન બોલ્યા–**

મન ચંચળ તો, સાચે, રોકવું કપરું અતિ,
તોયે અભ્યાસ-વૈરાગ્યે એને ઝાલવું શક્ય છે. ૩૫

આત્મસંયમ ના હોય, તો માનું યોગ દુર્લભ;
પ્રયત્નથી જિતાત્માને ઉપાયે શક્ય પામવો. ૩૬

**અર્જુન બોલ્યા–**

અયતિ પણ શ્રદ્ધાળુ, યોગથી ભ્રષ્ટ ચિત્તનો,
યોગસિદ્ધિ ન પામેલો તેવાની ગતિ શી થતી? ૩૭

પામે નાશ નિરાધાર છૂટી કો વાદળી સમો,
બંનેથી એ થઈ ભ્રષ્ટ, ભૂલેલો બ્રહ્મમાર્ગને? ૩૮

મારો સંશય આ, કૃષ્ણ! ઘટે સંપૂર્ણ ભાંગવો,
નથી આપ વિના કોઈ, જે આ સંશયને હણે. ૩૯

**શ્રી ભગવાન બોલ્યા–**

અહીં કે પરલોકેયે એનો નાશ નથી કદી;
બાપુ! કલ્યાણ-માર્ગે કો દુર્ગતિ પામતો નથી. ૪૦

પામી એ પુણ્ય લોકોને, વસીને દીર્ઘકાળ ત્યાં,
શુચિ શ્રીમાનને ઘેર જન્મ લે યોગભ્રષ્ટ એ, ૪૧

વા બુદ્ધિમાન યોગીના કુળમાં જન્મ એ ધરે;
ઘણો દુર્લભ તો આવો પામવો જન્મ આ જગે. ૪૨

ત્યાં એ જ બુદ્ધિનો યોગ મેળવે પૂર્વજન્મનો
ને ફરી સિદ્ધિને માટે કરે આગળ યત્ન એ. ૪૩

પૂર્વના એ જ અભ્યાસે ખેંચાય અવશેય એ;
યોગ જિજ્ઞાસુયે તેથી શબ્દની પાર જાય એ. ૪૪

ખંતથી કરતો યત્ન દોષોથી મુક્ત એ થઈ,
ઘણા જન્મે થઈ સિદ્ધ યોગી પામે પરંગતિ. ૪૫

તપસ્વીથી ચડે યોગી, જ્ઞાનીઓથીય એ ચડે,
કર્મીઓથી ચડે યોગી, તેથી યોગી તું, પાર્થ! થા. ૪૬

યોગીઓમાંય સર્વેમાં, જે શ્રદ્ધાળુ મ'ને ભજે,
મારામાં ચિત્તને પ્રોઈ તે યોગી શ્રેષ્ઠ મેં ગણ્યો. ૪૭

અધ્યાય ૭મો

# જ્ઞાનવિજ્ઞાન

શ્રી ભગવાન બોલ્યા–

આસક્ત મુજમાં, મારા આશ્રયે યોગ યોજતો,
જેવો સમગ્ર નિ:શંક મને જાણીશ, એ સુણ. ૧

વિજ્ઞાન સાથ આ જ્ઞાન સંપૂર્ણ કહું છું તને,
જે જાણ્યાથી પછી બીજું જગે ના જાણવું રહે. ૨

હજારો માનવે કોક સિદ્ધિનો યત્ન આદરે
ને સિદ્ધ યતિઓમાંયે કો જ તત્ત્વે લહે મ'ને. ૩

ભૂ, પાણી, અગ્નિ, વા, વ્યોમ, મન, બુદ્ધિ, અહંકૃતિ–
આ આઠ રૂપના ભેદે મારી પ્રકૃતિ છે રહી. ૪

આ તો અપર, છે અન્ય પર પ્રકૃતિ એ થકી,
જીવરૂપ થઈ જેણે, જાણ, આ જગને ધર્યું. ૫

આ બેથી સઘળાં ભૂતો ઊપજે એમ જાણજે;
આખા જગતનો, પાર્થ! હું જ ઉત્પત્તિ ને લય. ૬

બીજું કોઈ નથી તત્ત્વ મારાથી પર જે ગણો;
હું–માં આ સૌ પરોવાયું દોરામાં મણકા સમું. ૭

રસ હું જળમાંહી છું, પ્રભા છું સૂર્યચંદ્રમાં,
ૐ(૩)[1] વેદે, નભે શબ્દ, નરોમાં પુરુષાતન. ૮

પવિત્ર ગંધ પૃથ્વીમાં, અગ્નિમાં હું પ્રકાશ છું;
જીવન સર્વ ભૂતોમાં, તપસ્વીઓમાં વિશે તપ. ૯

તું જાણ સર્વ ભૂતોનું મ'ને બીજ સનાતન,
છું બુદ્ધિમાનની બુદ્ધિ, તેજસ્વીઓનું તેજ છું. ૧૦

કામ ને રાગથી મુક્ત બળ હું બળવાનનું;
ધર્મથી ન વિરોધી જે, તેવો છું કામ ભૂતમાં. ૧૧

વળી સાત્ત્વિક જે ભાવો, રજ ને તમનાય જે,
મારા થકી જ તે જાણ, એમાં હું, નહિ એ હું–માં. ૧૨

આવા ત્રિગુણના ભાવે મોહેલું સર્વ આ જગત્;
ઓળખે ના મ'ને, જે છું તે સૌથી પર અવ્યય. ૧૩

દૈવી ગુણમયી મારી માયા આ અતિ દુસ્તર;
મારે જ શરણે આવે, તે આ માયા તરી જતા. ૧૪

મારે ન શરણે આવે પાપી, મૂઢ, નરાધમો,
માયાએ જ્ઞાન લૂંટેલા, આસુરી ભાવ સેવતા. ૧૫

ચાર પ્રકારના ભક્તો પુણ્યશાળી ભજે મ'ને:
આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, ચોથો જ્ઞાની, પરંતપ! ૧૬

---

૧. ત્રણ માત્રા જેટલો દીર્ઘ ઉચ્ચાર કરવો.

એમાં જ્ઞાની, સદાયોગી, અનન્યી ભક્ત, શ્રેષ્ઠ છે;
જ્ઞાનીને હું ઘણો વા'લો, એયે છે મુજને પ્રિય. ૧૭

એ સૌ સંતજનો તોયે જ્ઞાની આત્મા જ છે મુજ;
મારામાં એ રહ્યો યુક્ત, જેનાથી શ્રેષ્ઠ ના ગતિ. ૧૮

ઘણાયે જન્મને અંતે જ્ઞાની લે શરણું મુજ;
'સર્વ આ બ્રહ્મ' જાણે તે મહાત્મા અતિ દુર્લભ. ૧૯

કામોએ જ્ઞાન લૂંટેલા ભજે એ અન્ય દેવતા
તે તે જ નિયમો રાખી–બાંધ્યા પ્રકૃતિએ નિજ, ૨૦

ઇચ્છે જે રૂપમાં જે જે શ્રદ્ધાપૂર્વક પૂજવા,
તેની તેની હું તેવી જ દૃઢ શ્રદ્ધા કરાવું છું. ૨૧

એવી શ્રદ્ધા ભર્યો એની વાંછતો એ પ્રસન્નતા;
તેનાથી મેળવે કામો, મેં જ નિર્માણ જે કર્યાં. ૨૨

નાશવંત ફળો પામે જનો એ અલ્પબુદ્ધિના,
દેવોના ભક્ત દેવોને, મારા ભક્ત મ'ને મળે. ૨૩

અવ્યક્ત તે થયો વ્યક્ત માને મૂઢ જનો મ'ને,
ન જાણતા પરંભાવ મારો અવ્યય ઉત્તમ. ૨૪

ઢંકાયો યોગમાયાએ ના હું પ્રગટ સર્વને;
આ મૂઢ લોક જાણે ના અજન્મા, અવ્યયી મ'ને. ૨૫

ભૂતો જે જે થયાં પૂર્વે, આજે છે ને હવે થશે,
હું તો તે સર્વને જાણું, મ'ને કો જાણતું નથી. ૨૬

રાગ ને દ્વેષથી ઊઠે દ્વંદ્વોનો મોહ ચિત્તમાં,
તેથી સંસારમાં સર્વે ભૂતોને મોહ થાય છે. ૨૭

પણ જે પુણ્યશાળીનાં પાપકર્મ ગળી ગયાં,
તે દ્વંદ્વ મોહ છૂટેલા મ'ને દૃઢ વ્રતે ભજે. ૨૮

જે મારે આશ્રયે મંડે છૂટવા જન્મમૃત્યુથી,
બ્રહ્મ, સંપૂર્ણ અધ્યાત્મ, સર્વ કર્મેય તે લહે. ૨૯

સાધિભૂતાધિદૈવે જે, સાધિયજ્ઞ મ'ને લહે,
જાણે પ્રયાણ કાળેયે મ'ને તે યુક્તચિત્તના. ૩૦°

## અધ્યાય ૮મો

# યોગીનો દેહત્યાગ

**અર્જુન બોલ્યા–**

શું એ બ્રહ્મ , ? શું અધ્યાત્મ ? શું કર્મ, પુરુષોત્તમ ?
અધિભૂત કહે શાને ? શું, વળી, અધિદૈવ છે ? ૧°

અધિયજ્ઞ અહીં દેહે કોણ ને કેમ છે રહ્યો ?
તમને અંતવેળાએ યતિએ કેમ જાણવા ? ૨°

**શ્રી ભગવાન બોલ્યા–**

છે અક્ષર પરંબ્રહ્મ, છે અધ્યાત્મ સ્વભાવ જે;
ભૂતો સૌ ઉપજાવે તે વિસર્ગી કર્મ જાણવું. ૩°

ક્ષર ને જીવના ભાવો અધિભૂતાધિદૈવ એ;
અધિયજ્ઞ હું પોતે જ દેહીના દેહમાં અહીં. ૪°

મ'ને જ સ્મરતો અંતે છોડી જાય શરીર જે,
મારો જ ભાવ તે પામે, એમાં સંશય ના કશો. ૫

જે જેયે સ્મરતો ભાવ છોડી જાય શરીરને,
તેને તેને જ એ પામે સદા એ ભાવથી ભર્યો. ૬

માટે અખંડ તું મારી સ્મૃતિને રાખતો લડ;
મનબુદ્ધિ મ'ને અર્પ્યે મ'ને નિઃશંક પામશે. ૭

અભ્યાસયોગમાં યુક્ત મન બીજે ભમે નહીં,
અખંડચિંતને પામે પરંપુરુષ દિવ્ય તે. ૮

પુરાણ, સર્વજ્ઞ, જગન્નિયંતા,
સૂક્ષ્માતિસૂક્ષ્મ સહુના વિધાતા,
આદિત્યવર્ણ, તમથીય પાર,
અચિંત્યરૂપ સ્મરતો સદા જે. ૯

પ્રયાણકાળે સ્થિર ચિત્ત રાખી,
દે ભક્તિ સાથે બળ યોગનુંયે,
ભવાં વચે પ્રાણ સુરીત આણી
યોગી પરંપુરુષ દિવ્ય પામે. ૧૦

જેને કહે 'અક્ષર' વેદવેત્તા,
જેમાં વિરાગી યતિઓ પ્રવેશે,
જે કાજ રાખે વ્રત બ્રહ્મચર્ય,
કહું તને તે પદ સારરૂપે. ૧૧

રોકીને ઇન્દ્રિયદ્વારો, રૂંધીને હૃદયે મન,
સ્થાપીને તાળવે પ્રાણ, રાખીને યોગધારણા, ૧૨

ૐ(૩)[૧] એકાક્ષરી બ્રહ્મ ઉચ્ચરી સ્મરતો મ'ને,
જે જાય દેહને છોડી, તે પામે છે પરંગતિ. ૧૩

---

૧. ત્રણ માત્રા જેટલો દીર્ઘ ઉચ્ચાર કરવો.

એક ચિત્તે સતત જે સદા સંભારતો મ'ને,
તે નિત્યયુક્ત યોગીને સે'જે હું પ્રાપ્ત થાઉં છું. ૧૪

મ'ને પોં'ચી મહાત્માઓ પામેલા શ્રેષ્ઠ સિદ્ધિને,
વિનાશી, દુ:ખનું ધામ, પુનર્જન્મ ધરે નહીં. ૧૫

બ્રહ્માના લોક પર્યંત આવાગમન સર્વને,
પરંતુ મુજને પામી પુનર્જન્મ રહે નહીં. ૧૬

હજારો યુગનો દા'ડો હજારો યુગની નિશા,
બ્રહ્માના દિનરાત્રીનાં વિદ્વાનો એમ જાણતા. ૧૭

અવ્યક્તથી બધી વ્યક્તિ નીકળે દિન ઊગતાં;
રાત્રી થતાં ફરી પામે એ જ અવ્યક્તમાં લય. ૧૮

એ જ આ ભૂતનો સંગ ઊઠી ઊઠી મટી જતો,
પરાધીનપણે રાત્રે, નીકળે દિન ઊગતાં. ૧૯

એ અવ્યક્ત થકી ઊંચો બીજો અવ્યક્ત ભાવ છે;
એ શાશ્વત, નહીં નાશે, ભૂતો સૌ નાશ પામતાં. ૨૦

કહ્યો અક્ષર, અવ્યક્ત, કહી એને પરંગતિ;
જે પામ્યે ન ફરે ફેરા, તે મારું ધામ છે પરં. ૨૧

પરંપુરુષ એ પ્રાપ્ત થાય ભક્તિ અનન્યથી,
જેના વિશે રહે ભૂતો, જેનો વિસ્તાર આ બધો. ૨૨

જે કાળે છોડતાં દેહ યોગી પાછા ફરે નહીં,
જે કાળે એ ફરે પાછા, તે કાળ કહું છું હવે. ૨૩

અગ્નિજ્યોતે, દિને, શુક્લે, છ માસે ઉત્તરાયણે,
એમાં જે બ્રહ્મવેત્તાઓ જાય તે બ્રહ્મ પામતા. ૨૪°

ધુમાડે, રાત્રિએ, કૃષ્ણે, છ માસે દક્ષિણાયને,
એમાં યોગી ફરે પાછો પામીને ચંદ્રજ્યોતિને. ૨૫°

શુક્લ–કૃષ્ણ ગણી આ બે ગતિ વિશ્વે સનાતન;
એકથી થાય ના ફેરા, બીજીથી ફરતો વળી. ૨૬

આવા બે માર્ગ જાણે તે યોગી મોહે પડે નહીં;
એ માટે તું સદાકાળ યોગયુક્ત બની રહે. ૨૭

વેદો તણાં, યજ્ઞ–તપો તણાંયે,
દાનો તણાં પુણ્ય ફળો કહ્યાં જે,
તે સર્વ આ જ્ઞાન વડે વટાવી
યોગી લહે આદિ મહાન ધામ. ૨૮°

અધ્યાય ૯ મો

# જ્ઞાનનો સાર

**શ્રી ભગવાન બોલ્યા–**

તને નિષ્પાપને મારું સારમાં સાર જ્ઞાન આ
કહું વિજ્ઞાનની સાથે, જે જાણ્યે દોષથી છૂટે. ૧

શ્રેષ્ઠ વિદ્યા, પરંસાર, આ છે પવિત્ર ઉત્તમ;
અનુભવાય પ્રત્યક્ષ, સુકરે, ધર્મ્ય અક્ષય. ૨

જે મનુષ્યો અશ્રદ્ધાથી માને આ ધર્મને નહીં,
તે ફરે મૃત્યુસંસારે, મ'ને એ પામતા નહીં. ૩

અવ્યક્ત રૂપ હું–થી જ ફેલાયું સર્વ આ જગત્;
હું–માં રહ્યાં બધાં ભૂતો, હું એ માંહીં રહ્યો નથી. ૪

નથીયે કો હું–માં ભૂતો, જો મારો યોગ ઈશ્વરી;
ભૂતાધાર, ન ભૂતોમાં, ભૂત–સર્જક–રૂપ હું. ૫

સર્વગામી મહા વાયુ નિત્ય આકાશમાં રહે
તેમ સૌ ભૂત મારામાં રહ્યાં છે, એમ જાણજે. ૬

કલ્પના અંતમાં ભૂતો મારી પ્રકૃતિમાં ભળે;
આરંભ કલ્પનો થાતાં સર્જું એ સર્વને ફરી; ૭

નિજ પ્રકૃતિ-આધારે સર્જું છું હું ફરી ફરી;
સર્વ આ ભૂતનો સંઘ બળે પ્રકૃતિને વશ. ૮

પણ એ કોઈયે કર્મ મુજને બાંધતાં નથી,
રહું જે રહ્યો ઉદાસી-શો કર્મે આસક્તિહીન હું. ૯

પ્રકૃતિ પ્રસવે સૃષ્ટિ મારી અધ્યક્ષતા વડે;
એના કારણથી થાય જગનાં પરિવર્તનો. ૧૦

અવજાણે મ'ને મૂઢો માનવી-દેહને વિશે,
ન જાણતા પરંભાવ મારો ભૂત મહેશ્વરી. ૧૧

વૃથા આશા, વૃથા કર્મો, વૃથા જ્ઞાન કુબુદ્ધિનાં,
રાક્ષસી-આસુરી જેઓ સેવે પ્રકૃતિ મોહિની. ૧૨

મહાત્માઓ મ'ને જાણી ભૂતોનો આદિ અવ્યય,
અનન્ય મનથી સેવે દૈવી પ્રકૃતિ આશર્યા. ૧૩

કીર્તિ મારી સદા ગાતા, યત્નવાન વ્રતે દૃઢ,
ભક્તિથી મુજને વંદી ઉપાસે નિત્ય યોગથી. ૧૪

જ્ઞાનયજ્ઞેય કો ભક્તો સર્વવ્યાપી મ'ને ભજે,
એકભાવે, પૃથગ્ભાવે, બહુ રીતે ઉપાસતા. ૧૫

હું છું ક્રતુ, હું છું યજ્ઞ, હું સ્વધા, હું વનસ્પતિ;
મંત્ર હું, ઘૃત હું શુદ્ધ, અગ્નિ હું, હું જ આહુતિ : ૧૬

હું જ આ જગનો ધાતા, પિતા, માતા, પિતામહ, ૧૭
જ્ઞેય પવિત્ર ઓંકાર, ઋગ્, યજુર્, સામવેદ હું.

પ્રભુ, ભર્તા, સુહૃદ્, સાક્ષી, નિવાસ, શરણું, ગતિ,
ઉત્પત્તિ, પ્રલય, સ્થાન, નિધાન, બીજ, અવ્યય. ૧૮

તપું હું, જળને ખેંચું, મેઘને વરસાવું હું,
અમૃત હું, હું છું મૃત્યુ, સત ને અસતેય હું. ૧૯

પી સોમ નિષ્પાપ થઈ ત્રિવેદી
યજ્ઞો વડે સ્વર્ગનિવાસ યાચે
ને મેળવી પુણ્ય સુરેન્દ્રલોક
ત્યાં દેવના વૈભવ દિવ્ય માણે. ૨૦

એ ભોગવી સ્વર્ગ વિશાળ એવું
પુણ્યો ખૂટ્યે મર્ત્ય વિશે પ્રવેશે;
સકામ એ વૈદિક કર્મમાર્ગી
આ રીત ફેરા ભવના ફરે છે. ૨૧

અનન્ય ચિત્તથી જેઓ કરે મારી ઉપાસના,
તે નિત્યયુક્ત ભક્તોનાં યોગક્ષેમ ચલાવું હું. ૨૨

તેમ જે ભક્ત શ્રદ્ધાથી ઉપાસે અન્ય દેવને,
વિધિપૂર્વક ના તોયે, તેઓએ પૂજતા મને; ૨૩

કાં જે હું સર્વ યજ્ઞોનો ભોક્તા ને પ્રભુ છું વળી:
પરંતુ તે પડે, કાં જે ન જાણે તત્ત્વથી મ'ને. ૨૪

દેવપૂજક દેવોને, પિતૃના પિતૃને મળે,
ભૂતપૂજક ભૂતોને, મારા ભક્ત મ'ને મળે. ૨૫

पत्रं पुष्पं फलं तोयं  જે આપે ભક્તિથી મ'ને,
ભક્તિએ તે અપાયેલું આરોગું યત્નવાનનું.   ૨૬°

જે કરે, ભોગવે વા જે, જે હોમે, દાન જે કરે,
આચરે તપને વા જે, કર અર્પણ તે મ'ને.   ૨૭

કર્મનાં બંધનો આમ તોડીશ સુખ–દુઃખદા;
સંન્યાસયોગથી યુક્ત મ'ને પામીશ મુક્ત થૈ.   ૨૮

સમ હું સર્વ ભૂતોમાં, વા'લા-વેરી મ'ને નથી,   ૨૯
પણ જે ભક્તિથી સેવે, તેમાં હું, મુજમાંહ્ય તે.

મોટોયે કો દુરાચારી એકચિત્તે ભજે મ'ને,
સાધુ જ તે થયો માનો, કાં જે નિશ્ચયમાં ઠર્યો.   ૩૦

શીઘ્ર એ થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને;
પ્રતિજ્ઞા કરું છું : મારા ભક્તનો નાશ ના કદી.   ૩૧

સ્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો, જીવો પાપીય યોનિના,   ૩૨
જો મારો આશરો લે તો તેયે પામે પરંગતિ.

પવિત્ર બ્રાહ્મણ–ક્ષત્રી ભક્તની વાત શી પછી?
દુઃખી અનિત્ય આ લોક પામેલો ભજ તું મ'ને.   ૩૩

મન-ભક્તિ મ'ને અર્પ, મ'ને પૂજ, મ'ને નમ;   ૩૪
મ'ને જ પામશે આવા યોગથી, મત્પરાયણ.

# અધ્યાય ૧૦ મો
# વિભૂતિવર્ણન

**શ્રી ભગવાન બોલ્યા–**

ફરી સાંભળ આ મારું વેણ ઉત્તમ, અર્જુન!
જે કહું પ્રેમથી તારા હિતની કામના કરી. ૧

મારા ઉદ્ભવને જાણે ન દેવો કે મહર્ષિઓ,
કેમ જે હું જ છું આદિ સૌ દેવો ને મહર્ષિનો. ૨

જે જાણે હું અજન્મા છું ને અનાદિ, મહેશ્વર,
મોહહીન થયેલો તે છૂટે છે સર્વ પાપથી. ૩

બુદ્ધિ, જ્ઞાન, ક્ષમા, સત્ય, અમોહ, શાંતિ, નિગ્રહ,
જન્મ-મૃત્યુ, સુખો-દુઃખો, ભય-નિર્ભયતા તથા ૪

અહિંસા, સમતા, તુષ્ટિ, તપ, દાન, યશાયશ,–
હું-થી જ ઊપજે ભાવો સૌ ભૂતોના જુદા જુદા. ૫

પૂર્વે મહર્ષિઓ સાત, ચાર જે મનુઓ થયા–
જેમની આ પ્રજા લોકે–જન્મ્યા સંકલ્પથી મુજ. ૬

જે જાણે તત્ત્વથી આવાં મારા યોગ-વિભૂતિને,
તે પામે યોગ અડગ, એમાં સંશય ના કશો. ૭

હું જ છું મૂળ સર્વેનું, પ્રવર્તે મુજથી બધું,
એવું જાણી મ'ને જ્ઞાની ભજતા ભક્તિભાવથી. ૮

ચિત્ત-પ્રાણ હું-માં પ્રોતા, બોધ દેતા પરસ્પર,
કે'તા મારી કથા નિત્ય સુખ-સંતોષ પામતા, ૯

એવા અખંડયોગીને ભજતા પ્રીતથી મ'ને-
આપું તે બુદ્ધિનો યોગ, જેથી આવી મળે મ'ને. ૧૦

રહેલો આત્મભાવે હું તેજસ્વી જ્ઞાનદીપથી
કરુણાભાવથી એના અજ્ઞાન-તમને હણું. ૧૧

અર્જુન બોલ્યા-

પરંબ્રહ્મ, પરંધામ, છો પવિત્ર તમે પર,
આત્મા, શાશ્વત ને દિવ્ય અજન્મા, આદિ ને વિભુ, ૧૨

વર્ણવે ઋષિઓ સર્વે તથા દેવર્ષિ નારદ,
અસિત, દેવલ, વ્યાસ, – તમેયે મુજને કહો. ૧૩

તે સર્વ માનું છું સત્ય, જે તમે મુજને કહો;
તમારું રૂપ જાણે ના દેવો કે દાનવો, પ્રભુ! ૧૪

તમે જ આપને આપે જાણતા, પુરુષોત્તમ!
ભૂતેશ, ભૂતકર્તા હે, દેવદેવ, જગત્પતે! ૧૫

સંભળાવો મ'ને સર્વે દિવ્ય આત્મવિભૂતિઓ,
જે વિભૂતિ વડે વ્યાપ્યા આ બધા લોકને તમે. ૧૬

યોગેશ! તમને કેવા જાણું ચિંતનમાં સદા?
શા શા ભાવો વિશે મારે તમને ચિંતવા ઘટે? ૧૭

વિભૂતિયોગ વિસ્તારે ફરીથી નિજનો કહો;
સુણી નથી ધરાતો હું તમારાં વચનામૃત. ૧૮

શ્રી ભગવાન બોલ્યા–

ભલે, લે વર્ણવું મુખ્ય મારી દિવ્ય વિભૂતિઓ;
મારા વિસ્તારને કે'તાં અંત કૈં આવશે નહીં. ૧૯

હું જ આત્મા રહ્યો સર્વે ભૂતોના હૃદયો વિશે;
આદિ, મધ્ય તથા અંત, હું જ છું ભૂતમાત્રનાં. ૨૦

આદિત્યોનો હું છું વિષ્ણુ, સૂર્ય હું જ્યોતિઓ તણો;
મરીચિ મરુતોનો હું, નક્ષત્રોનો હું ચંદ્રમા. ૨૧

સામવેદ છું વેદોનો, દેવોનો ઈન્દ્રરાજ છું;
ચેતના સર્વ ભૂતોની, મન હું ઈન્દ્રિયો તણું. ૨૨

હું જ શંકર રુદ્રોનો, કુબેરે યક્ષરાક્ષસે;
વસુઓનો હું છું અગ્નિ, મેરુ હું પર્વતો તણો. ૨૩

પુરોહિતો તણો મુખ્ય મ'ને જાણ બૃહસ્પતિ;
સેનાનીઓ તણો સ્કંદ, પુષ્કરોનો હું સાગર. ૨૪

ૐ એકાક્ષર વાણીનો, મહર્ષિઓ તણો ભૃગુ;
જપયજ્ઞ હું યજ્ઞોનો, સ્થાવરોમાં હિમાલય. ૨૫

પીંપળો સર્વે વૃક્ષોનો, દેવર્ષિનો હું નારદ;
હું ગંધર્વે ચિત્રરથ, સિદ્ધે કપિલદેવ હું. ૨૬

ઉચ્ચૈ:શ્રવા હું અશ્વોનો, અમૃતે ઊપજ્યો હતો;
ઐરાવત ગજોનો હું, નરોનો હું નરાધિપ. ૨૭

આયુધોનું હું છું વજ્ર, ગાયોની કામધેનુ હું;
જન્મહેતુ હું કંદર્પ, સર્પોનો છું હું વાસુકિ. ૨૮

અનંત સર્વ નાગોનો, વરુણે યાદસો તણો;
પિત્રીનો અર્યમા હું છું, યમ સંયમકારનો. ૨૯°

પ્રહ્લાદ સર્વ દૈત્યોનો, કાળ છું ઘડિયાળનો;
વનેચરો તણો સિંહ, પંખીઓનો ખગેશ્વર. ૩૦°

વાયુ હું વેગવાનોનો, રામ હું શસ્ત્રવાનનો;
સૌ મચ્છોનો મગર હું, ગંગાજી હું નદી તણી. ૩૧

આદિ, મધ્ય તથા અંત હું સર્વે સૃષ્ટિઓ તણાં;
અધ્યાત્મવિદ્યા વિદ્યાની, વાદ પ્રવચનો તણો. ૩૨

અકાર અક્ષરોનો હું, સમાસોનો હું દ્વંદ્વ છું;
સ્રષ્ટા વિશ્વમુખી છું ને હું જ છું કાળ અક્ષય. ૩૩

મૃત્યુ હું સર્વનો હર્તા, હું ઉદ્ભવ ભવિષ્યનો;
સ્ત્રીની શ્રી, કીર્તિ ને વાણી, સ્મૃતિ, પ્રજ્ઞા, ધૃતિ, ક્ષમા. ૩૪

સામોનો હું બૃહત્સામ, ગાયત્રી સર્વ છંદની;
માર્ગશીર્ષ હું માસોનો, ઋતુઓનો વસંત હું. ૩૫

ઠગોની દ્યૂતવિદ્યા છું, તેજસ્વીઓનું તેજ હું;
સત્ત્વવાનો તણું સત્ત્વ, જય ને વ્યવસાય છું. ૩૬

હું વૃષ્ણિનો વાસુદેવ, પાંડવોનો ધનંજય;
મુનિઓનો હું છું વ્યાસ, શુક્ર હું કવિઓ તણો. ૩૭

દંડ હું દંડધારીનો, નીતિ હું જયવાંછુની;
હું છું મૌન જ ગુહ્યોનું, જ્ઞાનીઓનું છું જ્ઞાન હું. ૩૮

બીજ જે સર્વ ભૂતોનું,જાણજે તેય હું જ છું;
હું-વિનાનું નથી લોકે કોઈ ભૂત ચરાચર. ૩૯

ન આવે અણતાં છેડો મારી દિવ્ય વિભૂતિનો;
દિશામાત્ર કહ્યો મેં તો આ વિસ્તાર વિભૂતિનો. ૪૦

જે કોઈ સત્ત્વમાં કાંઈ લક્ષ્મી, વીર્ય, વિભૂતિ વા,
જાણ તું સઘળું મારા તેજના અંશથી થયું. ૪૧

અથવા, લાભ શો તારે જાણી વિસ્તારથી ઘણા?
અંશ એક-જ-થી મારા આખું વિશ્વ ધરી રહ્યો. ૪૨

## અધ્યાય ૧૧ મો

# વિરાટદર્શન

અર્જુન બોલ્યા–

મારા અનુગ્રહાર્થે જે તમે અધ્યાત્મજ્ઞાનનું
પરં ગૂઢ કહ્યું તેથી મારો એ મોહ છે ગયો. ૧

ભૂતોના જન્મ ને નાશ મેં સવિસ્તર સાંભળ્યા,
તેમ અક્ષય માહાત્મ્ય તમારા મુખથી, પ્રભુ! ૨

નિજને વર્ણવો જેમ, તેવું જ, પરમેશ્વર!
ઈશ્વરીરૂપ જોવાને ઇચ્છું છું, પુરુષોત્તમ! ૩

મારે એ રૂપને જોવું શકય જો માનતા, પ્રભુ!
તો, યોગેશ્વર, દેખાડો નિજ અવ્યય રૂપ એ. ૪

શ્રી ભગવાન બોલ્યા–

જો તું મારાં બધાં રૂપો સેંકડો ને હજારથી;
બહુ પ્રકારનાં, દિવ્ય, ઘણા આકાર–વર્ણનાં. ૫

આદિત્યો, વસુઓ, રુદ્રો, અશ્વિનો, મરુતોય જો;
પૂર્વે કયારે ન દીઠેલાં એવાં આશ્ચર્ય જો ઘણાં. ૬

જો મારા દેહમાં આજે એકસાથ અહીં રહ્યું
ચરાચર જગત આખું; ઇચ્છે જે અન્ય તેય જો. ૭

મને તારા જ આ નેત્રે નહીં જોઈ શકીશ તું;
દિવ્ય દૃષ્ટિ તને આપું, ઈશ્વરી યોગ જો મુજ. ૮

સંજય બોલ્યા–

આમ બોલી પછી કૃષ્ણ મહાયોગેશ્વરે, નૃપ!
ઈશ્વરીય પરંરૂપ દેખાડ્યું પાર્થને નિજ. ૯

ઘણાં મોઢાં, ઘણી આંખો, ઘણાં અદ્ભુત રૂપમાં,
ઘણાં આભૂષણો દિવ્ય, ઘણાંયે દિવ્ય આયુધો. ૧૦

માળા-વસ્ત્ર ધર્યાં દિવ્ય, અર્ચાઓ દિવ્ય ગંધની,
સર્વ આશ્ચર્યથી પૂર્ણ વિશ્વવ્યાપક દેવ એ. ૧૧

આકાશે સામટી દીપે હજારો સૂર્યની પ્રભા,
તે કદી એ મહાત્માના તેજ-શી થાય તો ભલે. ૧૨

અનંત ભાતનું વિશ્વ આખુંયે એક ભાગમાં
દેવાધિદેવના દેહે અર્જુને જોયું એ સમે. ૧૩

પછી અર્જુન આશ્ચર્યે હર્ષ રોમાંચગાત્રથી
દેવને હાથ જોડીને નમાવી શિરને વધો: ૧૪

અર્જુન બોલ્યા–

હે દેવ! દેખું તમ દેહમાં સૌ
દેવો તથા ભૂત સમૂહ નાના;[1]

---

૧. તરેહ તરેહના.

બ્રહ્મા વિરાજે કમલાસને આ
ને દિવ્ય સર્પો, ઋષિઓય સર્વે. ૧૫

અનેક નેત્રો–મુખ–હાથ–પેટો,
અનંત રૂપો તમ સર્વ બાજુ;
દેખું નહીં અંત, ન મધ્ય–આદિ
તમારું વિશ્વેશ્વર, વિશ્વરૂપ ! ૧૬

ધારી ગદા–ચક્ર–કિરીટ દીપો
બધી દિશે તેજ તણા સમૂહે
તપાવતા સૂરજ–અગ્નિ–જ્યોતિ
જોવા તમે શક્ય ન, અપ્રમેય ! ૧૭

તમે પરં અક્ષર, જ્ઞેય તત્ત્વ,
તમે મહા આશ્રય વિશ્વનું આ;
અનાશ છો, શાશ્વતધર્મપાળ,
જાણું તમે સત્ય અનાદિ દેવ. ૧૮

અનાદિ મધ્યાન્ત, અનંત–શક્તિ,
અનંત હાથો, શશિસૂર્યનેત્ર;
પેખું તમારે મુખ અગ્નિ-ઝાળો,
તમે સ્વતેજે જગ આ તપાવો. ૧૯

આ વ્યોમ પૃથ્વીતણું અંતરાળ
દિશાય સૌ એક તમે જ વ્યાપ્યા;

તમારું આ અદ્ભુત ઉગ્ર રૂપ
દેખી ત્રિલોકી અકળાય, દેવ! ૨૦

આ દેવસંઘો તમમાંહ્ય પેસે,
કો હાથ જોડી વીનવે ભયેથી;
'સ્વસ્તિ' ભણી સિદ્ધ–મહર્ષિ–સંઘો
અનેક સ્તોત્રે તમને સ્તવે છે. ૨૧

આદિત્યો, રુદ્રો, વસુ, વિશ્વદેવો,
સાધ્યો, કુમારો, મરુતોય, પિત્રી,
ગંધર્વો, યક્ષો, અસુરોય, સિદ્ધો
આશ્ચર્યથી સૌ તમને નિહાળે. ૨૨

મોં–નેત્ર ઝાઝાં, વિકરાળ દાઢો,
હાથો, પગો ને ઉદરોય ઝાઝાં;
વિરાટ આ રૂપ તમારું ભાળી
પામે વ્યથા લોક બધા અને હું. ૨૩

વ્યોમે અડેલા, બહુ રંગવાળા,
ખુલ્લાં મુખો, દીપ્ત વિશાળ ડોળા;
તેજે ભરેલા તમને નિહાળી
મૂંઝાઉં ને ધીરજ શાંતિ ખોઉં. ૨૪

જોતાં જ સર્વે પ્રલયાગ્નિ જેવાં
મુખો તમારાં, વિકરાળ દાઢો,

દિશા ન સૂઝે, નહિ શાંતિ લાગે,
પ્રસન્ન થાઓ, જગના નિવાસ! ૨૫

વળી, બધા આ ધૃતરાષ્ટ્રપુત્રો,-
ભૂપો તણા સર્વ સમૂહ સાથે,-
આ ભીષ્મ, આ દ્રોણ જ, સૂત કર્ણ,-
સાથે અમારાય મહાન યોદ્ધા,- ૨૬
પેસે ત્વરાથી મુખની તમારી
બિહામણી ને વિકરાળ દાઢે;
દાંતો તણા અંતરમાંહ્ય કોઈ
ચોંટચા દીસે ચૂર્ણ બનેલ માથે. ૨૭

નદી તણા જેમ જળપ્રવાહો
વેગે સમુદ્રો પ્રતિ દોટ મૂકે,
ઝાળો ભર્યાં તેમ મુખે તમારાં
દોડે બધા આ નરલોક વીરો. ૨૮

જ્વાળા વિશે જેમ પતંગ પેસે
વિનાશ કાજે અતિવેગ સાથે,
લોકો તમારા મુખમાંહ્ય તેમ
નાશાર્થ પેસે અતિવેગ સાથે. ૨૯

ગ્રસી બધેથી, બળતાં મુખોમાં
જીભો વડે લોક સમગ્ર ચાટો;

પ્રભો! તપાવે કિરણો તમારાં
ભરી ત્રિલોકી અતિઉગ્ર તેજે. ૩૦

છો કોણ, બોલો, વિકરાળ રૂપી?
નમું તમોને, પરમેશ! રીઝો,
પિછાણ ઈચ્છું નિજ, આદિદેવ!
પ્રવૃત્તિ જાણી શકું ના તમારી. ૩૧

શ્રી ભગવાન બોલ્યા–

છું કાળ ઊઠયો જગનાશકારી,
સંહારવા લોક અહીં પ્રવર્ત્યો;
તારા વિનાયે બચશે ન કોઈ,
જે આ ખડા સૈનિક સામસામા, ૩૨

તેથી, ખડો થા, યશ મેળવી લે,
વેરી હણી ભોગવ રાજ્ય–રિદ્ધિ;
પૂર્વે જ છે મેં જ હણેલ એને,
નિમિત્ત થા માત્ર તું, સવ્યસાચી! ૩૩

શું ભીષ્મ કે દ્રોણ, જયદ્રથેય,
કે કર્ણ યા અન્ય મહાન યોદ્ધા,–
મેં છે હણ્યા, માર તું, છોડ શોક,
તું ઝૂઝ, જીતીશ રણે સ્વશત્રુ. ૩૪

સંજય બોલ્યા–

આ સાંભળી કેશવ કેરું વેણ,
બે હાથ જોડી થથરે કિરીટી;
ફરી ફરી વંદન કૃષ્ણને એ
નમી, ડરી ગદ્ગદ કંઠ બોલે : ૩૫

અર્જુન બોલ્યા–

છે યોગ્ય એ- કીર્તનથી તમારા
આનંદ ને પ્રેમ લહે જગત્ સૌ;
નાસે ભયે રાક્ષસ સૌ દિશામાં,
સર્વે નમે સિદ્ધ તણા સમૂહો. ૩૬

ન કાં નમે સૌ તમને, પરાત્મન્ ?
બ્રહ્મા તણાયે ગુરુ ! આદિ કર્તા !
અનંતદેવેશ ! જગન્નિવાસ !
સત્, અસત ને પર, ! અક્ષરાત્મન્ ! ૩૭

પુરાણ છો પૂરુષ, આદિદેવ !
તમે જ આ વિશ્વનું અંત્યધામ;
જ્ઞાતા તમે, જ્ઞેય, પરં પદે છો, ૩૮
તમે ભર્યું વિશ્વ, અનંતરૂપ !

તમે શશી, વા, વરુણાગ્નિ, ધર્મ,
પ્રજાપતિ, બ્રહ્મપિતા તમે જ;
મારાં હજારો નમનો તમોને,
નમો નમસ્તેય, નમો નમસ્તે. ૩૯

સામે નમું છું, નમું છુંય પીઠે,
સૌ પાસ વંદું, પ્રભુ! સર્વરૂપ!
અપાર છે વીર્ય, અમાપ શક્તિ,
સર્વે બન્યા, સર્વ નિજે સમાવી. ૪૦

સખા ગણી વેણ અયોગ્ય બોલ્યો:
'હે કૃષ્ણ, હે યાદવ, હે સખા'–શાં,
ન જાણતાં આ મહિમા તમારો,
પ્રમાદથી કે અતિપ્રેમથીયે. ૪૧

બેઠા, ફર્યા સાથ, જમ્યાય, સૂતા
એકાંતમાં કે સઘળા સમક્ષ,
હાંસી કરી ત્યાં મરજાદ લોપી–
ક્ષમા કરો એ સહુ, અપ્રમેય! ૪૨

તમે પિતા સ્થાવર જંગમોના,
તમે જ સૌના ગુરુરાજ પૂજ્ય;
ત્રિલોકમાંયે તમ તુલ્ય કો ના,
ક્યાંથી જ મોટો? અનુપપ્રભાવી! ૪૩

માટે હું સાષ્ટાંગ કરું પ્રણામ,
પ્રસન્ન થાઓ, સ્તવનીય ઈશ!
સાંખે પિતા પુત્ર, સખા સખાને,
પ્રિય પ્રિયા તેમ મનેય સાંખો. ૪૪

હર્ષું હું દેખી અણદીઠ રૂપ,
છતાં ભયે વ્યાકુળ ચિત્ત મારું;
મને બતાવો, પ્રભુ, મૂળરૂપ,
પ્રસન્ન થાઓ, જગના નિવાસ! ૪૫

કરે ગદા-ચક્ર, કિરીટ માથે
એવા જ ઈચ્છું તમને હું જોવા;
ચતુર્ભુજી રૂપ ધરો ફરી એ,
સહસ્રબાહો! પ્રભુ! વિશ્વરૂપ! ૪૬

શ્રી ભગવાન બોલ્યા—

રાજી થઈને મુજ યોગ દ્વારા
દેખાડ્યું આ રૂપ પરં તને મેં;
અનંત, તેજોમય, આદિ, વિશ્વ
પૂર્વે ન તારા વિણ દીઠ કોયે. ૪૭૦

ન વેદ-પાઠે, નહિ યજ્ઞ-દાને,
ન કર્મકાંડે, ન તપેય ઉગ્ર,
મનુષ્યલોકે મુજ રૂપ આવું
તારા વિના કોઈ શકે નિહાળી. ૪૮

મૂંઝા નહીં, મા ધર મૂઢભાવ
આવું નિહાળી મુજ ઘોર રૂપ;
નિવાર તારો ભય, થા પ્રસન્ન,
લે, એ જ આ રૂપ તું પેખ મારું. ૪૯

સંજય બોલ્યા–

આવું કહી અર્જુનને, ફરીથી
સ્વરૂપને દાખવ્યું વાસુદેવે;
ફરી ધરી સૌમ્ય શરીર દેવે
દીધો દીલાસો ભયભીતને એ. ૫૦

અર્જુન બોલ્યા–

તમારું માનવી રૂપ સૌમ્ય આ જોઈને હવે
ચેતના, સ્વસ્થતા પામ્યો, નિજભાવે થયો સ્થિર. ૫૧

શ્રી ભગવાન બોલ્યા—

અતિ દુર્લભ આ મારા રૂપને તેં નિહાળ્યું જે,
દેવોય વાંછતા નિત્ય તે સ્વરૂપનું દર્શન. ૫૨

ન વેદોથી, ન યજ્ઞોથી, નહીં દાને, તપે નહીં,
શક્ય દર્શન આ મારું, જેવું આજે તને થયું. ૫૩

અનન્ય ભક્તિએ તોયે આવી રીતે હું શક્ય છું
તત્ત્વથી જાણવો, જોવો, પ્રવેશે મુજમાં થવો. ૫૪

મારે અર્થે કરે કર્મ, મત્પરાયણ ભક્ત જે,
દ્વેષહીન, અનાસક્ત, તે આવી મુજને મળે. ૫૫

# અધ્યાય ૧૨ મો
# ભક્તિતત્વ

અર્જુન બોલ્યા–

નિત્યયુક્ત થઈ આમ જે ભક્ત તમને ભજે
ને જે અક્ષર, અવ્યક્ત, તે બે માંહીં કયા ચડે? ૧

શ્રી ભગવાન બોલ્યા–

મારામાં મનને પ્રોઈ, નિત્યયુક્ત થઈ મ'ને
ભજે પરમ શ્રદ્ધાથી, તે યોગી ચડતા ગણું. ૨

જેઓ અચિંત્ય, અવ્યક્ત સર્વવ્યાપક, નિશ્ચળ,
એકરૂપ, અનિર્દેશ્ય, ધ્રુવ અક્ષરને ભજે, ૩

ઇન્દ્રિયો નિયમે રાખી, સર્વત્ર સમબુદ્ધિના,
સર્વભૂતહિતે રક્ત, પામતાય મ'ને જ તે. ૪

અવ્યક્તે ચિત્ત ચોંટાડે, તેને ક્લેશ થતો વધુ;
મહાપરિશ્રમે દેહી, પામે અવ્યક્તમાં ગતિ. ૫

મારામાં સર્વ કર્મોનો કરી સંન્યાસ, મત્પર,
અનન્ય યોગથી મારાં કરે ધ્યાન–ઉપાસના, ૬

મારામાં ચિત્ત પ્રોતા એ ભક્તોનો ભવસાગરે
વિના વિલંબ ઉદ્ધાર કરું છું, પાર્થ! હું સ્વયં. ૭
હું-માં જ મનને સ્થાપ, નિષ્ઠા મારી જ રાખ તું,
તો મારામાં જ નિ:શંક, તું વસીશ હવે પછી. ૮
જો ન રાખી શકે સ્થિર હું-માં ચિત્ત સમાધિથી
તો મ'ને પામવા ઈચ્છ સાધી અભ્યાસ-યોગને. ૯
અભ્યાસેયે ન જો શક્તિ, થા મત્કર્મપરાયણ;
મારે અર્થે કરે કર્મો તોયે પામીશ સિદ્ધિને. ૧૦
જો કરી ન શકે તોયે, આશરી મુજ યોગને,
તો સૌ કર્મફળો ત્યાગ રાખીને મનને વશ. ૧૧
ઊંચું અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન તો ચડે,
ધ્યાનથી ફળનો ત્યાગ, ત્યાગથી શાંતિ સત્વર. ૧૨
અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા,
નિર્મમી, નિરહંકાર, સુખદુ:ખે સમાનતા, ૧૩
યોગી સદાય સંતોષી, જિતાત્મા, દૃઢનિશ્ચયી,
મનબુદ્ધિ મ'ને અર્પ્યાં તે મદ્ભક્ત મ'ને પ્રિય. ૧૪
જેથી દુભાય ના લોકો, લોકથી જે દુભાય ના,
હર્ષ-ક્રોધ-ભય-ક્ષોભે છૂટ્યો જે, તે મ'ને પ્રિય. ૧૫

પવિત્ર, નિ:સ્પૃહી, દક્ષ, ઉદાસીન, વ્યથા નહીં,
સૌ કર્મારંભ છોડેલો, મારો ભક્ત મ'ને પ્રિય. ૧૬

ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા,
શુભાશુભ ત્યજ્યાં જેણે, ભક્તિમાન મ'ને પ્રિય. ૧૭

સમ જે શત્રુ ને મિત્રે, સમ માનાપમાનમાં,
ટાઢે-તાપે, સુખે-દુ:ખે સમ, આસક્તિહીન જે, ૧૮

સમાન સ્તુતિ નિંદામાં મૌની, સંતુષ્ટ જે મળે,
સ્થિરબુદ્ધિ, નિરાલંબ, ભક્ત જે, તે મ'ને પ્રિય. ૧૯

આ ધર્મામૃતને સેવે શ્રદ્ધાથી જેમ મેં કહ્યું,

અધ્યાય ૧૩ મો

# ક્ષેત્રક્ષેત્રજ્ઞવિચાર

**શ્રી ભગવાન બોલ્યા–**

ક્ષેત્ર એ નામથી જ્ઞાની ઓળખે આ શરીરને;
ક્ષેત્રને જાણનારો જે, તેને ક્ષેત્રજ્ઞ છે કહ્યો. ૧

વળી મ'ને જ ક્ષેત્રજ્ઞ જાણજે સર્વ ક્ષેત્રમાં;
ક્ષેત્રક્ષેત્રજ્ઞનું જ્ઞાન, તેને હું જ્ઞાન માનું છું. ૨

જે તે ક્ષેત્ર, તથા જેવું, જ્યાંથી, એમાં વિકાર જે,
ક્ષેત્રજ્ઞ જે અને જેવો, સંક્ષેપે સુણ તે કહું. ૩

વિવિધ મંત્રથી ગાયું ઋષિઓએ અનેકધા,
ઠરાવ્યું બ્રહ્મસૂત્રોમાં સુનિશ્ચિત પ્રમાણથી. ૪

મહાભૂતો, અહંકાર, બુદ્ધિ, પ્રકૃતિ–આઠ એ;
ઈન્દ્રિયો દસ ને એક, વિષયો પાંચ એમના; ૫

ઈચ્છા, દ્વેષ, સુખો, દુઃખો, ધૃતિ, સંઘાત, ચેતના,
વિકારો સાત આ, ક્ષેત્ર તને સંક્ષેપમાં કહ્યું. ૬

નિર્માનતા, અહિંસા, ને અદંભ, આર્જવ, ક્ષમા,
ગુરુભક્તિ તથા શૌચ, સ્થિરતા, આત્મનિગ્રહ, ૭

વિષયો પ્રતિ વૈરાગ્ય, નિરહંકારતા, તથા
જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુ:ખ-દોષોનું દર્શન, ૮

નિર્મોહતા, અનાસક્તિ પુત્ર-પત્ની-ગૃહાદિમાં,
સારા માઠા પ્રસંગોમાં ચિત્તની સમતા સદા, ૯

અનન્ય યોગથી મારી ભક્તિ અવ્યભિચારિણી,
એકાંતવાસમાં પ્રેમ, ના ગમે દાયરા વિશે, ૧૦

અધ્યાત્મજ્ઞાનમાં નિષ્ઠાં, તત્ત્વજ્ઞાન-વિચારણા,
આ લક્ષણે કહે જ્ઞાન, એથી અજ્ઞાન ઊલટું. ૧૧

હવે હું વર્ણવું જ્ઞેય, જે જાણ્યે મુક્તિ ભોગવે;
અનાદિ એ પરંબ્રહ્મ, છે ન કહેવાય, ના નથી; ૧૨

સર્વત્ર હાથ ને પાય, સર્વત્ર શિર ને મુખ;
સર્વત્ર આંખ ને કાન, સર્વને આવરી રહ્યું; ૧૩

નિરિન્દ્રિય છતાં ભાસે સર્વે ઈન્દ્રિયના ગુણો;
નિર્ગુણી, ગુણભોક્તાયે, ભર્તા તોયે અસક્ત એ; ૧૪

બહાર-માંહ્ય ભૂતોની, ચાલતું ને અચંચળ,
સૂક્ષ્મ તેથી જણાયે ના, સમીપે, દૂરમાં વળી; ૧૫

અખંડ તોય ભૂતોમાં જાણે ખંડપણે રહ્યું;
ભૂતોને જન્મ દે, પોષે, ગળેયે તેમ જ્ઞેય એ; ૧૬

જ્યોતિઓનુંય એ જ્યોતિ, પર એ અંધકારથી;
જ્ઞાન, જ્ઞેય, જ્ઞાનગમ્ય, સર્વનાં હૃદયે વસ્યું. ૧૭

ક્ષેત્ર, જ્ઞાન તથા જ્ઞેય, આમ સંક્ષેપમાં કહ્યા;
મારો જે ભક્ત આ જાણે, તે પામે મુજ ભાવને. ૧૮

બન્ને અનાદિ છે જાણ, પ્રકૃતિ તેમ પૂરુષ;
પ્રકૃતિથી થતા જાણ વિકારો ને ગુણો બધા. ૧૯

કાર્ય, કારણ, કર્તૃત્વ, એ સૌ પ્રકૃતિ કારણે;
સુખદુઃખ તણા ભોગ તે તો પુરુષકારણે. ૨૦

પ્રકૃતિમાં રહ્યો સેવે પ્રકૃતિગુણ પૂરુષ;
આસક્તિ ગુણમાં તેથી સદસદ્ યોનિમાં પડે. ૨૧

સાક્ષીમાત્ર, અનુજ્ઞાતા, ભર્તા, ભોક્તા મહેશ્વર,
કહ્યો તે પરમાત્માયે, દેહે પુરુષ જે પર. ૨૨

જાણે પુરુષ જે આમ, પ્રકૃતિયે ગુણો સહ,
સર્વ કર્મો કરે તોયે તે ફરી જન્મતો નથી. ૨૩

ધ્યાનથી આપને કોઈ આપથી આપમાં જુએ,
સાંખ્યયોગ વડે કોઈ, કોઈ તો કર્મયોગથી. ૨૪

ને કો ન જાણતાં આમ અન્યથી સુણીને ભજે,
શ્રવણે રાખતા શ્રદ્ધા તેઓયે મૃત્યુને તરે. ૨૫

જે કાંઈ ઊપજે લોકે સત્ત્વ સ્થાવર-જંગમ,
ક્ષેત્રક્ષેત્રજ્ઞના યોગે, જાણ, તે ઊપજે બધું. ૨૬

સમાન સર્વ ભૂતોમાં રહેલા પરમેશ્વર,
અવિનાશી વિનાશીમાં, એ દેખે તે જ દેખતો. ૨૭

સમસર્વત્ર વ્યાપેલા ઈશને દેખનાર એ
ન હણે આપથી આપ, તેથી પામે પરંગતિ. ૨૮

પ્રકૃતિથી જ સૌ કર્મો સદા સર્વત્ર થાય છે,
આત્મા તો ન કરે કાંઈ; આ દેખે તે જ દેખતો. ૨૯

ભૂતોના વેગળા ભાવ એકમાં જ રહ્યા જુએ,
તેથી જ સર્વ વિસ્તાર; ત્યારે બ્રહ્મદશા મળે. ૩૦

અવ્યયી પરમાત્માને નથી આદિ, નથી ગુણો,
તેથી દેહે રહે તોયે એ અકર્તા અલિપ્ત રૂહે. ૩૧

સૂક્ષ્મતા કારણે વ્યોમ સર્વવ્યાપી અલિપ્ત રૂહે,
આત્માયે તેમ સર્વત્ર વસી દેહે અલિપ્ત રૂહે. ૩૨

કાશે એકલો સૂર્ય જેમ આ જગને બધા,
ત્રજ્ઞેય પ્રકાશે છે તેમ આ ક્ષેત્રને બધાં. ૩૩

ત્રક્ષેત્રજ્ઞનો ભેદ જે જાણે જ્ઞાનચક્ષુથી,
ત-પ્રકૃતિ-મોક્ષેય, તે પામે છે પરંગતિ. ૩૪

# અધ્યાય ૧૪ મો
# ત્રિગુણ-નિરૂપણ

**શ્રી ભગવાન બોલ્યા–**

જ્ઞાનોમાં શ્રેષ્ઠ જે જ્ઞાન, તે ફરી તુજને કહું,
જે જાણી મુનિઓ સર્વે પામ્યા સિદ્ધિ અહીં પર. ૧

આ જ્ઞાન આશરી જેઓ પામે મુજ સમાનતા,
સર્ગકાળે ન તે જન્મે, પ્રલયે ન વ્યથા ખમે. ૨

મારું ક્ષેત્ર મહદ્બ્રહ્મ, તેમાં હું બીજ થાપું છું;
એ થકી સર્વ ભૂતોની લોકે ઉત્પત્તિ થાય છે. ૩

સર્વ યોનિ વિશે જે જે વ્યક્તિઓ જન્મ પામતી,
તેનું ક્ષેત્ર મહદ્બ્રહ્મ, પિતા હું બીજદાયક. ૪

તમો, રજો તથા સત્ત્વ,–ગુણો પ્રકૃતિથી થયા,
તે જ અવ્યય દેહીને બાંધે છે દેહને વિશે. ૫

એમાં નિર્મળ એ સત્ત્વ, દોષહીન, પ્રકાશક;
એ બાંધે છે કરાવીને આસક્તિ જ્ઞાનને સુખે. ૬

તૃષ્ણા–આસક્તિથી જન્મ્યો રાગ, તે જ રજોગુણ;
દેહીને બાંધતો એ તો કરી આસક્ત કર્મમાં. ૭

મોહમાં નાખતો સૌને ઊઠે અજ્ઞાનથી તમ;
દેહીને બાંધતો એ તો નિદ્રા, પ્રમાદ, આળસે. ૮

સુખમાં જોડતો સત્ત્વ, કર્મમાં જોડતો રજ,
ને ઢાંકી જ્ઞાનને જોડે પ્રમાદે તો તમોગુણ. ૯

રજો-તમો દબાવીને સત્ત્વ ઉપર આવતો;
રજોગુણ તમો-સત્ત્વ, તમ એ રજ-સત્ત્વને. ૧૦

જ્યારે આ દેહમાં દીસે પ્રકાશ સહુ ઈન્દ્રિયે
ને જ્ઞાન પ્રગટે ત્યારે વધેલો સત્ત્વ જાણવો. ૧૧

કર્મે પ્રવૃત્તિ, આરંભ, લોભ, ના-શાંતિ ને સ્પૃહા,
રજોગુણ વધે જ્યારે, ત્યારે આ ઊપજે બધાં. ૧૨

પ્રવૃત્તિ ના, પ્રકાશે ના, દીસે પ્રમાદ, મૂઢતા;
તમોગુણ વધે જ્યારે, ત્યારે આ ઊપજે બધાં. ૧૩

સત્ત્વની વૃદ્ધિ વેળાએ દેહી છોડે શરીર જો,
ઉત્તમ જ્ઞાનવાનોના નિર્મળા લોક મેળવે. ૧૪

કર્મસંગી વિશે જન્મે, રજમાં લય પામતાં;
મૂઢ યોનિ વિશે જન્મે, તમમાં લય પામતાં. ૧૫

કહ્યું છે પુણ્ય કર્મોનું ફળ સાત્ત્વિક નિર્મળ;
રજનું ફળ છે દુઃખ, અજ્ઞાન તમનું ફળ. ૧૬

સત્ત્વથી ઊપજે જ્ઞાન, રજથી લોભ ઊપજે,
પ્રમાદ, મોહ, અજ્ઞાન, ઊપજે તમથી સહુ. ૧૭

ચડે છે સાત્ત્વિકો ઊંચે, રાજસો મધ્યમાં રહે;
હીનવૃત્તિ તમોધર્મી, તેની થાય અધોગતિ. ૧૮

ગુણો વિના નકર્તા કો જ્યારે દ્રષ્ટા પિછાણતો,
ત્રિગુણાતીતને જાણે, તે પામે મુજ ભાવને. ૧૯

દેહ સાથે ઊઠેલા આ ત્રિગુણો જે તરી જતો,
જન્મ-મૃત્યુ-જરા-દુઃખે છૂટી તે મોક્ષ ભોગવે. ૨૦

**અર્જુન બોલ્યા–**

ક્યાં લક્ષણથી દેહી ત્રિગુણાતીત થાય છે?
હોય આચાર શો એનો? કેમ એ ત્રિગુણો તરે? ૨૧

**શ્રી ભગવાન બોલ્યા–**

જ્ઞાન પ્રવૃત્તિ ને મોહ–તેના ધર્મો શરીરમાં
ઊઠે તો ન કરે દ્વેષ, શમે તો ન કરે સ્પૃહા. ૨૨

જે ઉદાસીન–શો વર્તે ગુણોથી ચળતો નહીં,
વર્તે ગુણો જ જાણીને, રહે સ્થિર ડગે નહીં, ૨૩

સમ દુઃખે–સુખે, સ્વસ્થ, સમલોષ્ટાશ્મકાઞ્ચન,
સમ પ્રિયાપ્રિયે, ધીર, સમ નિંદા-વખાણમાં, ૨૪

સમ માનાપમાને જે, સમ જે શત્રુમિત્રમાં,
સૌ કર્મારંભે છોડેલો, ગુણાતીત ગણાય તે. ૨૫
અવ્યભિચાર ભાવે જે ભક્તિયોગે મ'ને ભજે,
તે આ ગુણો કરી પાર બ્રહ્મને પાત્ર થાય છે. ૨૬
અમૃત–અક્ષર–બ્રહ્મ, ને એકાંતિક જે સુખ
તેમ શાશ્વત ધર્મો જે, સૌનો આધાર હું જ છું. ૨૭

## અધ્યાય ૧૫ મો

# પુરુષોત્તમ સ્વરૂપ

શ્રી ભગવાન બોલ્યા–

ઊંચે મૂળ, તળે ડાળો, શ્રુતિઓ પાંદડાં કહ્યાં;
એ અવિનાશ અશ્વત્થ જાણે, તે વેદ જાણતો. ૧

ઊંચે-તળે ડાળ-પસાર એનો,
ગુણે વધ્યો, ભોગથી પાલવ્યો જે,
નીચે, વળી, માનવલોક માંહી
મૂળો ગયાં,–કર્મ વિશે ગૂંથાયાં. ૨

એનું જગે સત્ય ન રૂપ ભાસે,
ન આદિ–અંતે નહિ કોઈ પાયો;
લૈ તીવ્ર વૈરાગ્ય તણી કુહાડી
અશ્વત્થ આવો દૃઢમૂળ તોડ. 3

શોધી પછી એ પદને પ્રયત્ને
જ્યાં પોં'ચનારા ન પડે ફરીથી,
તે પામવું આદિ પરાત્મ રૂપ,
પ્રવૃત્તિ જ્યાંથી પસરી અનાદિ. ૪

નિર્માન, નિર્મોહ, અસંગવૃત્તિ,
અધ્યાત્મનિષ્ઠા, નિત, શાંતકામ,
છૂટેલ દ્વંદ્વો સુખ-દુ:ખરૂપી,
અમૂઢ તે અવ્યય ધામ પામે. ૫

સૂર્ય એને પ્રકાશે ના, ના ચંદ્ર, અગ્નિયે નહીં,
જ્યાં પોં'ચી ન ફરે પાછા, મારું તે ધામ ઉત્તમ. ૬

મારો જ અંશ સંસારે જીવરૂપ સનાતન,
ખેંચે પ્રકૃતિમાંથી તે મન ને પાંચ ઈન્દ્રિયો. ૭

જેમ વાયુ ગ્રહે ગંધ વસ્તુનો નિજ સાથમાં
તેમ દેહી ગ્રહે આ સૌ ધારતાં-છોડતાં તનુ. ૮

આંખ, કાન, ત્વચા, નાક, જીભ ને છઠ્ઠું તો મન,
અધિષ્ઠાતા થઈ સૌનો દેહી વિષય ભોગવે. ૯

નીકળે કે રહે દેહે, ભોગવે ગુણ સાથ વા,
મૂઢો ન દેખતા એને, દેખે છે જ્ઞાનચક્ષુના. ૧૦

રહેલો હૃદયે એને દેખે યોગી પ્રયત્નવાન્;
હૈયાસૂના, અશુદ્ધાત્મા, ન દેખે યત્નથીય તે. ૧૧

વિશ્વ સૌને પ્રકાશંતું દીસે જે તેજ સૂર્યમાં,
ચંદ્રે જે, અગ્નિમાંયે જે, તેજ મારું જ જાણ તે. ૧૨

પેસી પૃથ્વી વિશે ધારું ભૂતોને મુજ શક્તિથી,
પોષું છું ઓષધિ સર્વે થઈ સોમ રસે ભર્યો. ૧૩

હું વૈશ્વાનરરૂપે સૌ પ્રાણીના દેહમાં રહ્યો,
પ્રાણાપાન કરી યુક્ત પચાવું અન્ન ચોવિધ. ૧૪

નિવાસ સૌના હૃદયે કરું હું,
હું-થી સ્મૃતિ, જ્ઞાન તથા વિવેક;
વેદો બધાનું હું જ એક વેદ્ય,
વેદાન્તકર્તા હું જ વેદવેત્તા. ૧૫

બે છે આ પુરુષો વિશ્વે ક્ષર-અક્ષર, અર્જુન!
ક્ષર તે સઘળાં ભૂતો, કહ્યો અક્ષર નિત્યને. ૧૬

પોષે ત્રિલોકને વ્યાપી જે અવિનાશ ઈશ્વર,
પરમાત્મા કહ્યો તેને, ત્રીજો પુરુષ ઉત્તમ. ૧૭

કાં જે હું ક્ષરથી પાર, શ્રેષ્ઠ અક્ષરથીય હું,
તેથી હું લોક ને વેદે વર્ણાયો પુરુષોત્તમ. ૧૮

જે અમૂઢ મ'ને આમ જાણતો પુરુષોત્તમ,
તે સર્વ સારનો જ્ઞાની સર્વભાવે મ'ને ભજે. ૧૯

અત્યંત ગૂઢ આ શાસ્ત્ર તને, નિષ્પાપ! મેં કહ્યું;
એ જાણી બુદ્ધિને પામી કૃતાર્થ બનવું ઘટે. ૨૦

અધ્યાય ૧૬ મો

# દૈવી અને આસુરી સંપત્તિ

શ્રી ભગવાન બોલ્યા–

અભય, સત્ત્વસંશુદ્ધિ, વ્યવસ્થા જ્ઞાન-યોગમાં,
નિગ્રહ, દાન, સ્વાધ્યાય, યજ્ઞ, સરળતા, તપ, ૧
અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન,
મૂદુતા, સ્થિરતા, લાજ, દયા જીવે, અલાલસા, ૨
ક્ષમા, અમાન, અદ્રોહ, તેજ, ધૈર્ય, પવિત્રતા;
દૈવીભાવ વિશે જન્મે, તેની આ સંપદા થતી. ૩
અજ્ઞાન, માન ને દર્પ, દંભ, ક્રોધ, કઠોરતા.
આસુરી ભાવમાં જન્મે, તેની આ સંપદા થતી. ૪
મોક્ષ દે સંપદા દૈવી, કરે બંધન આસુરી;
કર ના શોક, તું જન્મ્યો દૈવીસંપત્તિને લઈ. ૫
દૈવી ને આસુરી છે બે ભૂતોની સૃષ્ટિ આ જગે;
વિસ્તારે વર્ણવી દૈવી, હવે સાંભળ આસુરી. ૬
આસુરી જન જાણે ના પ્રવૃત્તિ કે નિવૃત્તિને,
ન સ્વચ્છતા, ન આચાર, સત્યે ના એમને વિશે. ૭

અસત્ય જગ છે બોલે, અનાધાર, અનીશ્વર;
અન્યોન્ય-યોગથી જન્મ્યું, હેતુ કામ વિના નહીં. ૮

આવી એ રાખતા દૃષ્ટિ ક્રૂરકર્મી, અબુદ્ધિઓ,
હૈયાસૂના ધરે જન્મ પ્રજાક્ષયાર્થ શત્રુઓ. ૯

દુષ્પૂર કામને સેવે, દંભ-માન-મદે ભર્યા,
મોહે દુરાગ્રહો બાંધી પાપાચારી પ્રવર્તતા. ૧૦

વહે અપાર ચિંતાને મૃત્યુએ ઝાલતાં સુધી;
સુખ-ભોગ ગણે ધ્યેય, એ જ સર્વસ્વ માનતા. ૧૧

આશાપાસો વડે બાંધ્યા, કામ-ક્રોધ-પરાયણ,
ઈચ્છતા સુખભોગાર્થે અન્યાયે ધનસંચય. ૧૨

'આ પામ્યો આજ ને કાલે કોડ પૂરો કરીશ આ;
'આટલું મારું છે આજે, આયે મારું થશે ધન; ૧૩

'આ વેરી મેં હણ્યો છે ને બીજાયે હણનાર છું;
'હું સર્વાધીશ ને ભોગી, સિદ્ધ હું, બળિયો, સુખી. ૧૪

'હું છું કુલીન, શ્રીમંત, બીજો મારા સમાન ના;
'યજીશ, દૈશ, મા'ણીશ'– કહે અજ્ઞાન મોહથી. ૧૫

ભૂલ્યા અનેક તર્કોમાં, ગૂંચાયા મોહજાળમાં,
આસક્ત સુખ ને ભોગે, તે કૂડા નરકે પડે. ૧૬

આત્મશ્લાઘી ગુમાની એ, દંભ-માન-મદે ભર્યા,
કરે છે નામના યજ્ઞો દંભથી વિધિને ત્યજી. ૧૭

બળ, દર્પ, અહંકાર, કામ ને ક્રોધને વર્યા,
સ્વ-પર દેહમાં મારો ઈર્ષ્યાથી દ્રોહ તે કરે. ૧૮
એવા દ્વેષી તથા ક્રૂર સંસારે જે નરાધમો,
તે દુષ્ટોને સદા નાખું આસુરી યોનિઓ વિશે. ૧૯
આસુરી યોનિ પામેલા જન્મોજન્મેય મૂઢ એ,
મ'ને ન મેળવે, પામે ઝાઝી ઝાઝી અધોગતિ. ૨૦
કામ, ક્રોધ તથા લોભ, નરકદ્વાર આ ત્રણ
કરતા આત્મનો ઘાત, તેથી એ ત્યજવાં ત્રણે. ૨૧
તમનાં આ ત્રણે દ્વારો, તેથી મુક્ત થઈ, પછી
આચરી આત્મનું શ્રેય દેહી પામે પરંગતિ. ૨૨
છોડીને શાસ્ત્રનો માર્ગ સ્વચ્છંદે વરતે નર,
તેને મળે નહીં સિદ્ધિ, ન સુખે, ન પરંગતિ. ૨૩
માટે પ્રમાણવું શાસ્ત્ર કાર્યાકાર્ય ઠરાવવા.
શાસ્ત્રથી વિધિને જાણી કર્મ આચરવું ઘટે. ૨૪

અધ્યાય ૧૭મો

# ગુણથી ક્રિયાઓના ભેદ

અર્જુન બોલ્યા—

શાસ્ત્રના વિધિને છોડી શ્રદ્ધાથી પૂજન કરે,
તેની નિષ્ઠા ગુણે કે'વી સત્ત્વ, કે રજ, કે તમ? ૧

શ્રી ભગવાન બોલ્યા—

ત્રણ પ્રકારની શ્રદ્ધા દેહીઓની સ્વભાવથી,—
સાત્ત્વિકી, રાજસી તેમ તામસી, સુણ એ બધું. ૨

જેવું જે જીવનું સત્ત્વ, શ્રદ્ધા તેવી જ તે વિશે;
શ્રદ્ધાએ આ ઘડયો દેહી, જે શ્રદ્ધા તે જ એ બને. ૩

સાત્ત્વિકો દેવને પૂજે, રાજસો યક્ષ-રાક્ષસો;
પ્રેતો-ભૂતગણો પૂજે, જે લોકો તામસી જગે. ૪

શાસ્ત્રવિરુદ્ધ ને ઘોર, જે જનો તપ આચરે,
અહંતા-દંભથી યુક્ત, કામ-રાગ-બળે ભર્યા, ૫

દેહના પંચભૂતો ને હૃદયે વસતા મ'ને,
પીડે જે અબુધો, જાણ તેના નિશ્ચય આસુરી. ૬

આહારે પ્રિય સત્ત્વેના પ્રકાર ત્રણના જુદા
તેમ યજ્ઞો, તપો, દાનો,— તેના આ ભેદ સાંભળ. ૭

આયુ, સત્ત્વ, બળ, સ્વાસ્થ્ય, સુખ, પ્રીતિ વધારતા,
રસાળ, રોચક, સ્નિગ્ધ, સ્થિર તે સાત્ત્વિક-પ્રિય. ૮

ખારા, ખાટા, ઘણા ઊના, તીખા, લૂખા, બળે, કડુ,
દે દુ:ખ, શોક કે વ્યાધિ, આહારો રાજસ-પ્રિય. ૯

પો'ર ટાઢો, થયો વાસી, ગંધાતો, સ્વાદ ઊતર્યો,
એઠો, નિષિદ્ધ આહાર, તામસી જનને પ્રિય. ૧૦

ન રાખી ફળની આશા, ધર્મ યજ્ઞે જ જાણતા,
સ્થિરચિત્તે થતો યજ્ઞ, વિધિપૂર્વક સાત્વિક. ૧૧

ફળને દષ્ટિમાં રાખી તેમ જે દંભ ભાવથી
જે યજ્ઞ થાય છે લોકે, રાજસી યજ્ઞ તે કહ્યો. ૧૨

જેમાં ન વિધિ, ના મંત્ર, નચે સર્જન અન્નનું,
ન દક્ષિણા, નહીં શ્રદ્ધા, તામસી યજ્ઞ તે કહ્યો. ૧૩

દેવ-દ્વિજ-ગુરુ-જ્ઞાની તેની પૂજા, પવિત્રતા,
બ્રહ્મચર્ય, અહિંસા ને ઋજુતા દેહનું તપ. ૧૪

અખૂંચતું, સત્ય મીઠું હિતનું વેણ બોલવું
તથા સ્વાધ્યાય, અભ્યાસ, વાણીનું તપ એ કહ્યું. ૧૫

આત્મનિગ્રહ ને મૌન, મન કેરી પ્રસન્નતા,
મૃદુતા, ભાવની શુદ્ધિ, મનનું તપ એ કહ્યું. ૧૬

યોગથી, અતિશ્રદ્ધાથી, આચરે આ ત્રણે તપો,
ન સેવી ફળની આશા, તે કહેવાય સાત્ત્વિક. ૧૭

સત્કાર-માન-પૂજાર્થે તથા જે દંભથી કરે
તપ,તે રાજસી લોકે, કહ્યું ચંચળ, અધ્રુવ. ૧૮

મૂઢાગ્રહે તપે જેઓ પીડીને અંતરાત્મને,
પરના નાશ માટે વા, તપ એ તામસી કહ્યું. ૧૯

કશો ના પાડ તોયે જે દેવાનો ધર્મ ઓળખી,
યોગ્ય પાત્રે-સ્થળે-કાળે આપે, એ દાન સાત્ત્વિક. ૨૦

ફેડવા પાછલો પાડ, હેતુ વા ફળનો ધરી,
કોચવાતા મને આપે, રાજસી દાન એ ગણ્યું. ૨૧

અપાત્રે દાન જે આપે, દેશ કાળ અયોગ્યમાં,
વિના આદર સત્કાર, તામસી દાન તે ગણ્યું. ૨૨

ઓં(ૐ), તત્, સત્, ત્રણે નામે થાય નિર્દેશ બ્રહ્મનો,
બ્રાહ્મણો, વેદ ને યજ્ઞો સર્જ્યા એણે જ આદિમાં. ૨૩

તેથી ઓં (ૐ) વદી પે'લાં, યજ્ઞ-દાન-તપ--ક્રિયા
બ્રહ્મવાદી તણી નિત્ય પ્રવર્તે વિધિપૂર્વક. ૨૪

તદ્ વડે ફળને ત્યાગી, યજ્ઞ ને તપની ક્રિયા,
દાનકર્મો વિવિધથી આચરે છે મુમુક્ષુઓ. ૨૫

સારું ને સત્ય દર્શાવા સત્ શબ્દ વપરાય છે
તેમ સત્ શબ્દ યોજાય પ્રશંસાયોગ્ય કર્મમાં. ૨૬

યજ્ઞે, તપે તથા દાને વર્તે તેનેય સત્ કહે;
એ માટે જે થતાં કર્મો, તે બધાં પણ સત્ કહ્યાં. ૨૭

અશ્રદ્ધાથી કર્યાં કર્મ, યજ્ઞ, દાન, તપો વળી,
અસત્ કહેવાય તે સર્વ, વ્યર્થ એ બેઉ લોકમાં. ૨૮

# અધ્યાય ૧૮મો

# ગુણપરિણામો અને ઉપસંહાર

અર્જુન બોલ્યા–

શું છે સંન્યાસનું તત્ત્વ? ત્યાગનું તત્ત્વ શું, વળી?
બેઉને જાણવા ઈચ્છું, જુદા પાડી કહો મને ૧

શ્રી ભગવાન બોલ્યા–

છોડે સકામ કર્મોને જ્ઞાની સંન્યાસ એ કહે;
સર્વ કર્મો તણાં છોડે ફળને, ત્યાગ એ કહ્યો. ૨

'દોષરૂપ બધાં કર્મો–ત્યજો તે' મુનિ કો કહે,
'યજ્ઞ–દાન–તપો ક્યારે ન તજો' અન્ય તો કહે. ૩

ત્યાગ સંબંધમાં તેથી મારા નિશ્ચયને સુણ:
ત્રણ પ્રકારના ભેદો ત્યાગના વર્ણવાય છે. ૪

યજ્ઞ–દાન–તપો કેરાં કર્મો ન ત્યજવાં ઘટે;
અવશ્ય કરવાં, એ તો કરે પાવન સુજ્ઞને. ૫

કરવાં એય કર્મોને આસક્તિ–ફળને ત્યજી;
આ ઉત્તમ અભિપ્રાય મારો નિશ્ચિત આ વિશે. ૬

નીમેલાં કર્મોનો ક્યારે નહીં સંન્યાસ તો ઘટે;
મોહથી જો કરે ત્યાગ, એ કીધો ત્યાગ તામસી. ૭

કર્મે છે દુઃખ માટે જે કાયક્લેશ ભયે ત્યજે,
તે કરે રાજસ ત્યાગ, ન પામે ફળ ત્યાગનું. ૮

રહીને નિયમે કર્મ કર્તવ્ય સમજી કરે,
અનાસક્ત ફળત્યાગી, જાણ એ ત્યાગ સાત્ત્વિક. ૯

ક્ષેમ કર્મે નહીં રાગ, અક્ષેમે દ્વેશ તો નહીં;
એ ત્યાગી સત્ત્વમાં યુક્ત, જ્ઞાનવાન, અસંશયી. ૧૦

શક્ય ના દેહધારીને સમૂળો ત્યાગ કર્મનો;
કર્મના ફળનો ત્યાગી, તે જ ત્યાગી ગણાય છે. ૧૧

સારું, માઠું તથા મિશ્ર, ફળ ત્રિવિધ કર્મનું;
અત્યાગી પામતા એને, સંન્યાસીઓ કદી નહીં. ૧૨

સર્વ કર્મો તણી સિદ્ધિ થાય જે પાંચ કારણે,
કહ્યાં તે સાંખ્ય સિદ્ધાંતે, એહ તું મુજથી સુણ. ૧૩

અધિષ્ઠાન તથા કર્તા, ત્રીજું વિવિધ સાધનો,
ક્રિયા નાના પ્રકારોની ને ભળે દૈવ પાંચમું. ૧૪

કાયા-વાચા-મને જે જે કર્મને આદરે નર,-
અન્યાયી અથવા ન્યાયી,- તેના આ પાંચ હેતુઓ. ૧૫

આવું છતાંય આપે જ કર્તા છે એમ જે જુએ,
સંસ્કારહીન, દુર્બુદ્ધિ, સત્ય તે દેખતો નથી. ૧૬

"હું કરું" એમ ના જેને, જેની લેપાય બુદ્ધિ ના,
સૌ લોકને હણે તોયે, હણ્યે બંધાય તે નહીં. ૧૭

જ્ઞાન જ્ઞેય તથા જ્ઞાતા, – કર્મનાં ત્રણ પ્રેરકો;
સાધનો કર્મ ને કર્તા,–કર્મનાં ત્રણ પોષકો. ૧૮

જ્ઞાન, કર્મ અને કર્તા–ગુણોથી ત્રણ જાતનાં
વર્ણવ્યા સાંખ્ય સિદ્ધાંતે, સુણ એને યથાર્થ તું. ૧૯

જેથી દેખે બધા ભૂતે એક અવ્યય ભાવને–
સળંગ ભિન્ન રૂપોમાં–જાણ એ જ્ઞાન સાત્ત્વિક. ૨૦

જે જ્ઞાને સર્વ ભૂતોમાં નાના ભાવો જુદા જુદા
જાણતો ભેદને પાડી,–જાણ એ જ્ઞાન રાજસ. ૨૧

આસક્તિ યુક્ત જે કાર્ય, પૂર્ણ–શું એકમાં જુએ;
જેમાં ન તત્ત્વ કે હેતુ,– અલ્પ એ જ્ઞાન તામસી. ૨૨

નીમેલું, વણ–આસક્તિ, રાગદ્વેષ વિના કર્યું
ફલની લાલસા છોડી, કર્મ સાત્ત્વિક એ કહ્યું. ૨૩

મનમાં કામના સેવી વા અહંકારથી કર્યું,
ઘણી જંજાળથી જેને, કર્મ રાજસ તે કહ્યું. ૨૪

પરિણામ તથા હાનિ, હિંસા, સામર્થ્ય ના ગણી,
આદરે મોહથી જેને, કર્મ તામસ તે કહ્યું. ૨૫

નિઃસંગી, નિરહંકારી, ધૃતિ-ઉત્સાહથી ભર્યો,
યશાયશે નિર્વિકાર, કર્તા સાત્ત્વિક તે કહ્યો. ૨૬

રાગી, ને ફળનો વાંછુ, લોભી, અસ્વચ્છ, હિંસક,
હર્ષશોકે છવાયેલો, કર્તા રાજસ તે કહ્યો. ૨૭

અયોગી, ક્ષુદ્ર, ગર્વિષ્ઠ, અકર્મી, શઠ, આળસુ,
સોગિયો, દીર્ઘસૂત્રી જે કર્તા તામસ તે કહ્યો. ૨૮

બુદ્ધિ ને ધૃતિના ભેદો ગુણોથી ત્રણ જાતના,
સંપૂર્ણ વર્ણવું એને, સુણજે વિગતે જુદા. ૨૯

શું પ્રવૃત્તિ, શું નિવૃત્તિ, કાર્યાકાર્ય, ભયાભય,
બંધ શું, મોક્ષ શું જાણે, ગણી એ બુદ્ધિ સાત્ત્વિક. ૩૦

ધર્માધર્મ તણો ભેદ, તેમ કાર્ય-અકાર્યનો,
અયથાર્થપણે જાણે, ગણી એ બુદ્ધિ રાજસી. ૩૧

અજ્ઞાને આવરેલી જે ધર્મ માને અધર્મને,
બધું જ અવળું પેખે, ગણી તે બુદ્ધિ તામસી. ૩૨

મન-ઈન્દ્રિય-પ્રાણોની ક્રિયાને જે ધરી રહે
ધૃતિ અનન્યયોગે જે, તેને સાત્ત્વિકી જાણવી. ૩૩

ધર્મે, અર્થે તથા કામે જે વડે ધારણા રહે,
આસક્તિ ને ફલેચ્છાથી, ધૃતિ તે રાજસી ગણી. ૩૪

જે વડે ભય ને શોક, નિદ્રા, ખેદ તથા મદ,
જે ન છોડે દુર્બુદ્ધિ, ધૃતિ તે તામસી ગણી. ૩૫

સુખનાયે ત્રણ ભેદો હવે વર્ણવું, સાંભળ :
અભ્યાસે રાચતો જેમાં, દુઃખનો નાશ તે કરે. ૩૬

ઝેરની જેમ આરંભે, અંતે અમૃત–તુલ્ય જે,
પ્રસન્ન ચિત્તને લીધે મળે તે સુખ સાત્ત્વિક. ૩૭

આરંભે અમૃતસમ, અંતે ઝેર સમાન જે,
વિષયેન્દ્રિય સંયોગે મળે તે સુખ રાજસ. ૩૮

આરંભે, અંતમાંયે જે નિદ્રા–પ્રમાદ–આળસે
આત્માને મોહમાં નાખે, તામસી સુખ તે ગણ્યું. ૩૯

નથી કો સત્ત્વ પૃથ્વીમાં, સ્વર્ગે દેવો વિશેય કો,
જે હોય ગુણથી મુક્ત, જે આ પ્રકૃતિના ત્રણ. ૪૦

બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રોના જે સ્વભાવથી
થયા ભિન્ન ગુણો, તેણે પાડચા છે ભેદ કર્મના. ૪૧

શાંતિ, તપ, ક્ષમા, શૌચ, શ્રદ્ધા, નિગ્રહ, આર્જવ,
જ્ઞાન, વિજ્ઞાન–આ કર્મ બ્રાહ્મણોનું સ્વભાવથી. ૪૨

શૌર્ય, તેજ, પ્રજારક્ષા, ભાગવું નહિ યુદ્ધથી,
દક્ષતા, દાન ને ધૈર્ય – ક્ષાત્રકર્મ સ્વભાવથી. ૪૩

ખેતી, વેપાર, ગોરક્ષા – વૈશ્યકર્મ સ્વભાવથી;
સેવાભાવ ભર્યું કર્મ, – શૂદ્રોનું એ સ્વભાવથી. ૪૪

માનવી પોતપોતાના કર્મે મગ્ન રહી તરે;
સ્વકર્મ આચરી જેમ મેળવે સિદ્ધિ, એ સુણ. ૪૫

જેથી પ્રવર્તતાં ભૂતો, જેણે વિસ્તાર્યું આ બધું,
તેને સ્વકર્મથી પૂજી સિદ્ધિને મેળવે નર. ૪૬

રૂડો સ્વધર્મ ઊણોયે સુસેવ્યા પરધર્મથી;
સ્વભાવે જે ઠરે કર્મ, તે કર્યે દોષ ના થતો. ૪૭

સહજ કર્મમાં દોષ હોય તોયે ન છોડવું;
સર્વ કર્મે રહે દોષ, ધુમાડો જેમ અગ્નિમાં. ૪૮

આસક્ત નહિ જે ક્યાંય, જિતાત્મા, નિઃસ્પૃહી સદા,
પરં નિષ્કર્મની સિદ્ધિ તેને સંન્યાસથી મળે. ૪૯

પામીને સિદ્ધિને યોગી, જે રીતે બ્રહ્મ મેળવે,
સુણ સંક્ષેપમાં તેને, – નિષ્ઠા જે જ્ઞાનની પરં. ૫૦

પવિત્ર બુદ્ધિને રાખે, નીમે એ ધૃતિથી મન,
શબ્દાદિ વિષયો ત્યાગે, રાગદ્વેષ બધા હણે; ૫૧
એકાંતે રહે, જમે થોડું, ધ્યાનયોગ સદા કરે,
જીતે કાયા–મનો–વાણી, દૃઢ વૈરાગ્યને ધરે; ૫૨

બળ-દર્પ-અહંકાર-કામ-ક્રોધ ટળી ગયા,
સંગ્રહ-મમતા છોડયાં, શાંત તે બ્રહ્મમાં મળે. ૫૩

બ્રહ્મનિષ્ઠ, પ્રસન્નાત્મા, શોચ કે કામના નહીં,
સમાન દષ્ટિનો પામે મારી પરમ ભક્તિને. ૫૪

ભક્તિએ તત્ત્વથી જાણે, જેવો છું ને હું જેમ છું;
તત્ત્વે આમ મ'ને જાણી, એ મળે મુજમાં પછી. ૫૫

મારો આશ્રિત એ કર્મો સર્વ નિત્ય કરે છતાં
મારા અનુગ્રહે પામે અખંડ પદ શાશ્વત. ૫૬

મ'ને અર્પી બધાં કર્મો મનથી, મત્પરાયણ,
મારામાં ચિત્તને રાખ બુદ્ધિયોગ વડે સદા. ૫૭

મચ્ચિત્તે તરશે દુઃખો સર્વે મારા અનુગ્રહે,
ન સુણીશ અહંકારે, નિશ્ચે પામીશ નાશ તો. ૫૮

જે અહંકારને સેવી માને છે કે 'લડું નહીં',
મિથ્યા પ્રયત્ન એ તારો, પ્રકૃતિ પ્રેરશે તને. ૫૯

બંધાયેલો સ્વકર્મોથી નિર્માયાં જે સ્વભાવથી,
મોહથી ઈચ્છતો ના જે, અવશે તે કરીશ તું. ૬૦

વસીને સર્વ ભૂતોમાં હૃદયે પરમેશ્વર
માયાથી ફેરવે સૌને, જાણે યંત્ર પરે ધર્યા. ૬૧

એને જ શરણે જા તું સર્વભાવથી, ભારત!
એના અનુગ્રહે લૈશ શાંતિ ને શાશ્વત પદ. ૬૨

આવું આ સારમાં સાર જ્ઞાન મેં તુજને કહ્યું;
એને પૂર્ણ વિચારીને કર જેમ ગમે તને. ૬૩

વળી, મારું પરં વેણ, સારમાં સાર, આ સુણ,
મ'ને અત્યંત વા'લો તું, તેથી તારું કહું હિત: ૬૪

મન, ભક્તિ મ'ને અર્પ, મ'ને પૂજ, મ'ને નમ,
મ'ને જ પામશે નિશ્ચે, મારું વચન લે, પ્રિય! ૬૫

છોડીને સઘળા ધર્મો, મારું જ શરણું ધર;
હું તને સર્વ પાપોથી છોડાવીશ, નચિંત થા. ૬૬

તપ ના, ભક્તિ ના જેમાં, ના સેવા-શ્રવણે રુચિ;
નિંદતોયે મ'ને તેને કે'વું આ જ્ઞાન ના કદી. ૬૭

જે આ જ્ઞાન મહાગૂઢ આપશે મુજ ભક્તને,
પરાભક્તિ કરી મારી મ'ને નિશ્ચય પામશે. ૬૮

એથી અધિક ના કોઈ મારું પ્રિય કરે અહીં,
એથી અધિક તો કોઈ મારો પ્રિય જગે નહીં. ૬૯

શીખી વિચારશે જે આ ધર્મસંવાદ આપણો,
મારી ઉપાસના તેણે જ્ઞાનયજ્ઞે કરી, ગણું. ૭૦

જે શ્રદ્ધાવાન નિષ્પાપ માનવી સુણશેય આ,
તેયે મુક્ત થઈ પામે લોકો, જે પુણ્યવાનના. ૭૧

પાર્થ! તેં સાંભળ્યું શું આ બધું એકાગ્ર ચિત્તથી?
અજ્ઞાન-મોહનો નાશ શું હવે તુજ કૈં થયો? ૭૨

અર્જુન બોલ્યા—

ટળ્યો મોહ, સ્મૃતિ લાધી, અચ્યુત! તમ અનુગ્રહે,
થયો હું સ્થિર નિઃશંક, માનીશ તમ શીખને. ૭૩

સંજય બોલ્યા—

કૃષ્ણાર્જુન મહાત્માનો આવો સંવાદ અદ્ભુત,
રોમ ઊભાં કરે તેવો, સાંભળ્યો મેં મહીપતિ. ૭૪

કૃષ્ણ યોગેશ્વરે સાક્ષાત્ સ્વમુખે બોલતાં સ્વયં,
મેં આ યોગ પરંગૂઢ સુણ્યો વ્યાસ-અનુગ્રહે. ૭૫

આ કૃષ્ણાર્જુન-સંવાદ, મહા અદ્ભુત, પાવન,
સ્મરી સ્મરી મને એનો હર્ષ થાય ફરી ફરી. ૭૬

સ્મરી સ્મરીય એ રૂપ, હરિનું અતિ અદ્ભુત,
મહા આશ્ચર્ય પામું ને હર્ષ થાય ફરી ફરી. ૭૭

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ, જ્યાં ધનુર્ધર અર્જુન,
ત્યાં વસે જય, ઐશ્વર્ય, લક્ષ્મી ને સ્થિર નીતિયે. ૭૮

ૐ તત્ સત્

# ટિપ્પણીઓ

(પહેલો આંકડો શ્લોકનો અને બીજો ચરણનો ક્રમાંક સમજવો.)

## અધ્યાય ૧લો

૫ (૪) ભૂરિશ્રવા.

૧૦ (૧ અને ૩) અગણ્ય અને ગણ્ય મૂળના અપર્યાપ્ત અને પર્યાપ્ત શબ્દોને બદલે વાપર્યા છે, અને એની માફક જ દ્વિઅર્થી છે, એટલે કે અગણ્ય– (૧) ગણાય નહીં એટલે અપાર, અથવા (૨) ન ગણવા જેવી, નજીવી. ગણ્ય–તેથી ઊલટું. બંનેનો પહેલો અર્થ વધારે ઠીક લાગે છે, પણ ઘણા બીજો અર્થ કરે છે.

૩૬ (૩) આતતાયી– શસ્ત્ર ઉગામનાર. આ કોણ? સાધારણ રીતે કૌરવો માટે સમજવામાં આવે છે, પણ મારો અભિપ્રાય એને 'અમને'ના વિશેષણ તરીકે લેવાનો છે. આ માટે કર્ણપર્વ ૯૧–૪૯, શલ્યપર્વ ૧૧–૧૧ વગેરેમાં આધાર છે. ગમે તે અર્થ કરી શકાય એવી રચના રાખી છે.

## અધ્યાય ૨જો

૭ (૧) ગીતામાં જ્યાં જ્યાં સ્વભાવ શબ્દ આવે ત્યાં ત્યાં એના પૂરા અર્થમાં સમજવો જોઈએ, એટલે કે પોતાનો મૂળ ભાવ, અસલ પ્રકૃતિ; જેમ કે, અહીં ક્ષત્રિયપણાનો.

૨૦ (૨) ભૂતકાળમાં એ 'નહોતો' કે ભવિષ્યકાળમાં 'ન હશે' એમ એને માટે કહી ન શકાય, તેથી એ ભૂતમાં 'હતો' અને ભવિષ્યમાં 'હશે' એમ પણ ન કહેવાય. 'છે' એ જ એને માટે યોગ્ય શબ્દ. (૩) નિત્ય--દિવસ--રાત, ઋતુઓ મરણ વગેરે કેટલીક બાબતો નિત્ય છે, એટલે એને વખતે આવ્યા વિના નહીં રહે તેવી છે. પણ સદા, એટલે સતત, શાશ્વત, સનાતન કે નિરંતર અને અખંડ નથી. આત્મા સદા છે. સદાને પણ નિત્ય કહી શકાય, માટે આત્મા નિત્ય તેમજ સદા છે.

૪૫ (૧) વેદાર્થો -- વેદના વિષયો

૪૬ (૧) બે અર્થ કરાય છે: (૧) બધે પાણીથી ભરેલા તળાવનું કેટલું કામ? ઉત્તર--અપ જેટલું. અને (૨) બધે જ પાણી ભર્યું હોય પછી તળાવનું કેટલું કામ? ઉત્તર -- મુદ્દલ નહીં. એ પ્રમાણે બ્રહ્મનિષ્ઠને વેદોનો ખપ કેટલો? કેટલાક પહેલો ઉત્તર આપે છે, કેટલાક બીજો. મને પહેલો અર્થ વધારે ઠીક લાગે છે.

૪૯ (૨) બુદ્ધિનો સામાન્ય અર્થ જ્ઞાન થાય છે, પણ ગીતામાં એ સમતાની બુદ્ધિ(નિષ્ઠા)ના ખાસ અર્થમાં વપરાયો છે. અર્જુનના ધ્યાનમાં એ આવતું નથી એમ કલ્પના કરી, એ સાફ કરવા માટે ૩ જા અને ૫ મા અધ્યાયની ચર્ચા ઊભી કરી છે. બુદ્ધિ – ધ્યોગ, ધ્યોગી =યોગી, યુક્ત—યોગયુક્ત, એ બધા શબ્દોમાં સમતાની બુદ્ધિ અને સમતાનો યોગ જ સમજવું. અયોગી, અયુક્ત વગેરે શબ્દોના અર્થ એનાથી ઊલટા.

૫૦ (૪) કૌશલ= (૧) નિર્વિઘ્નતા; (૨) નિપુણતા; સમતાની બુદ્ધિ જ કર્મયોગમાં નિર્વિઘ્નતા છે અને તેથી એ જ સાચી નિપુણતા છે. કેટલાક એમ પણ અર્થ કરે કે કર્મમાં નિપુણતા એ જ યોગ છે. એટલો જ અર્થ બરાબર નથી, પણ નિપુણતા વિનાનું કર્મ વિધિયુક્ત – શાસ્ત્રીય રીતે થયેલું – ન હોવાથી, એને કર્મ જ ન કહેવાય, એ અકર્મ થાય, એટલે નિપુણતા એ કર્મયોગમાં જરૂરની છે જ.

૫૨ (૪) બેએ = બેઉમાં

૭૦ સહેજ ફેર સાથે આ શ્લોકના પણ બે અર્થો શક્ય છે: (૧) ''સદા ભરાતા (અને) અચળ પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં (જેમ) બધાં નીર પ્રવેશે છે, તેમ જેમાં સહુ કામ પ્રવેશે, તે કામકામી શાંતિ પામે નહીં.'' ત્યારે કોણ પામે, એ માટે ૭૧મો શ્લોક જુઓ. (૨) ''સદા ભરાતા

(છતાં) અચળ પ્રતિષ્ઠા. . . તે શાંતિ પામે. કામકામી નહિ (પામે).''

## અધ્યાય ૩જો

૭-૮ નીમવું, નીમેલું વગેરે શબ્દો નિયમમાં-સંયમમાં રાખવું, રાખેલું એ અર્થમાં વાપર્યાં છે.

૯ (૪) આચાર: ગીતામાં આને બદલે ઘણુંખરું સમાચર શબ્દ છે તે ગુજરાતીમાં મૂકી શકાયો નથી, એટલે 'આચર'નો અર્થ માત્ર 'કરવું' એમ ન સમજવો, પણ સારી રીતે કરવું. (જુઓ ૩-૨૬ પણ).

૧૩ યજ્ઞશેષ: યજ્ઞની પ્રસાદી. પાપ: આ શબ્દ અહીં લગભગ વિષ્ઠાસૂચક છે.

૧૫ પંક્તિ ૧ લીમાં બ્રહ્મ = મહત્તત્ત્વ. ચિત્ત; પ્રકૃતિનો પહેલો વિકાર. અક્ષર = આત્મા. પંક્તિ ૨ જીમાં બ્રહ્મ = આત્મા.

૧૯ કાર્ય કર્મ: કર્તવ્યરૂપ કર્મ.

૨૪ એટલા રોળ - ઉપહનૂ માટે 'એટવું' શબ્દ વાપર્યો છે.

૩૭ શ્લોક ૩૪માં અહીં રાગદ્વેષ શબ્દ છે, એ જ અર્થમાં કામક્રોધ સમજવા. મહાભક્ષી: મોટો ખાઉધરો.

૪૨ (૪) એ: કેટલાક આનો અર્થ 'આત્મા' કરે છે; કેટલાક 'કામ'. મને બીજો ઠીક લાગે છે.

## અધ્યાય ૪થો

૧૧ (૨) ભજું – ફળું, પ્રગટું, જણાઉં.

૧૭ કર્મ – ધર્મ, શાસ્ત્રો મંજૂર કરેલું કર્મ; અકર્મ – અધર્મ, શાસ્ત્રે મના કરેલું કર્મ. વિકર્મ – આ શબ્દ માત્ર આ જ શ્લોકમાં ગીતામાં વપરાયો છે. કોઈ એનો અર્થ બીજાનું કર્મ = પરધર્મ કરે છે, કોઈ વિશેષ કર્મ – ખાસ ધર્મ કરે છે, કોઈ કર્મ = ધર્મ ન આચરવો – કર્મત્યાગ કરે છે. કોઈ મંજૂર નહીં અને મના પણ નહીં, એવું કર્મ કરે છે અને કોઈ વિપરીત કર્મ – શાસ્ત્રે કહ્યું હોય તેનાથી ઊંધું કર્મ એવો કરે છે. ફરીથી એ શબ્દ આવતો ન હોવાથી અર્થનો નિશ્ચય કરવો કઠણ છે અને બિનજરૂરી પણ છે.

૧૯ (૧) કર્મ, ધર્મ અને આરંભ ત્રણે શબ્દો ઘણુંખરું ગીતામાં એક જ અર્થમાં વપરાયા છે.

૨૪ અન્વય – બ્રહ્મનિષ્ઠે જે બ્રહ્માજ્ય (૦રૂપી ઘી) બ્રહ્માગ્નિમાં બ્રહ્માર્પ્યું (=૦માં અર્પણ કર્યું), તે બ્રહ્મકર્મની નિષ્ઠાથી (= ૦ ને લીધે) બ્રહ્મરૂપ જ થાય.

૨૫ (૨) દેવોના યજ્ઞ દ્વારા ઉપાસના.

૨૬ સંયમાગ્નિ – કુમાર્ગથી ઇન્દ્રિયોને રોકવા – રૂપી તપોયજ્ઞ; ઇન્દ્રિયાગ્નિ – સુમાર્ગે ઇન્દ્રિયોને કેળવવા – રૂપી સ્વાધ્યાય યજ્ઞ.

૨૭ (૪) આત્મ(ચિત્ત)નો (ધારણા-ધ્યાન-સમાધિ-વાળો) સંયમરૂપી યોગ.

૩૧ (૧) યજ્ઞની પ્રસાદીરૂપ અમૃત(આત્મજ્ઞાન)ના ભોગી.

## અધ્યાય ૫મો

૪(૩) બેમાં એકેયને - બે પૈકી એકમાંયે. ઘણા એમ અનુવાદ કરે છે કે ''એકેય પામતાં પૂરો, બંનેનું ફળ મેળવે.'' આ બરાબર નથી લાગતું. કારણ ? ફળ તો એક આત્મજ્ઞાન અથવા મુક્તિ જ છે, માટે બંનેનું ફળ મેળવે, એમ કહેવામાં ભ્રમ ઉત્પન્ન થાય છે. પાંચમા શ્લોકમાં આ સ્પષ્ટ છે.

૧૩ મોઢું, બે આંખ, બે કાન, બે નસકોરાં, બે મળદ્વાર – આવા નવ દરવાજાવાળા નગરે = શરીરમાં.

૧૯ ઠર્યા - સ્થિર થયા.

૨૧(૨) આત્મામાં જે સુખ રહ્યું છે તે.

૨૨(૩) નાશે - નાશ પામે.

## અધ્યાય ૬ઠ્ઠો

૩ પહેલી લીટીમાં કારણ એટલે (સમત્વ બુદ્ધિવાળા કર્મયોગનું) સાધન, બીજી લીટીમાં કારણ એટલે હેતુ-

પ્રયોજન. એ શાંત થયેલો હોવાથી કર્મનો ત્યાગ કરવાનો એને આગ્રહ રહેતો નથી; એ જ એને કર્મનું કારણ–પ્રયોજન છે. શાંતિ ન હોય ત્યારે કરવા–છોડવાનો આગ્રહ હોય.

૭(૨) આગલા બે શ્લોકોમાં 'આપ' અને 'આત્મા' શબ્દો મન, બુદ્ધિ, ચિત્ત વગેરેના અર્થમાં છે, એ સાથે ગોટાળો ન થાય માટે એ બધાંથી પર શુદ્ધ આત્મા સૂચવવા અહીં પરમાત્મા શબ્દ વાપર્યો છે. સમાધિ – અસંતોષ વિનાની સાધનાયુક્ત આત્મનિષ્ઠાની સ્થિર સ્થિતિમાં.

૮(૨) યુક્ત– સમત્વ બુદ્ધિવાળો; (૩) આ ચરણ ગુજરાતી ધાર્મિક સાહિત્યમાં કહેવતની જેમ પ્રસિદ્ધ છે, માટે એમ જ રાખ્યું છે. એનો અર્થ, ઢેફું પથ્થર અને સોનામાં સમાન.

૧૨(૨) ચિત્ત તથા ઈન્દ્રિયોની ક્રિયાઓ. (૪) આત્મશુદ્ધિ = ચિત્ત૦.

૪૪(૪) શબ્દ: કર્મકાંડ.

### અધ્યાય ૭મો

૨૪(૧) અવ્યક્ત (પ્રકૃતિ) તે વ્યક્ત (વિકૃત) થયો.

૩૦ આગળ ૮મા અધ્યાયમાં સમજાવેલા અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ ભાવો સહિત જે મને જાણે. . .

## અધ્યાય ૮મો

૧ થી ૪ આના વધારે ખુલાસા માટે 'ગીતામંથન'નો આ ભાગ જોવો. ''અધિ''નો સાધારણ અર્થ, ''સંબંધી'', ''લગતું''.

૩ (૧–૨) ક્ષર (વિનાશી) ભાવ તે અધિભૂત, અને જીવભાવ તે અધિદૈવ.

૯ (૨) સૂક્ષ્મથી પણ અતિસૂક્ષ્મ. (૩) આદિત્ય (સૂર્ય) જેવા વર્ણ(રંગ)વાળા.

૨૪ (૧) જ્યોતે – જ્વાળા છતે.

૨૫ (૪) જ્યોતિ – તેજોમય લોક.

૨૮ (૩) અન્વય – (૧) ''એ સર્વ આ'' ( = આ સર્વ બ્રહ્મ છે, એ) જ્ઞાન વડે વટાવી : અથવા (૨) એ સર્વ (વેદ, યજ્ઞ, તપ ઈ૦) આ (બે માર્ગોના) જ્ઞાન વડે વટાવી.

## અધ્યાય ૯મો

૫ (૪) ભૂતોનું સર્જન કરવું એ જેનું સ્વરૂપ (સ્વભાવ) છે.

૯ (૩) ઉદાસ – ઉત્ – ઊંચે, આસ – બેઠેલો. ઊંચે બેઠેલો, સાક્ષીરૂપ, તે ઉદાસ કહેવાય. ઉદાસ એટલે

દિલગીર એવો અર્થ નથી થતો.

૧૦ (૨)અધ્યક્ષનો અર્થ પણ ઉદાસ જેવો જ. ઉપરથી જોનારો તે અધ્યક્ષ.

૧૪ (૪) નિત્ય યોગથી – અખંડ યોગમાં રહી.

૨૬ (૧) ગુજરાતીમાં કહેવત જેમ હોવાથી તેમ જ રાખ્યું છે. તોયં એટલે પાણી.

## અધ્યાય ૧૦મો

૨૧ અહીં મૂળમાં બધે છઠ્ઠી વિભક્તિ વાપરેલી છે, પણ સાધારણ રીતે એને સાતમીના અર્થમાં લેવાનો રિવાજ છે. આમ ભાષામાં થઈ શકે છે ખરું, પણ મને આ ઠેકાણે એમ કરવા જેવું લાગતું નથી. ''આદિત્યોનો હું વિષ્ણુ છું, અને જ્યોતિઓનો સૂર્ય છું.'' – એટલે આદિત્યોની વિભૂતિ = પરાકાષ્ઠા = પ્રાપ્ત કરવા જેવો આદર્શ તે વિષ્ણુ; જ્યોતિઓની સૂર્ય વગેરે. ''આદિત્યોમાં હું વિષ્ણુ છું''એમ કરવામાં એવો અર્થ સંભવે છે કે, વિષ્ણુ સિવાય બીજા આદિત્યો હું નહીં, સૂર્ય સિવાય બીજા આદિત્યો હું નહીં. દરેક વર્ગનું સર્વશ્રેષ્ઠ રૂપ, જ્યાં સુધી એ વર્ગની દરેક વ્યક્તિ પહોંચવા ઈચ્છે, તે વિભૂતિ. એ દિશામાં ઈશ્વરની એ શક્તિની પરાકાષ્ઠા થયેલી ચિંતવી શકાય. એ રીતે જ ''સ્થાવરોનો હિમાલય'', ''મગર સર્વ મચ્છોનો'' ઈત્યાદિ સમજવાં સરળ પડે.

૨૯ (૨) વરુણ – એક મોટું જળચર પ્રાણી. યાદસો – જળ-જંતુઓ (૪) સંયમકાર – બીજાનો નિગ્રહ કરવાવાળા; જેમકે, પોલીસ, જેલર, ગાડીવાન, યમદૂત વગેરે.

૩૦ (૨) ઘડિયાળ – કોઈ પણ કાળમાપક યંત્ર.

અધ્યાય ૧૧મો

૨૨ (૨) કુમારો – અશ્વિનીકુમારો.

૩૨ (૩)તું ન મારે તોયે.

૩૭ (૪) તમે સત્ છો, અસત્ છો, અને એનાથીયે પર છો.

૩૯ (૧) વા – વાયુ. વરુણાગ્નિ = વરુણ ને અગ્નિ.

૪૦ (૩) વીર્ય – ઓજ.

૪૬ (૧) કરે – હાથોમાં.

૪૭ (૩) વિશ્વ – મહાન, વિરાટ.

અધ્યાય ૧૨મો

૧૦ (૩) મારે માટે કર્મ કરવાં, એને જ પરમ ધ્યેય સમજવાવાળો થા.

૧૨ છઠ્ઠા અધ્યાયમાં કહ્યો છે, તેવા અભ્યાસયોગ કરતાં જ્ઞાન ઊંચું છે; એના કરતાં ધ્યાન (શ્લો. ૬થી ૮માં કહેલી ભક્તિ) ચડે. કારણ કે એ ધ્યાનથી જ ફળનો ત્યાગ

સિદ્ધ થાય છે; અને ત્યાગથી જ સત્વર શાંતિ મળે છે.

૧૬ (૩) કર્મારંભ – (આસક્તિપૂર્વક થતાં) કર્મોનો આટાટોપ.

### અધ્યાય ૧૫મો

૨ (૧) ડાળોનાં પસારો.

૩ (૪) દૃઢમૂળ = ળવાળો.

૫ (૨) શાંતકામ – જેની વાસનાઓ શમી ગઈ છે.

૧૫ (૨) વિવેક – મૂળમાં 'અપોહન' છે કેટલાક એના અર્થ વિસ્મરણ પણ કરે છે.

### અધ્યાય ૧૬મો

૧ (૨) જ્ઞાન અને (કર્મ)યોગમાં વ્યવસ્થિતતા.

૧૫ (૩)યક્ષ્યે – યજ્ઞો કરીશ.

### અધ્યાય ૧૭મો

૧૦ (૩) નિષિદ્ધ – અભક્ષ્ય; જેને ધર્મકાર્યમાં ન વાપરી શકાય તેવો; જેમ કે કૂતરા, કાગડા વગેરેએ અભડાવેલાં, ગંદી જગ્યામાં પડેલાં, ધોઈને સ્વચ્છ કર્યા વિનાનાં ઈ૦

૧૧ (૨) યજ્ઞ કરવો એ ધર્મ છે એટલા જ માટે.

૨૦ (૨) ઉપર મુજબ જ દાન વિશે.

## અધ્યાય ૧૮મો

૭ (૧) નીમેલાં – ઇન્દ્રિયોના નિયમનપૂર્વક કરેલાં, કર્તવ્યરૂપ – જુઓ નીચે ૯ તથા ૩–૮.

૮ (૧) કર્મ કરવામાં શરીર વગેરેને કષ્ટ પડવાનું છે એ જ વિચારથી ત્યજે.

૧૪ (૧) અધિષ્ઠાન – આધાર, પાયો, જેના પર કામ કરવાનું છે; જેમ કે ખેતીમાં ખેતર, ચિત્રકામમાં કાગળ, કપડું, ભીંત વગેરે, એવા કાર્યમાં જેમની સેવા કરવી છે તે મનુષ્યો.

૨૨ (૧) કાર્ય – પરિણામ; એક વસ્તુ કે સાધન તે જ જાણે બધું હોય એમ.

૪૨–૪૪ કર્મ શબ્દ એકવચનમાં વાપર્યો છે, એ જાણી જોઈને છે. કર્મ = ધર્મ, પણ કર્મ નાન્યતર જાતિનો શબ્દ છે; ધર્મ નર જાતિનો એટલો જ ફેર.

૪૯ (૩) કર્મો બજાવતાં છતાં એનું બંધન વળગે નહીં એવી સ્થિતિ.

૫૪ પ્રસન્નાત્મા – પ્રસન્ન ચિત્તવાળો.

૫૮ (૧) મચ્ચિત્તે – મારામાં ચિત્ત રાખ્યાથી.

૭૧ (૪) લોકો – સ્વર્ગ વગેરે જેવા.

# ૨

# કેટલીક સામાન્ય સૂચનાઓ

૧. ગીતામાં ઘણી વાર નીચેના શબ્દો એકથી વધારે અર્થમાં વપરાયા છે, તે પ્રસંગ પ્રમાણે સમજવા જોઈએ :

આત્મા – પરમાત્મા, આત્મા (જીવ), બુદ્ધિ, ચિત્ત, મન વગેરે.

સત્ત્વ – શુદ્ધ ચિત્ત, કોઈ પણ ચૈતન્યવાળું રૂપ – કીડાથી માંડી દેવો સુધી અને ભૂતપ્રેતો પણ – બુદ્ધિ, સત્ત્વગુણ.

ભૂત – પંચ મહાભૂતો, જીવમાત્ર, ભૂતયોનિ, ભૂતકાળ.

યોગ – અનાસક્તિ, સમતા, કોઈ પણ વ્યવસ્થિત પદ્ધતિ; જેમ કે, કર્મયોગ, જ્ઞાનયોગ, સમતાનો યોગ, ભક્તિયોગ ઈ૰.

૨.કેટલાક શબ્દો એક જ અથવા લગભગ એક જ અર્થમાં આવે છે : જેમ કે,

અક્ષય – અવિનાશી – અવ્યય.

અચળ – નિશ્ચળ – ધ્રુવ – અસ્થિર.

અજ – અજન્મા – અનાદિ.

અનંત - નિત્ય - શાશ્વત - સદા - સનાતન.

અસક્ત - અનાસક્ત - ફળત્યાગી - અસંગ - નિઃસંગ.

આત્મા - મન - બુદ્ધિ - ચિત્ત - સત્ત્વ.

આત્મા - જીવ - દેહી - પુરુષ - શરીર.

આત્મા - પરમાત્મા -પરાત્મા - જ્ઞેય -વેદ્ય - પુરુષ - પુરુષોત્તમ.

આસક્તિ - પ્રીતિ - સંગ - સ્નેહ.

કામ - રાગ.

ક્રોધ - વેર - દ્વેષ.

ગતિ - પદ - સ્થાન - ધામ.

બુદ્ધિ - પ્રજ્ઞા - ધી - નિષ્ઠા - સત્ત્વ.

ધૃતિ - ધૈર્ય.

મોક્ષ - મુક્તિ - નિર્વાણ - બ્રહ્મનિર્વાણ - પરંપદ - પરંગતિ - પરંપ્રાપ્તિ - પરંધામ.

યોગ - યુક્ત - યોગયુક્ત - બુદ્ધિયુક્ત - બુદ્ધિયોગ - યોગી - બુદ્ધિયોગી - સમતા - સમત્વ.

૩. નીચેનાં નામો એક જ વ્યક્તિનાં છે :

અભિમન્યુ - સૌભદ્ર.

અર્જુન – કપિધ્વજ – ગુડાકેશ – ધનંજય – પાંડવ – પાર્થ – કૌન્તેય – ભારત.

આચાર્ય – દ્રોણ.

કૃષ્ણ – ગોવિંદ – મધુસૂદન – માધવ –હૃષીકેશ.

દ્રૌપદ – ધૃષ્ટદ્યુમ્ન.

યુયુધાન – સાત્યકિ.

## ૩

# કઠણ શબ્દોના અર્થો

અક્ષય : ન ઘસાનાર.

અક્ષેમ : જોખમ કે મુશ્કેલીવાળા.

અજ – ન્મા : જન્મ વિનાનો.

અતીન્દ્રિય : ઈન્દ્રિયોથી પર.

અધિકારી : સત્તા ચલાવી શકનારો.

અધ્યાત્મબુદ્ધિ : મનનો પોતે સ્વામી છે એવો નિશ્ચય.

અનાધાર : આધાર વિનાનું.

અનિર્દેશ્ય : 'આ' એમ દેખાડી ન શકાય તેવું.

અનુજ્ઞાતા અનુમોદન – મૌનપણે પરવાનગી આપનાર.

અનેકધા : ઘણી રીતે.

અપરાજિત : ન જિતાયેલો.

અપૈશુન : નિષ્કપટતા, સરળતા, અચાડિયાપણું.

અપ્રમેય : તર્કશાસ્ત્રનાં પ્રમાણોથી ન સમજાવી શકાય તેવા.

અમૂઢ : જ્ઞાની, મોહ ટળેલા.

અર્થાર્થી : કાંઈક વસ્તુની ઇચ્છા રાખવાવાળા.

અવજાણે : ઓછું જાણે; એની પરથી અવજ્ઞા કરે એ પણ અર્થ થાય છે.

અવધ્ય : મારવો અશક્ય.

અવશે : ઇચ્છે કે ન ઇચ્છે તોયે.

અવ્યક્ત : અપ્રગટ; જેના અસ્તિત્વનું કોઈ ચિહ્ન માલૂમ ન પડે તેવો; પ્રકૃતિ કે પુરુષ.

અવ્યભિચારિણી : ન ડગનારી, બીજે ન ચોંટનારી, પતિવ્રતા જેવી.

અવ્યય : ઓછો ન થનારો.

અશ્વત્થ : (૧) કાલ સુધી તે જ રૂપમાં ન ટકનાર; (૨) વડ કે પીપળો.

અસક્ત : અનાસક્ત.

અંત્યધામ : છેવટનું પદ.

આત્મવશી : મનને વશ રાખનાર.

આત્મશુદ્ધિ : ચિત્તશુદ્ધિ.

આત્મશ્લાઘી : પોતાનાં વખાણ કરનાર.

આર્જવ : સરળતા.

આશ્ચર્ય-શું : ૦થી.

ઇન્દ્રિયારામ : ઇન્દ્રિયોના ભોગોમાં લપટાયેલા.

ઉપમા : સરખામણી.

કટુ : કડવા.

કામ : ઇચ્છા, વાસના, કોઈ પણ ઇચ્છેલી વસ્તુ.

કામકામી : ઇચ્છાઓ સેવવાવાળો.

કિરીટ : મુગટ.
કુંતિભોજ : કુળનું નામ.
કુળઘાતક : કુળનો નાશ કરનાર.
ક્રતુ : એક જાતનો યજ્ઞ.
ક્રમે : એક પછી એક.
ક્ષીણપાપ : જેનાં પાપ નાશ પામ્યાં છે તેવો.
ક્ષેમ : કુશળ, સુખેથી થઈ શકે તેવાં.
ખગેશ્વર : ગરુડ.
ઘોષ : અવાજ.
ચોંટવું : આસક્ત થવું.
જિજ્ઞાસુ : જ્ઞાનની ઈચ્છાવાળો.
જિતાત્મા : મનને જીત્યું છે તેવા.
જીર્ણ : ઘસાઈ ગયેલું.
જ્ઞેય : જાણવાની વસ્તુ, પરમાત્મા.
જ્યોતિ : સૂર્યચંદ્ર વગેરે નક્ષત્રો.
તુષ્ટિ : સંતોષ, તૃપ્તિ.
ત્વદ્ભાવ : તારો ભાવ, તું-મયપણું.
દર્પ : ગર્વની તોછડાઈ.
દીપ : દીવો.
દીપવું : આંજી નાખે એટલું ચમકવું.
દીપાવન : પ્રકાશનારા.

દીપ્ત : ચમકતા.

દુસ્તર : તરવી કઠણ.

દુઃખહા : દુઃખનો નાશ કરનાર.

દેવતા : દેવ.

દોષ : પાપ

દ્વેષ્ય : દ્વેષ કરવા જેવા.

ધર્મ્ય : ધર્મયુક્ત.

ધાતા : સર્જનાર.

નાના : તરેહ તરેહના.

નિગ્રહ : દમન, ઇન્દ્રિયો કે મનનો કાબૂ.

નિરાલંબ :
નિરાશ્રયી : } કોઈને આશરે ન રહેનાર.

નિરોધેલું : રોકેલું, સ્થિર કરેલું.

નિર્દોષ : નિષ્પાપ, ૨-૫૧માં મોક્ષ.

નિર્દ્વન્દ્વ : સુખદુઃખ, હર્ષશોક વગેરે દ્વંદ્વો-સામસામા અનુભવો-માં લેપાઈ ન જનારો.

નિર્યજ્ઞ : યજ્ઞ ન કરનારો (સંન્યાસી ગણાતો).

ગી.-૮

નિર્વેદ : વૈરાગ્ય, તૃપ્તિ, શાંતિ.

નિષ્ક્રિય : કર્મ ન કરનારો (સંન્યાસી ગણાતો).

નિષ્ઠા : નિશ્ચય, દૃઢ શ્રદ્ધા, ૫-૧૨ માં આત્મનિષ્ઠા.

નિ:સંગ : અનાસક્ત.

નીમવું : નીમેલું : નિયમમાં રાખવું - રાખેલું.

પદ્મપાન : કમળનું પાન.

પરો : સૂક્ષ્મ, ઊંચો.

પરં : પરમ, સૌથી ઊંચું.

પરંતપ : શત્રુને તપાવનાર.

પુણ્ય : પવિત્ર.

પુરાણ : બહુ પ્રાચીન, જૂનો.

પુષ્કર : સરોવર, તળાવ.

પોતા : દીકરાના દીકરા, પૌત્ર.

પ્રતીકાર : સામનો, વિરોધ.

પ્રદીપ્ત : ચમકતા.

પ્રમાણવું : માન્ય રાખવું.

પ્રમાણાતીત : પ્રમાણોથી પર.

પ્રોતા : પરોવતા.

બળે : જબરીથી, પરાણે.

બુદ્ધિગ્રાહ્ય : બુદ્ધિમાં જ સમજાતું.

બુધ : શાણા.

બૃહત્સામ : સામવેદનું સૌથી મોટું ગાન.

બ્રહ્મજ્ઞ : બ્રહ્મજ્ઞાની.

ભીમકર્મા : મોટાં-ભયંકર-કર્મો કરવાવાળો.

મચ્ચિત્ત : મારામાં ચિત્ત રાખનારો.

મત્ : મ'ને, મારું, મારે માટે.

મત્કર્મ : મારે માટે કર્મ કરનાર.

મત્પર, મત્પરાયણ : મ'ને જ સર્વસ્વ કરનાર.

મદ્ભક્ત : મારો ભક્ત.

મર્ત્ય : મૃત્યુલોક, મરણાધીન, પ્રાણી.

મહાધન્વા : મોટા ધનુષવાળો.

મહાભુજા : મોટા હાથવાળો.

મહેશ્વર : મહત્તત્ત્વ(ચિત્ત)નો સ્વામી.

યજ્ઞવેત્તા : યજ્ઞને જાણનારો.

યતિ : પ્રયત્નશીલ, સાધક.

યશાયશ : યશ—અપયશ, હારજીત.

યુક્ત : જોડાયેલો, યોગી.

યુક્તાત્મા : સમત્વ – બુદ્ધિવાળો.

યોગક્ષેમ : પારમાર્થિક સુખનાં સર્વે સ્થૂળ તેમ જ સૂક્ષ્મ સાધનો.

યોજવું : જોડવું, લગાડવું.

રક્ત : અનુરાગી, પ્રેમી, આસક્ત.

રાગ : પ્રેમ, કામ, આસક્તિ.

રોચક : ભાવે - ગમે તેવું.

લોકસંગ્રહ : જનકલ્યાણ, જગતનું હિત.

વશેન્દ્રિય : જેણે ઇન્દ્રિયોને વશ કરી છે.

વાદ : સિદ્ધાંત, પ્રતિજ્ઞા.

વિશુદ્ધાત્મા : શુદ્ધચિત્ત થયેલો.

વિશ્વમુખી : સર્વ બાજુએ મુખવાળા.

વિસર્ગ : સૃષ્ટિનાં ઉત્પત્તિ–સ્થિતિ–લયની ક્રિયા.

વીત : ટળેલા.

વૃકોદર : વરુ જેવો ખાવાવાળો–ભીમ.

વેદ્ય : જાણવાનો વિષય, જ્ઞેય (પરમાત્મા).

વ્યક્ત : પ્રગટ, જીવો તથા પ્રકૃતિના મહદ્બુદ્ધિ વગેરે વિકારો.

વ્યક્તિ : પ્રગટ સૃષ્ટિ, જુદા જુદા જીવો.

વ્યવસાય : પ્રપંચ, જંજાળ.

વ્રતસ્થ : બ્રહ્મચારી.

શાશ્વત : સદા રહેતો, સનાતન.

શીઘ્ર : જલદી.

શુચિ : પવિત્ર.

શોધવું : સુધારવું, સંશોધન કરવું.

શૌચ : સ્વચ્છતા, પવિત્રતા.

સત્ત્વ : (૨–૪૫, ૧૬–૧) શુદ્ધ બુદ્ધિ અને ભાવના; (૧૮–૪૦) કોઈ પણ ચૈતન્ય સૃષ્ટિ–ભૂતપ્રેતથી માંડી દેવો સુધી, બીજી જગ્યાએ સત્ત્વગુણ.

સદસદ્ : સત્ તેમ જ અસત્.

સમાધિ : સ્થિર નિશ્ચય, નિષ્ઠા, એકાગ્રતા.

સમૃદ્ધ : જાહોજલાલીવાળું.

સર્વગામી : બધે સંચરતો.

સર્વથા : સદા, નક્કી અને પૂરેપૂરો.

સંકર : ભેળસેળ, ૦કારક, કરનાર.

સંગ : આસક્તિ.

સિંહનાદ : સિંહના જેવી ગર્જના.

સીધે : સિદ્ધ-સફળ-થાય.

સુકર : કરવામાં સહેલું.

સુહૃદ : પ્રિયજન.

સેનાની : સેનાપતિ.

સૌમ્ય : નરમ

સ્કંદ : કાર્ત્તિકસ્વામી, દેવોનો સેનાપતિ.

સ્તવનીય : સ્તુતિ કરવા યોગ્ય.

સ્થિર : એકસરખો રહેતો.

સ્નિગ્ધ :ચીકાશવાળો.

સ્વસ્થ : પોતાના સ્વરૂપમાં રહેલો.

સ્વાસ્થ્ય : આરોગ્ય.

સ્વધા : યજ્ઞનો એક વિધિ.

હેતુ : પ્રયોજન, ઉદ્દેશ.

સદસદ્ : સત્ તેમ જ અસત્.
સમાધિ : સ્થિર નિશ્ચય, નિષ્ઠા, એકાગ્રતા.
સમૃદ્ધ : જાહોજલાલીવાળું.
સર્વગામી : બધે સંચરતો.
સર્વથા : સદા, નક્કી અને પૂરેપૂરો.
સંકર : ભેળસેળ, ૦કારક, કરનાર.
સંગ : આસક્તિ.
સિંહનાદ : સિંહના જેવી ગર્જના.
સીધે : સિદ્ધ-સફળ-થાય.
સુકર : કરવામાં સહેલું.
સુહૃદ : પ્રિયજન.
સેનાની : સેનાપતિ.
સૌમ્ય : નરમ
સ્કંદ : કાર્ત્તિકસ્વામી, દેવોનો સેનાપતિ.
સ્તવનીય : સ્તુતિ કરવા યોગ્ય.
સ્થિર : એકસરખો રહેતો.
સ્નિગ્ધ : ચીકાશવાળો.
સ્વસ્થ : પોતાના સ્વરૂપમાં રહેલો.
સ્વાસ્થ્ય : આરોગ્ય.
સ્વધા : યજ્ઞનો એક વિધિ.
હેતુ : પ્રયોજન, ઉદ્દેશ.

# ગાંધીજીનાં કેટલાંક પુસ્તકો

| | |
|---|---|
| અનાસક્તિયોગ | ૮-૦૦ |
| આપણે સૌ એક પિતાનાં સંતાન | ૨૫-૦૦ |
| સત્યના પ્રયોગો અથવા આત્મકથા (કાચું પૂઠું) | ૨૦-૦૦ |
| સત્યના પ્રયોગો અથવા આત્મકથા (ડિલક્સ) | ૫૦-૦૦ |
| આરોગ્યની ચાવી | ૪-૦૦ |
| કેળવણીનો કોયડો | ૮૦-૦૦ |
| ખરી કેળવણી | ૫૦-૦૦ |
| ગ્રામસ્વરાજ | ૩૫-૦૦ |
| ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા | ૧૦-૦૦ |
| ગાંધીજીનું જીવન એમના જ શબ્દોમાં | ૫-૦૦ |
| ગીતાબોધ | ૪-૦૦ |
| દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ | ૧૫-૦૦ |
| દારૂબંધી કોઈ પણ ભોગે | ૪-૦૦ |
| નિત્યમનન | ૩-૦૦ |
| નીતિનાશને માર્ગે | ૫-૦૦ |
| પાયાની કેળવણી | ૩૦-૦૦ |
| મારા સ્વપ્નનું ભારત | ૩૦-૦૦ |
| મંગળપ્રભાત | ૪-૦૦ |

| | |
|---|---|
| રચનાત્મક કાર્યક્રમ | ૩-૦૦ |
| રામનામ | ૫-૦૦ |
| સત્ય એ જ ઈશ્વર છે | ૧૦-૦૦ |
| સર્વોદય | ૬-૦૦ |
| સર્વોદયદર્શન | ૩૦-૦૦ |
| સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ | ૨૦-૦૦ |
| હિંદ સ્વરાજ | ૫-૦૦ |
| હિંદુ ધર્મનું હાર્દ | ૪૦-૦૦ |

| | |
|---|---|
| ગાંધીજીનો અક્ષરદેહ પુ. ૯થી ૪૬ (દરેકના) | ૧૬-૫૦ |
| ગાંધીજીનો અક્ષરદેહ પુ. ૪૭થી ૭૦ (દરેકના) | ૨૦-૦૦ |
| ગાંધીજીનો અક્ષરદેહ પુ. ૭૧થી ૮૧ (દરેકના) | ૩૦-૦૦ |

ગુજરાતી
૩૦૨૩૩૪
૨૩|૧૦|૨૦૨૧
મુંબઈ ૪૦૦


ગીતાધ્વનિ
કિ. ઘ. મશરૂવાળા
કિંમત ૧૦/-
ISBN 81-7229-119-1